THE FREE INDOLOGICAL COLLECTION

WWW.SANSKRITDOCUMENTS.ORG/TFIC

# FAIR USE DECLARATION

This book is sourced from another online repository and provided to you at this site under the TFIC collection. It is provided under commonly held Fair Use guidelines for individual educational or research use. We believe that the book is in the public domain and public dissemination was the intent of the original repository. We applaud and support their work wholeheartedly and only provide this version of this book at this site to make it available to even more readers. We believe that cataloging plays a big part in finding valuable books and try to facilitate that, through our TFIC group efforts. In some cases, the original sources are no longer online or are very hard to access, or marked up in or provided in Indian languages, rather than the more widely used English language. TFIC tries to address these needs too. Our intent is to aid all these repositories and digitization projects and is in no way to undercut them. For more information about our mission and our fair use guidelines, please visit our website.

Note that we provide this book and others because, to the best of our knowledge, they are in the public domain, in our jurisdiction. However, before downloading and using it, you must verify that it is legal for you, in your jurisdiction, to access and use this copy of the book. Please do not download this book in error. We may not be held responsible for any copyright or other legal violations. Placing this notice in the front of every book, serves to both alert you, and to relieve us of any responsibility.

**If you are the intellectual property owner of this or any other book in our collection, please email us, if you have any objections to how we present or provide this book here, or to our providing this book at all. We shall work with you immediately.**

**-The TFIC Team.**

૨૫૪૭

# VAISHNAVA GURU DHARMA KARMA.

# વૈષ્ણવ-ગુરૂ-ધર્મ-કર્મ.

શ્રીમદ્દેવકીનંદનાચાર્યજીનો ધર્મબોધ-
તેમના "સંસ્કારાદિ ધર્મ"ના વ્યાખ્યાનઉપર
પડિત શ્રીગટ્ટુલાલજીનું વિવેચન-
પડિતશ્રીના શતાવધાનના પ્રકારો ઇ૦ ઇ૦
બાબતોનું દર્શન.

**एकं शास्त्रं देवकीपुत्रगीतम् ।**
**एको देवो देवकीपुत्र एव ॥**
**मंत्रोप्येकस्तस्य नामानि यानि ।**
**कर्माप्येकं तस्य देवस्य सेवा ॥ १ ॥**

( ભાવાર્થ સમજવો હોય તો જુવો સમાપ્તિ પૃષ્ટ ૯૪.)

પ્રગટ કરનાર
"સુખસાધક" નો કર્તા.

મુંબઈ.
"સુબોધપ્રકાશ" છાપખાનામાં છાપ્યુ.

સવત્ ૧૯૪૨. સને ૧૮૮૬.

કિંમત ૬ આના.

# પુસ્તક પ્રસારક મંડળી.

ધર્મ, નીતિ અને વિદ્યાની વૃદ્ધિ થાય એવાં દેશોન્નતિના પુસ્તકોનો પ્રસાર કરવા માટે આ મંડળી સ્થપાઇ છે. તેનો મુખ્ય ઉદ્દેશ આ પ્રમાણે છે:—

(૧) પસંદ પડતા ગ્રંથોના હક વેચાતા લઇ તે પ્રગટ કરશે.

(૨) સારાં સારાં પુસ્તકો વેચવાં માટે રાખશે. બહારગામમાં નિકળતાં ચોપાનિયાં, વર્તમાનપત્રો વ૦ ની, તેના લવાજમ તથા ગ્રાહકના પ્રમાણમાં હકસાઇ લઇ આડતનું કામ કરશે.

(૩) દેશાવરના ગ્રાહકો તથા બુકસેલરોને ભાવતાલની ચોકસી કરી છુટક અથવા સામટાં પુસ્તકો મુંબઇમાંથી ખરીદી કે પોતાના બહારગામના આડતીઆ મારફત બારોબાર આ મંડળી મોકલી આપશે. તેપર મળતો વટાવ પુરેપુરો ધણીને મજરે આપી સર્વ જાતની ખરાજાત જતાં દર રૂપીએ ચોખ્ખી ૧ આનો હકસાઇ લેશે. ચોપડીઓ મંગાવનારને તેની કિંમત તથા ખરચનાં નાણાં આગળથી મોકલવાં પડશે. પતીજ પહોંચ્યા "વેલ્યુ પેએબલ પાર્સલ" કરી મોકલશે.

આ સિવાય નવાં પુસ્તકો, સરકાર જોગની અરજી
(Petitions) વગેરે કાંઇ પણ છપાવવા, પ્રુફો તપાસવાં, ઈ
પ્રેસને લગતું સર્વ કામકાજ યોગ્ય કમિશન લઇને આ મ
કરશે. ચોપડીઓની ખરીદી વગેરે કામમાં ઘણા માહિતગાર
બહારગામની આડતના કામમાં લાંબા વખતના અનુભવી
હસ્થ આ મંડળીમાં સામેલ છે; કેટલાએક છાપખાનાં
રો સંબંધ છે; પુસ્તકો રચવાં છાપવાં વગેરેનો જાતી
હોવાના કારણથી છાપખાનાનું સર્વ કામ કરવાની આ
ખાસ સગવડ છે.

વ્યવહાર પોસ્ટપેડ નીચેને સરનામે કરવો.

સારક મંડળીની ઓફીસ } **રામદાસ કાશીદાસ મોદ**
૦૧ જાનેવારી ૧૮૮૬. } સેક્રેટરી

૨૫૪૭

# VAISHNAVA GURU DHARMA KARMA.

# વૈષ્ણવ-ગુરૂ-ધર્મ-કર્મ.

અર્થાત્

## ગોસ્વામિ શ્રીદેવકીનંદનાચાર્યજી

મહારાજની મુંબઈની પધરામણીના પ્રસંગમાં
તેમણે કરેલો ધર્મોપદેશ તથા તત્સંબંધી
જાણવાજોગ બનાવોની નોંધ
અને તે ઉપરથી ઉપજતા વિચાર.

एकं शास्त्रं देवकीपुत्रगीतम् ।
एको देवो देवकीपुत्र एव ॥
मंत्रोप्प्येकस्तस्य नामानि यानि ।
कर्माप्प्येकं तस्य देवस्य सेवा ॥ १ ॥

પ્રગટ કરનાર
"સુખસાધક" નો કર્તા.

મુંબઈ:
"સુબોધપ્રકાશ" છાપખાનામાં છાપ્યું.

સંવત્ ૧૯૪૨. સને ૧૮૮૫.

કિંમત ૬ આના.

આ પુસ્તક સંબંધી સર્વ પ્રકારના હક્ક
પ્રગટકર્તાએ સ્વાધીન રાખ્યા છે.

૨૫૪૦૭

# પ્રસ્તાવના.

**વૈષ્ણવો-શ્રીમદ્ વલ્લભાચાર્ય સંપ્રદાયના-ગુરૂઓ-** મહારાજો, તેમના **ધર્મ**-ફરજો, તથા **કર્મ**-આચરણો, નીતિ રીતિ, રહેણી કરણી-વિષે કોઈ સવાલ ઉઠાવશે કે હજુ શું થોડું બોલાયું છે? કે **વૈષ્ણવ-ગુરૂ-ધર્મ-કર્મ**નું વળી આ એક નવું ડીંડવાણું ઉભું કર્યું છે! ના, એમ તો કહેવાયજ કેમ? જુદે જુદે પ્રસંગે અને જુદા જુદા લોકો-એજ સંપ્રદાયના સેવકો જેઓ **સુ**ધારાવાળાને વાયડે નામે હજુસુધી ઓળખાય છે તેવાઓ-તથા પરધર્મીઓ-પારસી ઈત્યાદિ-અરે! અંગ્રેજો-**સર બાર્ટલ ફ્રીઅર** મુંબઇના એક ગવર્નર સાહેબ સુદ્ધાંએ-મહારાજો, વૈષ્ણવો તથા તેમના સંપ્રદાયના સંબંધમાં ઘણુંએ લખ્યું કથ્યું છે. ત્યારે આ પુસ્તક પ્રગટ કરવાનો હેતુ પણ શું **વૈષ્ણવોના સંપ્રદાયને** નિંદવાનો છે? **ના, આ સંપ્રદાયને** નિંદાતો જોવાને આ પુસ્તકનો પ્રગટકર્ત્તા બીલકુલ રાજી નથી; કેમકે, આ બોલોનો લખનાર પોતે પણ એજ સંપ્રદાયનો અનુયાયી છે. અને આ નીચેનું ભગવદ્વાક્ય તેને સર્વાંગ માન્ય છે.

श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥

(શ્રીમદ્ ભગવદ્ ગીતા અધ્યાય ૩ શ્લોક ૩૫.)

પોતાનો ધર્મ દેખીતો ગુણ વગરનો હોય તોપણ, સારા ઠીકઠાક દેખાતા પારકા ધર્મ કરતાં તે ભલો. પોતાના ધર્મમાં મરવું ઘણું સારૂં (કારણ કે મરણની કારી વેળાએ) પારકા ધર્મમાં ગયેલા માણસને લાગતા ભય અને ધાસ્કાનો પાર નથી હોતો.

વળી પંડિતવર્ય ગટ્ટૂલાલજી જેવા સમર્થ **આર્યધર્મ**ના જ્ઞાતા તરફથી "**આર્યસુધર્મોદય સભા**" ને અંગે એક કરતાં વધારેવાર એટલું તો વિદિત થઈ ચુક્યું છે કે, **પૃથ્વી ઉપરના સર્વ ધર્મોમાં આર્યધર્મ પ્રાચીન છે; તેમાં વૈષ્ણવ અને શૈવ એ બે મુખ્ય ભેદો પણ અનાદિ છે; આ બે મોટા વિભાગોના પેટામાં અનેક સંપ્રદાયો આવી જાય છે; અને શ્રીમદ્ વલ્લભાચાર્ય સંપ્રદાય પણ વેદપ્રણીત શુદ્ધાદ્વૈત સિદ્ધાંતવાળો છે.**

હવે વર્તમાનકાળમાં અનેક વૈષ્ણવ સંપ્રદાયોમાં બળવત્તર એવો **શ્રીમદ્ વલ્લભાચાર્ય સંપ્રદાય છે.** એ વાતને પુરાવાની પણ થોડીજ જરૂર છે. આજ આ સંપ્રદાયના ૨૦૦૦૦૦૦ કરતાં વધારે સેવકો કહેવામાં આવે છે. આ સંપ્રદાયના મૂળ પુરૂષ **શ્રીમદ્ વલ્લભાચાર્ય**જીને થઈ ગયે આસરે ૪૦૦ વર્ષ થયાં છે. આ મહાત્માની મહાન્ શક્તિથી, તેમણે ઠેકઠેકાણે કરેલા દિગ્વિજયો, અને તેમના પછી થોડી પેઢી સુધી આ સંપ્રદાયની જોઇએ તેવી વ્યવસ્થા રહેવાના કારણથી આ સંપ્રદાયની ઉત્તરોત્તર વૃદ્ધિ થઇ અને તેની સાબિતી આપણી આંખો આગળ છે. **મહારાજ લાયબલ કેસ** પછી આ સંપ્રદાયના ગુરૂઓ-**ગોસાંઇના બાલક**ને કોડાલે નામે પોતાને ઓળખાવનાર મહારાજો-ના વ્યભિચારાદિ નિંદ્યકર્મો જાહેરમાં આવ્યાં, લોકોમાં મોટો પોકાર વર્ત્તી રહ્યો, દરબાર દેવડીએ વાત ચઢી અને આ ઉત્તમ **શુદ્ધાદ્વૈત** સંપ્રદાય વ્યભિચારાદિ દોષોનો સહાયભૂત મનાયો; તેમ છતાં, ગોસાંઇના બાલકો (!) ની જાંહોજલાલી-ખુદ તેમના શત્રુઓની ઈર્ષાને ઉદ્વેગ કરે એવી- અદ્યાપિ જોવામાં આવે છે. આ શું એટલું સ્પષ્ટપણે નથી બતાવી આપતું કે, આ **વલ્લભ સંપ્રદાય**નો પાયો ઘણો મજબુત હોવો જોઇએ-ડગાવ્યો ડગે તેવો નહીં? અગરજો અત્યં-

ત વૈભવ-એશઆરામ-મોજશોખ-લંપટપણા-નાં કારણથી આ સંપ્રદાયના કેટલાએક ગુરૂઓ-મહારાજો એ વિપરીત કર્યું ન હોત તો-આ શુદ્ધાદ્વૈત સંપ્રદાયની છે તે કરતાં પણ વધારે-ઘણીજ વધારે ચઢતી થઇ હોત. આ વાતના પુરાવાને માટે હાલનો એક નમુના દાખલોજ બસ છે. આ-જથી માત્ર ૭ મહિના ઉપર એજ સંપ્રદાયના એક મહારાજ કામવનવાળા **શ્રીમદ્ દેવકીનંદનાચાર્યજી** અત્રે (શ્રી મુંબઇ મુકામે) પધાર્યા હતા. તેમણે પોતાના ૩ માસના નિવાસથી મુંબ-ઈમાં મોટો ઘોંઘાટ મચાવી મુક્યો હતો. આ મહારાજશ્રી યુવાવસ્થામાં છતાં, લંપટપણાદિ અધર્મોના દોષોનો પો-કાર જે બીજા મહારાજોને માટે ચાલુ છે તેથી મુક્ત હોવાના કારણથી. પ્રથમ તેમણે શુદ્ધ વિચારના વૈષ્ણવોનું દિલ પોતા-તરફ આકર્ષ્યું અને જેમ જેમ ખબર પડતી ગઇ કે મહારાજ શ્રી સ્ત્રીઓને ચરણસ્પર્શ આદિ કરાવવાના ભોગી નથી; સંપ્રદા-યની અસલ ઉત્તમ નીતિ રીતિને વિષે ઘણો આગ્રહ રાખે છે; છેલ છબીલા બની નાટક ચેટકમાં જવાના શોખને ધિક્કારે છે; કે તુ-રત આ સંપ્રદાયને વગોવનારા ન્યુસપેપરવાળાઓએ તેમની નોંધો લેવા માંડી. કંઇ અનુકૂલ કંઇ પ્રતિકૂલ બોલાયું. ચરણ સ્પર્શ, નેનબાજી આદિનો લાભ ન મળવાથી તેવી ભાવકડી વૈષ્ણ-વડીઓને તેઓ ભાવ્યા હોય વા ન ભાવ્યા હોય. પણ સુધારાવાળા—જેઓ ગેસાંઇના બાળકો (!) ના કટ્ટા શત્રુઓ, લંપટ મહા-રાજોનાં મંદિરોમાં જતાં પોતાને અભડાઇ જવા જેવું સમ-જનારા-તેવાઓ પણ આ મહારાજશ્રીની ભેટે જવા લાગ્યા, એટલુંજ નહીં પણ પોતાને ત્યાં તેમણે તેમની પધરામ-ણીઓ કરી. આ સર્વ બીના શું કહી આપે છે વારૂ? **એજ, એજ કે આ સંપ્રદાયની અસલ નીતિ રીતિ-ઓ હજુ પણ સાંગોપાંગ પળાય, તો આ સંપ્રદાયની છે તેના કરતાં પણ ઘણે દરજ્જે ચઢતી થવી અસંભવિત નથી.**

તો પછી તેની નિંદા કરવાની તો કોઇની મગદૂરજ શી હતી? અને એજ કારણથી મજકુર શ્રીમદ્ દેવકીનંદનાચાર્યજીના મુંબઈ પધારવાથી આ સંપ્રદાયના હકમાં આયંદે હિતરૂપ થઇ પડે એવા જે જે બનાવો બન્યા છે તેની ટૂંક નોંધ આ લઘુ પુસ્તકના આકારમાં આપવાની આ લખનારને ઉત્કંઠા થઇ, પરંતુ તે ખર લાવવામાં અવશ્ય સહાયભૂત થઈ પડેલા પુરૂષનું નામ આ સ્થળે નોંધવાને આ લખનાર પોતાની ફરજ સમજે છે. આ ગૃહસ્થ રા. વિઠ્ઠલદાસ રાજારામ દલાલ એમણે શ્રીમદ્ દેવકીનંદનાચાર્યજી મહારાજ અત્રે બીરાજતા હતા તેવામાં તેમની સાથે માત્ર વિશેષ સમાગમ રાખેલો એટલુંજ નહીં, પરંતુ, મહારાજશ્રીની પધરામણી—સભા—મેલાવડાઓમાં જે જે વ્યાખ્યાનો થયાં. ધર્મચર્ચાઓ ચાલી તે સર્વેની સવિસ્તર નોંધ જ્યાં જ્યાં એ ભાઇ ગએલા ત્યાંની રાખેલી અને તે નોંધને આધારે આ પુસ્તકની રચના મુખ્ય કરીને છે. વળી પ્રસંગોપાત શાસ્ત્રવચનો વગેરે આ પુસ્તકમાં સંસ્કૃત જે કંઇ છે તે શુદ્ધાશુદ્ધ તપાસવા કરવાનો શ્રમ મારા બીજા એક સંસ્કૃતના જ્ઞાતા મિત્ર રા. રા. રતીરામ દુર્ગારામ બી. એ. એમણે લીધો છે. એટલે આ પુસ્તકને સંબંધે તેમનો અનુગ્રહ પણ કંઇ ઓછો નથી. સબબ, વાંચનારાઓનું દિલ આ પુસ્તક તરફ ખેંચાય અને તેમને સારૂં જેવું કંઇ પણ લાગે તો તે વિષે મજકુર ગૃહસ્થોનો પાડ પણ અવસ્ય માનવો. એજ વિનાતિ. બાકી કોઈ ઓછા પાત્રો, જો આ પુસ્તક વાંચીને વગર સમજે કોપાયમાન થવાના હોય તો તેમણે બેલાશક આ પુસ્તકના પ્રગટ કરનાર શુદ્ધાદ્વૈત શ્રીમદ્ વલ્લભાચાર્ય સંપ્રદાયી—સાચા—નામના નહીં—એવા

| | |
|---|---|
| મુંબઈ સંવત્ ૧૯૪૨ ના<br>કાર્તક શુદિ ૧ શનેઉ,<br>તા૦ ૭ નવેંબર૧૮૮૫. | વૈષ્ણવોના આધીન—<br>સેવક રામદાસ કાશીદાસ મોદી—<br>ઉપર થવું. |

૨૫૪૭

# વૈષ્ણવ-ગુરૂ-ધર્મ-કર્મ.

## પ્રકરણ ૧.

अविश्वासो न कर्तव्यः सर्वथा बाधकस्तुसः ।
ब्रह्मास्त्रचातकौ भाव्यौ प्राप्तं सेवेत निर्ममः ॥

(શ્રીમદ્ વલ્લભાચાર્યજીકૃત
विवेकधैर्याश्रय श्लोक १९.)

ભગવાન્ ઉપર અવિશ્વાસ સર્વથા ન કરવો. અવિશ્વાસ એજ સર્વ પ્રકારે બાધ કરનારો છે. અને તે વિષે બ્રહ્માસ્ત્ર અને ચાતકનું દ્રષ્ટાંત યથાયોગ્ય છે. બ્રહ્માસ્ત્ર માટે રામાયણમાં વિસ્તારથી કથાપ્રસંગ છે. પરંતુ, ઉપરના શ્લોકને અંગે એટલુંજ કહેવું બસ છે કે, જયાંસુધી બ્રહ્માસ્ત્ર નામના મંત્ર ઉપર રાવણનો પૂર્ણ વિશ્વાસ હતો, ત્યાંસુધી હનુમાનજી જેવા અતિપ્રબલ યોધ્ધા, કેવલ બ્રહ્માસ્ત્ર મંત્રને યોગેકરીને બંધાઇ રહ્યા. તથાપિ રાવણના મનને વિષે રખેને એ નાસી જશે તો ? એવી શંકા ઉત્પન્ન થઈ અને હનુમાનજીને લોઢાની સાંકળે બાંધ્યા. અર્થાત્ બ્રહ્માસ્ત્ર મંત્ર ઉપરથી એની શ્રદ્ધા ઓછી થઈ અને સાંકળપર વધી. તેનું પરિણામ એજ થયું કે હનુમાનજી સાંકળ તોડી છુટી ગયા. તેજપ્રમાણે ચાતક અને મેઘનું દ્રષ્ટાંતછે. આખી વર્ષાઋતુમાં ગમે તેટલો વરસાદ વરસે વા મુળગો ન વરસે, પણ–

## ॥ दोहो ॥

जो जाहीको व्है रहे, सो तिहि पूरे आस;
स्वाति बिंदु बिन सघनमें, चातक मरतपियास.
( वृंद सतशई. )

સ્વાતિ નક્ષત્રના ચાર છાંટા પણ પડે ત્યારેજ આ પ્રાણી સંતોખાય. એમછે માટે એ નક્ષત્રમાં મેઘવૃષ્ટિ થાયજ થાય. માટે ઈશ્વરેચ્છાને પ્રબળ માની, તેને યોગે જે કંઈ પ્રાપ્ત થાય તેમાં અહંતા મમતા છોડી નિમગ્ન રહેવું, એજ ધર્મનું તાત્પર્ય છે.

મંગલાચરણમાં ઉપરનો શ્લોક મુકવાનું કારણ આ પ્રમાણે બન્યું:-

**વૈષ્ણવ–ગુરૂ–ધર્મ–કર્મ** નામ આપી, આ હાથમાં છે તે પુસ્તક પ્રગટ કરવાની એક જાહેરખબર આપતાં તો આપી; પણ, પછી મનને વિષે કંઈક સંકલ્પ વિકલ્પ થવા લાગ્યા કે, શ્રીમદ્ દેવકીનંદનાચાર્યજીના અત્રેના પ્રસંગમાં બનેલા બનાવોની લીધેલી નોંધમાંથી **વૈષ્ણવ–ગુરૂ–ધર્મ–કર્મ**– એ નામનું સાર્થક થાય એવું પુસ્તક બનશે વા નહીં બને? આપણે તે એવા કયા સમર્થ ધર્મધુરંધર મહાન્ વિદ્વાન છીએ કે વૈષ્ણવો અને વળી મહારાજોના પણ ધર્મ–કર્મ ઉપર એવું એક સ્વકૃત પુસ્તક બનાવી શકીએ? આના આ વિચારમાં એક બે દિવસ ગુંચવાયા પછી, મેળવેલી સઘળી નોંધ તથા મહારાજશ્રીના જુદા જુદા પ્રસંગો વિષે છાપા ચોપાનિયાંમાં જે જે આવ્યું હતું તે બધું એકઠું કરીને એકવાર વાંચી ગયો. વાંચતાં વાંચતાં એજ મહારાજશ્રીના પ્રસંગમાં પ્રશ્નોત્તર કરીને એક ચોપાનિયું છપાયું છે તેના મુખપૃષ્ટને છેવાડે—

**अविश्वासो न कर्तव्यः सर्वथा बाधकस्तुसः ।**
**ब्रह्मास्त्रचातकौ भाव्यौ प्राप्तं सेवेत निर्ममः ॥**

આ એકવાર ઉપર કહેલા શ્લોક ઉપર નજર પડી અને મનને વિષે આ પ્રકૃત પુસ્તકના સંબંધમાં જે સંકલ્પ વિકલ્પો થએલા. તે એનીમેળે વિસર્જન થઇ ગયા. અત્રે પ્રસંગ નિકળતાં કહેવાની જરૂર પડે છે, કે એ **પ્રશ્નોત્તર** ચોપાનિયું મજકુર મહારાજશ્રીના કારભારી ભોગીલાલજી કરીને છે તેમણે છપાવ્યું છે. મહારાજશ્રી **દેવકીનંદનાચાર્યજી**એ, કોઈની પણ તમા ન રાખતાં સ્વતંત્રપણે ભરી સભાઓમાં વ્યાખ્યાનો આપીને જે બોધ કરવા માંડયો, તેથી કેવળ મૂઢમતિ એવાઓના પેટમાં દુણવાટ થયો: તેમણે એ મહારાજશ્રીને "એક વૈષ્ણવ" ની સહીથી **હેંડબીલ** છપાવી કેટલાએક પ્રશ્નો પૂછેલા, એવી મતલબથી કે આમ કરવાથી પણ એ મહારાજ કંઇ શાહેમાં આવે છે!!! પણ તેમાંના એકે એક પ્રશ્નના વિસ્તારથી જવાબ, અત્રેની ચંદાવાડીવાળા વિશાળ મકાનમાં મહારાજશ્રીના ઉતારામાં એક મોટી સભા ભરી હજારો વૈષ્ણવોની ઠઠ વચ્ચે દેવામાં આવેલા, તે નમાલા પ્રશ્નો તથા તેના આપવામાં આવેલા ઉત્તરો મજકુર ચોપાનિયાના આકારમાં છપાવી બહાર પાડવામાં આવ્યા છે. તેના મુખપૃષ્ટભાગમાં આપેલું પ્રયોજન ઇત્યાદિ સિવાય, તેની અંદરના બીજા સમાવેશ સાથે આ લખનારને કંઈ નિસબત નથી.

આટલું જાણે મંગલાચરણસંબંધે કહેવાયું. હવે **વૈષ્ણવ-ગુરૂ-ધર્મ-કર્મ** એ મુદ્દાના વિષયપર આવીએ :-

શ્રીમદાચાર્યજી મહાપ્રભુજી આદિ આ સંપ્રદાયના પ્રૌઢપ્રતાપી ગુરૂઓ પોતપોતાના બનાવેલા ગ્રંથોથી પ્રતિપાદન કરી ગયા છે કે શાસ્ત્ર છે તેજ ઈશ્વરનાં વાકય છે. આ સંપ્રદાય શ્રુતિ સ્મૃતિને અવલંબીને છે. શ્રીકૃષ્ણ ભગવાનની પોતાની એવીજ આજ્ઞા છે.

**श्रुतिस्मृतीममैवाज्ञा यस्ते उल्लङ्घ्य वर्त्तते ।**
**आज्ञाछेदी ममद्वेषी न मद्भक्तोऽपि वैष्णवः ॥**

( स्कंद पुराण. )

શ્રુતિ સ્મૃતિ એ મારી આજ્ઞા છે. માટે તેનું ઉલ્લંઘન કરનારો ભલે વૈષ્ણવ સંજ્ઞાથી ઓળખાતો હોય તથાપિ મારી આજ્ઞાનું છેદન કરનારો !!! મારો દ્વેષી !!! તે નથી વૈષ્ણવ કે નથી મારો ભક્ત.

ત્યારે ખરો વૈષ્ણવ કોણ?

## पुष्पिताग्रा वृत्त.

**न चलति निजवर्णधर्मतोयः**
**सममतिरात्मसुहृद्द्विपक्षपक्षे ।**
**न हराति नच हन्ति किंचिदुच्चैः**
**स्थिरमनसं तमवेहि विष्णुभक्तम् ॥**

જે પોતાના વર્ણાશ્રમ ધર્મથી ચલતો નથી, શત્રુ મિત્રમાં સમાનપણું રાખે છે, કોઈનું કાંઈ હરતો નથી, કોઈને પણ હણતો નથી, અને સદાએ સદ્વાસનામાં મન રાખે છે તેનેજ વૈષ્ણવ જાણવો. અને આ તો ૨૫૯ આજ્ઞા છે:—

**स्त्रीणां पुंसां च भगवद्विमुख्याद्भक्ति बाधकात् ।**
**व्यभिचाराद् दुराचारो नान्यो लोकोद्वयापहात् ॥**

**સ્ત્રી વા પુરૂષને શ્રીહરિથી વિમુખ કરનારો, ભક્તિમાં બાધકારક, આ લોકમાં અપકીર્તિ અને પરલોકમાં અવગતિએ પહોંચાડનાર એવા વ્યભિચારથી બીજું કંઈ વધારે દુષ્ટ નથી.**

ત્યારે વૈષ્ણવ સંપ્રદાય કોઇ પણ પ્રકારે વ્યભિચારને અંગીકાર કરનારો છે એમ કહેનારનું મુખ બંધ કરવાને ઉપરનું એકજ વચન બસ નથી શું? આવાં પવિત્ર વચનો તો આપણા આર્ય ( જેનો અર્થ માન્ય કરીનેજ થાય છે તે ) ધર્મના, આ સંપ્રદાયને પૂજ્ય એવા ગ્રંથોમાં જગેજગ છે. પણ પ્રારંભમાંજ આમ લંબાણ કર્યું પાલવે તેમ નથી. આ લખનાર, તેમ કરવા જતાં પોતાના ધારેલા ઉદ્દેશની બહાર જવા માગતો નથી. શ્રીમદ્ **દેવકીનંદનાચાર્યજી**ના પ્રસંગમાં શ્રીમુંબઈમાં બનેલા બનાવોની નોંધ માત્ર લેવાનું તેનું કામ છે. માટે ચાલતી કલમને આડે જતી અટકાવવાની તેને ફરજ પડે છે. **વૈષ્ણવ-ગુરૂ-ધર્મ-કર્મ** ઉપર સ્વતંત્ર અને શાસ્ત્રીય નિબંધ લખવાનું કામ આ લખનારની અલ્પ શક્તિની છેલ્લી સીમાથી પણ છેટેનું છે વાસ્તે, આડા જતાં અટકીને, **વૈષ્ણવ-ગુરૂ-ધર્મ-કર્મ** એ નામનું મહત્વ સાચવવા માટે, હાલ તુરત બધું બાજુપર રાખીને, શ્રીમદ્ **દેવકીનંદનાચાર્યજી**ના પોતાના બોલો, કેવલ મોઢે બોલેલા નહીં, પણ સ્વતઃ સહી કરીને, મુંબઈથી સિધાવ્યા બાદ, શ્રી **વલસાડ** મુકામે પહોંતા પછી, **સમસ્ત વૈષ્ણવો** જોગ એ મહારાજશ્રીએ જે પત્ર લખી મોકલ્યો હતો,

અને જે પત્ર છપાઇ તેની સેંકડો નકલો મુફ્ત વેહેંચવામાં આ-વેલી, તેજ પત્ર અક્ષરસઃ આ ઠેકાણે ટાંકી લેવાને દુરસ્ત વિ-ચારીએ છીએ; તે એટલાજ માટે કે, બીજું કંઇ લખવાને ન બન્યું હોત તો આ પુસ્તકના નામનું સાર્થક કરવાને આ લેખ માત્ર બસ થાતઃ–

---

## "શ્રી ગોકુલેંદુર્વિજયતે.

વલસાડ. તા૦ ૧૮–૭–૮૫.

### સૂચનાપત્ર.

"**શ્રીમદ્ વલ્લભાચાર્ય** સંપ્રદાયના વૈષ્ણવોને સૂચના આપવામાં
"આવે છે કે, મને મુંબઈ રહ્યાને આસરે ૨ાાા મહિના થયા.
"તેમાં અમારા સંપ્રદાયના જનોની જે રીતભાતો તથા વર્તણુક
"મારા જોવામાં આવી તે વિષે, હાલ મારૂં જવું થયું છે તે પ્ર-
"સંગે બે વાત કહી જવાની અગત્ય દીસે છે."

"૧. જેવી રીતે–અમારા પૂર્વ પુરૂષો(આપણા સંપ્રદાયના આ-
"ચાર્યો) પોતે આપણા **ધર્મનું સત્યસ્વરૂપ તથા શુદ્ધાદ્વૈત**
"**સિદ્ધાંત સંપૂર્ણ રીતે સમજીને વૈષ્ણવ ધર્મનો યથાર્થ**
"**ઉપદેશ લોકોને કરતા હતા** અને જે વચલા કાળમાં સંપત્તિ
"વગેરે કારણોથી અમે ઘણે દરજ્જે છોડી દીધો છે, તેથી
"ઘણાખરા લોકોને સાધારણ સેવા અને કોરી વિત્તજા ભક્તિ-
"નુંજ રૂઢી અનુસાર જ્ઞાન રહ્યું છે; કેટલાક વૈષ્ણવો ધર્મ સ-
"મજે છે ખરા, પણ તેઓની સંખ્યા ઘણી ઓછી છે અને
"જેઓ સમજવાની ઇચ્છા રાખે છે તેઓને પણ, જોઈએ તેવાં

"સાધનો સરળતાથી ન મલવાને લીધે ઘણો શ્રમ કરતાં પણ
" બહુજ થોડું ધર્મજ્ઞાન મળે છે, માટે ધર્મ સમજવાનાં સાધનો.
" જેવાં કે સ્વમાર્ગી ગ્રંથોનો અભ્યાસ, તેનાં ભાષાંતરો
" કરાવવાં, નવાં પુસ્તકો રચાવવાં-છપાવવાં, સ્વમાર્ગી
" પાઠશાળા ઉઘાડવી, ધર્મગુરૂઓએ વૈષ્ણવોની સભાઓ ભરી
" તેમાં ભાષણ-વ્યાખ્યાનદ્વારા ધર્મનો બોધ કરવો-વગેરેની
" વૃદ્ધિ કરવા સર્વે મારા જ્ઞાતિબંધુઓ તથા વૈષ્ણવોએ ખંતથી
" મંડવું જોઇએ એવી મારી ભલામણ છે."

" ૨. આપણો સંપ્રદાય સર્વોત્તમ છે, તેમ છતાં હાલ વર્તમાન
" પત્રોમાં તેની જાહેર નિંદા જારી છે, એટલુંજ નહીં પણ
" કેટલાક સ્વધર્મનિષ્ઠ સમજુ વૈષ્ણવો તથા આસ્તીક સુધારા-
" વાળા જે સઘળા શ્રીમદ્ વલ્લભાચાર્યજીનાજ અનુયાયી છે,
" તેઓ પણ કેટલેક દરજ્જે સંપ્રદાયના આધુનિક ચાલને વગો-
" વવા તૈયાર થયા છે, થાય છે અને અમે વિચારીને બરાબર
" ધર્માચરણ કરી લોકો પાસે તેમ કરાવવા ઉપદેશ તથા પ્રયત્નો
" નહીં કરીશું તો, હજુપણ તેવા લોકો ઉભા થવાનો નક્કી સં-
" ભવ છે. પરંતુ, અમે ઉપદેશ કરીએ તોપણ તે સાંભ-
" ળીને તે પ્રમાણે નિર્દોષ આચરણ કરવાનું કામ
" વૈષ્ણવોનું છે."

"૩. આપણા સંપ્રદાયને વગોવનારામાંનો ઘણો ભાગ અમારા
" લોકોના દુરાચરણનો દોષ દેખાડે છે. પરંતુ ખરી રીતે જોઇએ
" તો તે દોષના સંપૂર્ણ ભાગી અમેજ છઈએ એમ નથી. તેમાં
" વૈષ્ણવોનો પણ પુષ્કળ દોષ છે. જો તેઓ અમારી બગડેલી.
" વૃત્તિને ઉત્તેજન ન આપે તો તથા તેને અટકાવવાને પ્રયત્ન કરે

"તો નક્કી થોડા કાળમાં તે નિર્મૂળ થયા વગર રહેજ નહીં.
"દુરાચારની વૃદ્ધિ તેને ઉત્તેજન મળવાથીજ થાય છે."

"૪. **વૈષ્ણવો (પોતાના શિષ્યો તેઓ) ની સ્ત્રી જે પોતાની
"પુત્રી સમાન, તેનાપર કુદૃષ્ટિ કરવી, તેની સાથે એકાંતમાં
"ભાષણ કરવું, તેને હાથે મેવા વગેરે ખાવા, મર્યા-
"દારહિત ફાગના ખેલો કરવા, દ્રવ્ય વગેરે માટે વૈષ્ણ-
"વોપર બળાત્કાર કરવો, અને અમેજ સાક્ષાત્ શ્રીકૃષ્ણરૂ-
"પ છીએ એવું કહેવું, શ્રીકૃષ્ણની માફક અન્નકૂટ આરો-
"ગવો, મુકુટ ધારણ કરવો,** પારણાં વગેરેમાં **ઝુલવું** ઈત્યાદિ
"કેવલ હાલના કુપ્રચારો અમારામાં પેઠેલા કહેવાય છે, તે
"કેવલ **શાસ્ત્રમર્યાદા** તથા **શ્રીમદ્ વલ્લભાચાર્યજીની આજ્ઞા**
"વિરૂદ્ધ આચરણ છે. આવાં આચરણોમાં કેવલ ધર્મગુરૂ-
"ઓનો વાંક નથી, પણ કેટલાએક **ભાવકા વૈષ્ણવો** એવા
"આચરણોને ઘણે દરજ્જે ઉત્તેજન આપે છે અને કોઈ વખતે
"તો એવાં આચરણો કરાવવાં બળાત્કાર પણ કરે છે."

"૫. અમારા લોકો વિદ્યાભ્યાસ કે ભગવત્સેવા કરે ત્યારે ભા-
"વકા લોકો કહે કે, "**આપ સર્વજ્ઞ છો. આપને ભણીને શું
"કરવું છે? લાલબાવાને શાસ્ત્રી દુઃખ આપે છે તે અ-
"મારાથી સહેવાતું નથી. આપના ચરણમાં લક્ષ્મી છે.
"આપને ક્યાં કથા વાંચવી છે? આપણા માર્ગમાં
"વેદનો કે શાસ્ત્રનો કાંઈ વધારે ઉપયોગ નથી** ઇત્યાદિ
"ઉપદેશો અમને કરે છે. કોઈ પંડિત કે વૈદિક અમારી પાસે
"આવતો હોય તો તેને કાળ જેવો દેખી, જેમ બને તેમ તેને
"ખસેડવા અને આવતો અટકાવવા યત્નો કરેછે. બને તેટલો

" વિદ્વાનોનો તથા બ્રાહ્મણોનો દ્વેષ કરવાને કેટલાક ભાવકાઓ
" તો ચુકતાજ નથી. સેવાને માટે પણ " આપનું શ્રીઅંગ
" ઠીક ન હોય તો નાહ્વાવાની કાંઈ જરૂર નથી. અમણા
" આપ જરા બેલોછો તો સંધ્યા આરતીની મુખીઆ-
" જીને આજ્ઞા આપો. આપ સેન ( શયન ) ટાણે પધા-
" રજો. આપજ પ્રભુ છો. આપના વળી પ્રભુ કોણ?
" પ્રભુ તો આપના કર્યા પ્રભુ થયા છે. આપ કંઈ તેના
" કરેલા નથી" !!! ઇત્યાદિ ઉપદેશો કરી વિદ્યા અને સેવા બંને
" વાતનો ઉચ્છેદ મૂળમાં તો અમારા ભાવકા હિતશત્રુઓએજ
" કર્યો છે. જો એ હિતશત્રુઓ આ સંપ્રદાયમાં ઉત્પન્ન ન થયા
" હોત તો. હું એમ માનું છું કે આ સર્વોત્તમ, વેદશાસ્ત્રસં-
" બદ્ધ શ્રીમદ્ વલ્લભાચાર્ય સંપ્રદાય સમગ્ર ભૂમંડળમાં
" ફેલાઈ ગયો હોત; કારણ કે શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ
" નિષ્પક્ષપાત બુદ્ધિથી જેવો વેદનો અર્થ કર્યો છે, ગી-
" તાજી, શ્રીમદ્ભાગવત, વ્યાસસત્ર વગેરેનો એક બીજા
" સાથે વિરોધ ન આવતાં જે કાંઈ ખરો અર્થ દેખાડ્યો
" છે તેવો બીજાથી દેખાડી શકાવો મુશ્કેલ છે. હા-
" લના લોકો असमर्थोगृहारंमे समर्थोगृहमंजने આ વાનર
" ચરિત્રની માફક કરે છે. પોતે સંપ્રદાયનું કાંઈ પણ ભલું કરી
" શકે નહીં અને બીજો કોઈ પોતાની શક્તિ માફક થોડુંઘણું
" સારૂં કરવા નિકળ્યો હોય, તો તેનાપર મત્સર લાવી જેમ બને
" તેમ તેને તોડી પાડવાનોજ ઉદ્યોગ કરે છે. જે લોકો વિદ્યા
" તથા વૈદિક કર્મને નિંદે છે તેમણે આજ સુધી આ સંપ્રદાયનું
" શું સારૂં કર્યું છે? ઉલટા નવા નવા ઉપદ્રવો ઉઠાવી સંપ્ર-

" દાયમાં કુસંપ કરાવ્યા કરે છે; જેમકે ભટજીના હાથનું ખાવું
" પીવું નહીં, તેઓનો સ્પર્શ કરવો નહીં, તેઓ તો બ્રહ્મરાક્ષસ
" છે ઇત્યાદિ. આપણા સંપ્રદાયમાં **શ્રીમહાપ્રભુજી, શ્રી-**
" **ગુંસાઈજી** તથા **શ્રીગીરધરજી** વગેરેના ગ્રંથોમાં કોઈ પણ
" ઠેકાણે એમ લખ્યું નથી કે **ભટજીના હાથનું ખાય તેને**
" **પ્રાયશ્ચિત્ત કરવું** પડે. હું તો ખાત્રીથી કહું છું કે શાસ્ત્ર
" તથા આપણા સંપ્રદાયની રીતે ખરો વિચાર કરી જોતાં એવું
" માલમ પડે છે કે આ વાત થોડા વર્ષથી લોકોએ કેવલ રાગ-
" દ્વેષથી પેદા કરી છે."

" ૬. ધર્મગુરૂઓમાં–નિરંતર ભગવત્સેવામાં પ્રવૃત્તિ; દં-
" **ભ, કામ, ક્રોધ ઈત્યાદિથી દૂર રેહેવું; આજીવિકાની બુદ્ધિ**
" **ન રાખતાં શ્રીમદ્ ભાગવત વારંવાર વિચારી તેનું ખરૂં**
" **તત્વ જાણી લેવું;** એ વગેરે શાસ્ત્ર તથા આચાર્ય ગ્રંથોમાં
" લક્ષણો કહેલાં છે તે હોવાં જોઈએ. તેમજ શિષ્યો (વૈષ્ણવો)
" માં પણ **ભગવાન્ ઉપર શ્રદ્ધા; શાસ્ત્રો ઉપર આસ્થાબુદ્ધિ;**
" **ભગવાન્, વેદ અને સદ્ગુરૂને વિષે પૂર્ણ ભક્તિ;**
" **ઈત્યાદિ અનેક આંતરધર્મો તથા ઉર્ધ્વપુંડ્ર તિલક–છાપાં,**
" **તુલસી-કાષ્ટની માળા ઈત્યાદિ બાહ્યધર્મો હોવા જોઈએ."**

" ૭. આપણા વૈષ્ણવો જેવા આગ્રહી અને ગુરૂભક્તિવાળા
" શિષ્યો બીજા સંપ્રદાયોમાં નથી. પરંતુ સમયના બળથી, પ્રથમ
" કહેલ વાનરચરિત્ર જેવા હિતશત્રુ તેઓ થઈ પડયા છે. માટે
" **તેમ ન કરતાં, પ્રભુ, વેદ, શાસ્ત્ર અને ગુરૂઉપર શ્રદ્ધા**
" **રાખી જેમ બને તેમ શ્રીમદ્ વલ્લભાચાર્યજી તથા શ્રી-**
" **મદ્ વિઠ્ઠલનાથાચાર્યજીના રચેલા અમૃતમય ગ્રંથો જાતે**

"**સાંભળો, વાંચો, સમજો અને તેમાંથી જે કર્તવ્ય નિકળે**
"**તે ગ્રહણ કરો.** કેટલીક બાબતોનો દુરાગ્રહ પકડી ભગ-
"વાન્‌થી વિમુખ થવાના સાધનો ન કરો. અને કોઈ પણ
"**પ્રકારે મન શ્રીકૃષ્ણચરણમાં લગાડો.** એજ મારી સર્વ
"વૈષ્ણવો પ્રત્યે ભલામણ છે."

**देवकीनंदनाचार्य.**"

---

આ ઉપર ટાંકેલો લેખ **શ્રીમદ્‌વલ્લભાચાર્ય** કુળદીપક મહારાજ **શ્રીદેવકીનંદનાચાર્યજી**એ સ્વતઃ પોતાના સંપ્રદાયના વૈષ્ણવવર્ગ સમસ્ત જોગ લખી મોકલેલો, તે વાંચનારા પોતાની બે આંખો ચોટાડીને વાંચશે, સાંભળનારા તે કાન દઈને સાંભળશે, પણ તેટલાજ માત્રથી વળ્યું શું? જોવાની આંખ અને સાંભળવાના કાનનો ઉપયોગ માત્ર આ અગત્યના લેખના સંબંધમાં બસ નથી. આને માટે, આંખ અને કાન તો ઠીક, પણ તે બેઉ કરતાં સાનની વધારે જરૂર છે. મીઠા મીઠા ઠોર અને રાતા પીળા ઉપરણાની પ્રસાદી, મોટી મોટી ભેટ ધરનાર વૈષ્ણવોને આપનારા મહારાજો બીજા ઘણાએ છે, પણ આવી અંતરશુદ્ધિ કરનારી મહાપ્રસાદી, વગર ભેટે, વૈષ્ણવ માત્ર, જેઓ તેના ભોગી હોય તેમને ત્યાં, ઘેર બેઠે પહોંચતી થાય એવી વેઠ કરનારા સદ્‌ગુરૂ મહારાજ સાંપ્રત વખતમાં કોણ અને ક્યાં છે? હું એમ નથી કહેવા માગતો કે આ મહારાજના જેવા સદાચારી, ભગવત્ સેવાને વિષે આગ્રહી, શ્રુતિ સ્મૃતિ આદિશાસ્ત્રો અને સ્વમાર્ગના જ્ઞાનની બાબતમાં એમના કરતાં પણ ચઢીઆતા, એવા બીજા મહારાજો છેજ નહીં. કેમકે આમ વિચારવું

એ તો આપણા દેશમાં સખત તાપ પડે છે માટે ઈંગ્લાંડ જેવા શીત દેશમાં પણ તેમજ હશે એવું ભુલ ભરેલું અનુમાન કર્યું કહેવાય. તોપણ એવા એકતરફી કુતર્ક કરનારા પણ ભૂમંડળમાં થોડા નથી. જ્યાં સુધી બીજું સાંભળ્યું કે જોયું ન હોય ત્યાંસુધી, જે પ્રત્યક્ષ આંખ આગળ હોય તેની છાપ માણસ માત્રના મન ઉપર થોડી કે ઘણી પડ્યા વગર રહે નહીં. બાચારા મૂઢ અજ્ઞાનીઓને બાજુઉપર મુકીયે, પણ **મહારાજ લાયબલ કેસ** પછી, ઉપર મુજબનાંજ ખોટાં અનુમાનો અને કુતર્કો અંગ્રેજી વિદ્વાનોએ નથી કર્યા શું ? કેટલાએકના દુરાચારોને લીધે, આ સંપ્રદાયને સર્વાંગ વ્યભિચારાદિ દોષોથી ભરેલો માનવાની અને બીજાઓને તેમ મનાવવાનાં પ્રયત્નો કરવાની ભુલ એવા પશ્ચિમ તરફના વિદ્વાનો અને આપણા સુધારાવાળાઓએ નથી કરી અને હજુ પણ નથી કરતા શું ? જ્યારે આવા લોકો કેવલ અનુમાનોથી સારા કે માઠા વિચારો બાંધવામાં ભુલને પાત્ર ઠરે છે, તો બીચારા વિચારશૂન્ય ભલભલેરા ભોળાઓ, તેમને જેમ ભમાવવામાં આવે તેમ ભમે, એમાં શી નવાઇ ? આ મુદ્દાના પ્રસંગમાં, આ પુસ્તક બહાર પાડવાની જાહેરખબર પહોંચતાં, તેના આગળથી થનાર ગ્રાહક દાખલ પોતાનાં નામ નોંધી મોકલનાર કેટલાક વૈષ્ણવોએ આ પુસ્તકના ગ્રાહક થવાની જે સરત લખી મોકલી હતી તેની તથા તેના સંબંધી બીજી સૂચનાનાં જે લખાણો આવ્યાં છે તેની કંઇક નોંધ આ ઠેકાણે લેવી પડે છે. એવા આગળથી થનાર ગ્રાહકોમાંનો એક લખે છે કે " મહારાજોની નિંદા "ગુજરાતી" નામના છાપામાં આવે છે તેવીજ જો આ ચોપડી બનવાની

હોય તો તેના ગ્રાહક દાખલ અમને ન લેખવા" બીજો એક જરા વિવેકની સાથે લખી મોકલે છે કે. "ગોસ્વામિ શ્રીદેવકી "નંદનાચાર્યજીના ભાષણો જે "ગુજરાતી"ન્યુસ પેપરમાં ચાલતા "[જુલાઇ—આગસ્ટ]માસના અંક ૨૮-૨૯-૩૧માં છપાણાં છે તે "સાંભળી આવી વૈષ્ણવો વિરૂદ્ધ બોલે છે. * * * તે ભાવી વૈષ્ણવો "તેમજ હાલના મહારાજોના ધ્યાનમાં ઉતરવું ઘણું મુશ્કેલ છે. " * * * ગુરૂધર્મમાં, સ્ત્રીઓએ ગુરૂ પાસે નહીં જવું જોઇએ તે- "મજ ગુરૂઓએ સ્ત્રીઓની સાથે એકાંતમાં ઉભવું નહીં જોઇએ "વગેરે બાબતઉપર એ પુસ્તકમાં શાસ્ત્રનાં પ્રમાણના શ્લોકો "દાખલ કરવા જોઇએ, કે જેથી મહારાજો પણ કાન પકડે!! "સ્ત્રીઓ ચરણ સ્પર્શ કરવા જાય છે તે ચાલ જો બંધ થાય "તો ઘણે દરજ્જે મહારાજોમાં સુધારો થાય. શાસ્ત્રમાં આ "ચાર્યોના ધર્મ આવા છે એમ પ્રમાણ બતાવશો તો તે પુસ્તક "ઘણું વજનદાર થશે. * * * ઈ૦" !!!

મજકુર મતલબની સૂચનાઓ લખી મોકલનારામાંના, ભલે જુના વિચારના પણ જેઓ નિર્દોષપણે ભાવિક છે, તેમના ઉપર કટાક્ષ કરવાનું કારણ નથી. પરંતુ, કેટલાએક ભાવકાઓ જેઓ મહારાજોના વિરૂદ્ધનું જે કંઇ લખાણ આવે તેને "નિંદા" કહીને તેના લખનારાને વગોવે છે, પણ વાસ્તવિક રીતે જોતાં એમ કરીને તેઓ પોતેજ નિંદા કરનારા ઠરે છે. તેમને માટે બે બોલ કહેવાની જરૂર છે. "નિંદા" શબ્દનો ખરો અર્થ આ બીચારા સમજતા નથી, માટે તેમને કેવલ હસી કહાડવા કરતાં "નિંદા" કઇ કહેવાય તે તેમના ધ્યાનમાં ઉતરે તેવી રીતે સમજાવવાની પ્રથમતઃ જરૂર છે. अवास्ताविक

**दोषकथनं निंदा**—અવાસ્તવિક-ખરા નહીં-એવા દોષોનું કોઇના-પર આરોપણ કરવું તેનુંજ નામ **નિંદા**—હોય તેવું સત્ય કહેવું તે **નિંદા** ન કહેવાય. આપણામાં કહેવત છે કે, 'સાંભળ્યું સંન્યાસી કહે ને દીઠું દેવતા કહે' તો તેમ કરનારા દોષિત ઠરતા નથી. આમ કરનારા તો ખરેખરા હિતમિત્રોની ગરજ સારે છે. આ લખવાને આથી અધિક સારૂં ટાકણું બીજું આવવું મુશ્કેલ છે. "ગુરૂની **નિંદા** ન કરવી" એ વાતને અમે તદ્દન સ્વીકારીએ છીએ. પણ ગુરૂ થઇને કુમાર્ગે જતા હોય, તેઓ તેમ કરતા અટકે તેને અર્થે શુદ્ધ ભાવથી પ્રયત્ન કરવો એનેજ જે "**નિંદા કરી**" માની લેછે, તેઓ તો ખાંડ ખાય છે.

"**ગુજરાતી**" છાપાનાં મહારાજોના સંબંધનાં બીજાં લખાણોની નોંધ લઈ તે ઉપર વિવેચન કરવાનું અમારૂં કામ નથી, પણ, **શ્રીમદ્દેવકીનંદનાચાર્યજી** મહારાજનો મજકુર "સૂચના-પત્ર" **ગુજરાતી** પત્રવાળાએ મેળવીને તે પોતાના પત્રમાં આખોને આખો છાપી તેને એક ઢંઢેરાનું નામ આપ્યુંછે તેમાં આ પત્રવાળાનો દોષ કહાડવામાં આવે તો તેવા દોષના કહાડનારનોજ તે દોષ છે. એ સાહસને માટે તો, એ પત્રવાળાનો પાડ માનવો જોઈએ. આ ઉપરથી તો ઉલટું એમ માલુમ પડે છે કે, વૈષ્ણવ સંપ્રદાયના ખરા ઉદયની તેને દાઝ છે; તેમ ન હોય તો એ ગૃહસ્થે મહારાજશ્રીનો મજકુર ઢંઢેરો પોતાના પત્રમાં છાપ્યો તેતો ઠીક, પણ તેજ **ઢંઢેરાના** ગજ ગજ લાંબાં હેંડબીલો વગર દોકડો લેવે દેવે છાપીને મુફત વેહેંચ્યાંછે, તેમ તે શા માટે કરે? ત્યારે શું એ ઢંઢેરાના લેખનો દોષ

શ્રાવકાઓ, મહારાજ **શ્રીદેવકીનંદનાચાર્યજીને** દેશે? પણ **મહા-રાજો** તો **વૈષ્ણવોના** ગુરૂ અને આ મહારાજ તો વળી સદ્ગુરૂ-તો, ગમે તેવા પણ ગુરૂની આજ્ઞાને જેઓ ઈશ્વરની આજ્ઞા પ્ર-માણે માનવાને જ્યારે ને ત્યારે કહે છે, તેમના ગમે તેવા કામને માટે વાજબીની રાહે કરેલી ટીકાને પણ જ્યારે તેઓ "નિંદા કરી" કહે છે અને તેવી નિંદા કરનાર રૌરવ નર્કમાં પડશે એમ શ્રાપ દે છે—ત્યારે આ મહારાજશ્રીના સદુપદેશને માટે તેઓ એક પણ સુકન શા આધારે બોલી શકશે? તેઓનાથી તો એક બોલ પણ બોલાશે નહીં અને એજ કારણ ઉપરથી આશા રાખવાને બની આવે છે કે બીચારા અજ્ઞાનતારૂપી ગાઢ અંધકારમાં ગોથાં ખાતા વૈષ્ણવોના માર્ગમાં મજકુર **ઢંઢેરા** રૂપી પ્રભાતારૂણનું અજવાળું જે ગત વર્ષથી પડવા માંડયું છે તે ઉત્તરોત્તર વધતું જશે. આ મહારાજશ્રીના બોધની અસર મારા વૈષ્ણવભાઇઓ ઉપર અવશ્ય થશે એવો જે મને ભરોસો રહે છે તેનું બીજું કારણ આ છે:—

## ગીતિ.

લોકો ગતાનુગત છે, ગૌહત્યારા દ્વિજતણું માને;
પણ કૂટણીની શિક્ષા, ધર્મ વિષયમાં ધરે નહિ કાને.

(હિતોપદેશ—મિત્રલાભ.)

લોકો—આપણા અને બીજા—સામાન્ય વર્ગ માત્ર ગાડરીયા પ્રવાહ જેવા હોય છે આને માટે દૃષ્ટાંત એક નીચ જાતીનું લેઇએ. કસાઇ જેવા નિર્દયો, જો ધર્મ અધર્મ સમજતા હોય તો અનેક પ્રાણીઓની હિંસા કેમ કરે વારૂ? આવો વિચાર તેમને માટે સ્વા-ભાવિકપણે આવે છે. તેમ છતાં, ધર્મ સંબંધી ક્રિયાકર્મ કરવાનાં

હોય છે ત્યારે, એવા દુદ્દો પણ પોતાના ધર્મગુરૂઓને પૂછતા જાય છે. અને તે કહે તેમજ કરે છે તથા તેમનીજ આજ્ઞા તેઓ માન્ય રાખે છે. આમ છે ત્યારે, મહારાજો અને વૈષ્ણવોને માટે બીજા લોકો તરફથી ગમે તેટલું બોલવા-લખવામાં આવ્યું હોય અને તેના પરિણામમાં આ શુદ્ધાદ્વૈત સંપ્રદાય વિના કારણ ગમે તેટલો વગોવાયો છે એમ આપણે જાણીએ છિએ તેમ છતાં, તેઓની આંખ પોતાની ભુલો સુધારવાને ન ઉઘડી હોય તો તેમાં આશ્ચર્ય જેવું કંઇ નથી. પરંતુ, જ્યારે વૈષ્ણવોનાજ એક ધર્મગુરૂ-**શ્રીમદ્ વલ્લભાચાર્યજીનાજ** વંશજ મહારાજશ્રી **દેવકીનંદનાચાર્યજીએ**-આપોઆપ જાહેરમાં દેખાવ દઈ હજારો વૈષ્ણવોની ઠઠ વચ્ચે, **વૈષ્ણવ-ગુરૂ-ધર્મ-કર્મ** એ સર્વ ઉપર નિખાલસપણે બોલવાને દુરસ્ત વિચાર્યું છે અને સૌસૌની ભુલો તેમને છેડે બંધાવી છે-ત્યારે બીજી બધી વાત તો લાંબે રહી, પણ **શ્રીમદ્ વલ્લભાચાર્યજીના** વેદપ્રણીત **શુદ્ધાદ્વૈત** સંપ્રદાયનેજ વ્યભિચારાદિ દોષોનો કારણભૂત ગણવામાં આવે છે અને જે વાત નહીં જાણનારા બીચારાઓ માની લે છે, તેમ થતું કંઇક અટકશે ખરૂં; અને પોતાના સંપ્રદાયની ખરી દાઝથી મહારાજ **શ્રીદેવકીનંદનાચાર્યજીએ**-વૈષ્ણવો, સુધારાવાળાઓ અને પોતાનાજ જ્ઞાતી વર્ગના ધર્મ ગુરૂઓ-મહારાજો-નેમાટે સ્વતંત્રતાથી જે કહેવાની હિમ્મત કરી છે, તેથી આશા રાખવાને બની આવે છે કે હવે અમલોકોની આંખો ઉઘડશે. અસ્તુ:

# પ્રકરણ ૨.

પુસ્તકના નામની સાર્થકના, સંપ્રદાયની ઉત્તમતા. ગોસ્વામિ **શ્રીદેવકીનંદનાચાર્યજીએ** મુંબઇના વૈષ્ણુવ સમસ્ત પ્રત્યે લખી મોકલેલા "**સૂચનાપત્ર**" ની સટીક નોંધ એ વગેરે પાછલા ભાગમાં આવી ગયું છે. હવે આ બીજા પ્રકરણમાં, ગોસ્વામિશ્રીનું મુંબઇમાં આગમન. તેઓનું પ્રસિદ્ધિમાં આવવું, તેમને સંબંધે **ન્યુસપેપરોમાં** લેવાયલી નોંધ, જાહેર સભામાં પધારી ઉપદેશ કરવાની તેમની પહેલ તથા "**વૈદિક ધર્મની આવશ્યકતા**" વિષે તેમણે આપેલું વ્યાખ્યાન વગેરે બાબતો, આપવામાં આવશે.

ગોસ્વામિ **શ્રી દેવકીનંદનાચાર્યજી**, સંવત ૧૯૪૧ ના વૈશાખ શુદ ૫ ને વાર રવેઉ તા૦૧૯ મી અપ્રેલ સને ૧૮૮૫ ને દિને, **શ્રીમુંબઈમાં** પધાર્યા. આ **શ્રીદેવકીનંદનાચાર્યજી** તે * **કામવનવાળા શ્રીગોકુળચંદ્રમાજીની** ગાદીના વૈકુંઠવાસી **શ્રીમદ્ ગોવિંદલાલજી** મહારાજના જ્યેષ્ઠ તનુજ છે. એ મહારાજ સદાચરણી, નીતિમાન તથા વિદ્વાન હોઇને ઘણા સાદા હતા. તેમની ધર્મોપદેશ કરવાની શક્તિ પણ જેવી તેવી નહોતી. **મહારાજ લાયબલ કેસથી** જેમનું મન આ સંપ્રદાય પરથી ઉઠી ગએલું એવા એક કાબેલ વકીલસાહેબને એ મહારાજે એક રાત્રના ઉપદેશથી આ સંપ્રદાયના અનુયાયી બનાવી દીધેલા. અને **સુરત** શેહેરનું કાયસ્થમંડળ સમસ્ત જેમનો પુરૂષવર્ગ અને સ્ત્રીવર્ગ બેઉ કેળવણીમાં આખા ગુજરાત પ્રાંતમાં ઊંચી.

* વંદ્રાવનમાં મથુરાથી આસરે ૧૮ કોશ ઉત્તરમાં છે.

પદવી ધરાવેછે તે આજ **શ્રીમદ્ ગોવિંદલાલજી** મહારાજની ગાદીના સેવકો છે. એમનું એક મંદિર **સુરત** શેહેરના ગોપીપુરામાં છે. એમણે "ઉપદેશ સુધા," "અવતાર નિર્ણય" ઈત્યાદિ ગ્રંથો પણ રચેલા છે. આવા ગુરૂધર્મ જાણનારા પિતાએ પોતાના પુત્ર **દેવકીનંદનજી**ના હૃદયમાં પ્રથમથીજ ગુરૂપણું જાળવવાના ગુણોના બીજ રોપેલાં હતાં. જેનાં અંકુરો તેમની આ વેળાની મુંબઇની પધરામણીના મેલાવડામાં પ્રત્યક્ષ જણાયા છે. તે વાજબીજ છે. કેમકે 'બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા.' જેમ બીજા કેટલાએક ગોસાંઈના બાલકો !! પોતાના લાલજીઓને બાળપણથી ભાવકડી વૈષ્ણવડીઓના કોડ પૂરા કરવાને તેમની ગોદમાં રમાડવા સોંપી બગાડે છે ! તેમજ જો **શ્રીમદ્ ગોવિંદલાલજી**એ પોતાના વહાલા તનુજના સંબંધમાં થવા દીધું હોત તો આ પરિણામ કદી પણ આવત વારૂ ?

બીજા મહારાજોના આગમન વખતે જેમ શેહેરના વૈષ્ણવો સામા તેડવા જાયછે તેમ આ મહારાજને પણ સામઈએ મુંબઇના જાણીતા ભાટીઆ, વાણીઆ, કાયસ્થ, મારવાડી, મુલતાની વગેરે જ્ઞાતીના આસરે ૫૦૦ ગૃહસ્થો **બોરીબંદર સ્ટેશન**પર ગયા હતા.

કોઇ પણ નવા મહારાજ પધારે કે, વૈષ્ણવ સ્ત્રી પુરૂષોના ટોળેટોળાં, તેમનાં દર્શને જ્યાં તેમનો મુકામ હોય ત્યાં જાય એ તો સ્વાભાવિક છે. તેજ મુજબ આ મહારાજને વિષે પણ બનેલું. શા૦ મોરારભાઇ વીજભુખણદાસ નામના વણિક શેઠે બંધાવી અર્પણ કરેલું આ મહારાજશ્રીનું એક મંદિર અત્રે પાંજરાપોળની

સામે આવેલું છે. પણ મહારાજશ્રીની સાથે છત્ર, ચામર, ઢોલ આદિ આડંબર તથા આસરે ૧૦૦ માણસોનો મોટો રસાલો હોવાના કારણથી, પોતાના મંદિરમાં સમાસ થાય તેમ ન હોવાને લીધે, તેમણે પોતાનો ઉતારો ચંદાવાડી નામના વિશાળ મકાનમાં રાખ્યો હતો. બીજા મહારાજો કરતાં એમની કેટલીક રીતભાતો જુદા પ્રકારની જોવામાં આવી: જેમકે બીજા મહારાજો, ગાદી, ખુરસી કે કોચપર બીરાજે છે, ત્યારે આ મહારાજ પોતાની બેઠક સિંહાસનપર રાખેછે; બીજા મહારાજો જ્યારે સ્ત્રી વા પુરૂષોને પોતાના ચરણસ્પર્શ કરવા દેવાના કોડીલા હોય છે, ત્યારે આ મહારાજના માણસો વૈષ્ણવોને તેમ કરતાં અટકાવી તેને બદલે મહારાજની ચાખડી ( પાદુકા ) નોજ માત્ર સ્પર્શ કરી સંતોષ માનવાની ભલામણ કરતા; બીજા મહારાજોની આગળ "ખમા અન્ન દાતા" શબ્દોથી નેકી પોકારવામાં આવે છે, ત્યારે આ મહારાજના ચોપદારો " रम्यतां बहुतरम् निमाल्यतां दूरतरम् " એમ સંસ્કૃતમાં નેકી પોકારે છે; બીજા કેટલાક મહારાજોને ત્યાં દર્શન પછીના વખતમાં જ્યારે ગપા સપા ચાલી રહેલાં માલમ પડે છે, ત્યારે આ મહારાજને ત્યાં ધર્મચર્ચા થતી દીઠામાં આવી. ( આ કામને માટે મહારાજના રસાલામાં પગારદાર શાસ્ત્રીઓ હતા. ) આ વગેરે બીજા મહારાજોથી જુદી તેમની વર્તણુકથી ઘેર ઘેર વૈષ્ણવોમાં તથા મહારાજોના મંદિરોમાં મોટી ચર્ચા થઈ રહી. તેમાં પાદુકા પૂજનનો પ્રચાર જે આ મહારાજને ત્યાં દીઠામાં આવ્યો તેની ચર્ચા તો બહુજ ચાલી. મહારાજોના ચરણસ્પર્શ કરતાં નફટ અને નિર્લજ સ્ત્રીઓ ઉઘાડે

છોક તેમના અંગુઠાને દાબેછે અને કોઇકવાર અનીતિ અને અધર્મના સંકેત પણ કરેછે, તેમ થતું અટકાવવાને માટે એ પાદુકા સ્પર્શની રીતિ પસંદ કરવા જેવી છે. પોતાના પહેરવેશમાં પણ આ મહારાજની ઘણી સાદાઇ નજર આવી. જરી કસબના વસ્ત્રો પહેરવાનો બીજા મહારાજોના જેવો એમને શોખ નથી. "અમારે આચાર્યો ( ધર્મગુરૂઓ ) ને છેલછબીલાપણું શા માટે જોઇએ ?" એવું એમનું બોલવું હતું. તેઓ કેવલ એક ધોતી અને એક ઉપરણો ઓઢીને હંમેશ સાદાઇથી રહેછે. બહાર પણ એજ પહેરવેશમાં તેઓ પધારેછે. આ સંપ્રદાયના આચાર્યોની અસલ રીતિ એવીજ હતી એમ **શ્રીમદાચાર્યજી મહાપ્રભુજીની** છબી જોવાથી સ્પષ્ટ માલમ પડશે એમ આ મહારાજશ્રીનું કહેવું હતું; અર્થાત્ આ મહારાજની રીતભાતથી ઉભી થએલી ચર્ચાવડે હજારો લોકોની આવજા નિત્ય ચંદાવાડીમાં થવા લાગી. જેમ જેમ ખબર પડતી ગઇ તેમ તેમ નવા વિચારના—પોતાને સુધારાવાળા કહેવડાવનારા—પણ એમને ત્યાં દીઠામાં આવ્યા.

પોતે થીરઠામ થયા પછી ચંદાવાડીમાં દરરોજ સાંજરે વૈષ્ણવોને ધર્મોપદેશ આપવાનું ચાલું કર્યું. એ ધર્મબોધ સાંભળવાને પુષ્કળ લોક ભેગું થતું. એ ઉપદેશ પ્રથમ સંસ્કૃતમાં શાસ્ત્રી વાસુદેવાચાર્ય કરતા હતા અને તેજ બાબત ગુજરાતી ભાષામાં પંડિતશ્રી ગટ્ટુલાલજીના શિષ્ય સ્યામજી વાલજી, જેઓ શ્રીનાથદ્વારના ટીકાયત મહારાજશ્રીના ઉપશાસ્ત્રી છે, તેઓ વિસ્તારથી સંભળાવતા હતા. તેમાં હરિભક્તિ, વૈષ્ણવ સંપ્રદાય, જીવસ્વરૂપ ઇત્યાદિ જુદા જુદા વિષયો રાખવામાં આવતા હતા. ત્યાર બાદ કોઇ પણ વૈષ્ણવને ધર્મ સંબંધી કાંઇ પણ બાબતના

પ્રશ્નો કરવાની છૂટ આપવામાં આવતી અને તેનો ખુલાસો ત્યાં બેઠેલા શાસ્ત્રીવર્ગ તરફથી કરવામાં આવતો. મહારાજશ્રી પંડે પણ સંપ્રદાય સંબંધી પ્રશ્નના ખુલાસા મનમાનતી રીતે કરતા હતા. આમ થવાથી વર્તમાનપત્રોમાં એ મહારાજની નોંધ લેવાવા લાગી અને સૌથી પેહેલું નીચેનું ચર્ચાપત્ર તા૦ ૨૬-૪-૮૫ ના "મુંબઇ સમાચાર માં" અમારા વાંચવામાં આવ્યું.

"મુંબઇ સમાચારના અધિપતિ જોગ,

સાહેબ,—હિંદુ સંસાર સુધારા સાથે ધર્મગુરૂઓ અને ધર્મોપદેશકો વિષે પણ કેટલીક હકીકત હું તમારા પત્રમાં વાંચું છું અને હાલ તેને લગતી એક બીના જે મારા જતી અનુભવમાં આવેલી છે, તે તમારા પત્રદ્વારા વાંચનારી આલમ હજુર વિદિત કરવા ચાહું છું.

હાલ સુધારાના પ્રસારથી અનીતિ અને અજ્ઞાનનો નાશ થવા લાગ્યો છે. સઘળે વિદ્વાન અને ગુણવાનને માન મળે છે, અને તેનાજ ગુણ ગવાય છે. એ ચાલુ સુધારાના સમયની બલિહારી છે. ચાલતી આ સદીમાંજ સેંકડો અનાચારી અને અવિચારી ધર્મગુરૂઓનાં ભોપાળાં આપણે સાંભળ્યાં છે, વાચીએ છીએ, અને નજરે જોઇએ છીએ. તેવી તકમાં એકપણ સુજ્ઞ શીરોમણી, સદ્ધર્મ પ્રવર્તક ખરા આચાર્યના દર્શનથી કોને આનંદ નહીં થાય?

ઉપલી હકીકત મારે જે મહારાજના સંબંધમાં જણાવવાની, તેવણ કામવનવાલા વૈષ્ણવ સંપ્રદાયના સદ્‌ગુરૂ શ્રી ગોવિંદલાલજીના જ્યેષ્ઠ પુત્ર થાય છે અને તેમનું નામ દેવકીનંદનાચાર્ય છે તેવણ બીજા કેટલાક મહારાજોના જેવા પ્રમાદી કે પ્રપંચી નથી, પણ સંસ્કૃત ભાષામાં કુશલ, વિવેકી અને વિદ્વાન છે. તે જોડે ઉદાર વૃત્તિ, શુદ્ધ આચરણ અને વિદ્યાના વિલાસી છે. એવણ ગયા રવીવારે સવારે મદ્રાસથી અત્રે પધાર્યા છે, ને બાહારકોટ માધવબાગ સામે ચંદાવાડીમાં ઉતર્યા છે.

આ મહારાજની રહેણીકરણી સ્તુતિપાત્ર છે. તેઓએ પોતાની સાથે સંસ્કૃત ભાષાના અભ્યાસી શાસ્ત્રી પંડિતો રાખેલા છે, તેમની

સાથે નિત્ય શાસ્ત્રચર્ચા અને ધર્મવિવેચન કરે છે. એટલુંજ નહીં પણ પ્રત્યેક શેહેરેશેહેર ફરી તેઓ વિદ્વાનોને આમંત્રણ કરી, સભાઓ ભરી કુશલ પુરૂષોનો યોગ્ય સત્કાર કરે છે. મુંબઇખાતે પણ તેવાજ એક મોટી સભા ભરનાર છે. આ મહારાજ પોતાને ચરણે વૈષ્ણવોને વંદન કરવા દેતા નથી, પરંતુ પોતાના જનકની જે પાદુકાઓ છે. તેનું માત્ર વંદન કરાવે છે. ને તે પવિત્ર પાદુકા એક બાજુ ઉપર બીરાજે છે. એમની દૃષ્ટિ નિર્મલ છે, ન તેમને સ્ત્રી પુરૂષો પ્રસંગોપાત કાંઇ પ્રશ્ન પુછે તો શિતલતાથી વિવેકસહિત તેનો ઉત્તર આપે છે.

વલ્લભકુલમાં તિલકરૂપ આવા નિર્મત્સર મહાત્મા કોઇ ન મળી આવશે. તેમનાથી વૈષ્ણવના પડી ભાંગેલા શુદ્ધ સંપ્રદાયનો ઉદય થશે ને ત્યારેજ શાસ્ત્રગ્રંથોમાં આચાર્યોએ લખેલી ખરી ખુબી લોકોની સમજાશે. આ મહારાજ તેવા બોધક ગ્રંથ ગુંથવાની કોશેશ પણ કરે છે. ધર્મોપદેશકપદ અથવા વિરોપણ કાંઇ આનંદ કિંવા મોજ શોખ ભોગવવાની નેમ બતાવતું નથી, તેમ તેનું કર્તવ્ય કે સાર્થક કાંઇ તેમાં નથી. પરંતુ શુદ્ધ ધર્મને ખરે રસ્તે પોતે પ્રવર્તી, બીજાઓને ચલાવવાનું છે. આ ધર્મગુરૂથી હિંદુમંડલમાં સારો સંતોષ ફેલાયો છે, ને તેથીજ બીજા મહારાજોને તેવો ધડો લેવા આ હકીકત જણાવી છે. વલ્લભકુલને વગોવનાર સુધારાવાલાઓ પણ પ્રીતી પુર્વક આ મહારાજને માન આપી શરણ થઇ ચરણે પડે છે, ને તેમ કરવું એજ સારાસાર વિચારનારનો ધર્મ છે. **ક્ષત્રી.**"

એ રીતે મહારાજ **શ્રીદેવકીનંદનાચાર્યજી**ને સંબંધે કંઇ અનુકૂલ કંઇ પ્રતિકૂલ ચર્ચા મુંબઇમાં ચાલીજ રહી હતી તેમાં વળી સમાચારના સદરહુ ચર્ચાપત્રે ઉમેરો કર્યો. અત્રેની "આર્યસુધર્મોદય સભા" જે પંડિત ગટ્ટુલાલજીના ઉપરી પણા હેઠલ ચાલે છે તેમાં પધારવાનું એ મહારાજને આમંત્રણ કરવાની સૂચના વળી એ સભાની કારભારી મંડળીને થઇ. આ "આર્યસુધર્મોદય સભા" આર્ય ધર્મની ઉન્નતિને માટેજ લગભગ

૧૦ વર્ષ થયાં સ્થાપવામાં આવી છે. સ્વામી દયાનંદ સરસ્વતીએ **મૂર્તિપુજા** ઉપર ધુજારો ચલાવ્યો ; **વેદમાં મૂર્તિપુજા** નથી વગેરે ભરી સભાઓમાં કહ્યું ; **હેંડબીલો** છપાવી **ચાલેંજો** કરી કે **મૂર્તિપૂજા વેદ**પ્રણીત હોય તો ભલે તેનું પ્રતિપાદન કરે; વગેરે છડેચોક કહી વૈષ્ણવધર્મ અને ખુદ **વલ્લભ** સંપ્રદાય ઉપર તો એમણે સખત હુમલા કર્યા. આ પ્રસંગમાં મજકુર "આર્ય સુધર્મોદય સભા" **વલ્લભસંપ્રદાય**ના બચાવમાં પંડિતવર્ય ગટ્ટુજના આશ્રયથી સ્થપાઇ. આમ છતાં ગોસ્વામિ મહારાજોએ તેમાં કંઇજ ભાગ લીધો નહીં. ઉલટું એ સભામાં જતાં જાણે પોતે અભડાઇ જવાના હોય એવું તેમણે બતાવ્યું. એક વખત એક મહારાજે ત્યાં પધારવાને પ્રથમ મરજી દેખાડેલી પણ પાછળથી વિચાર ફેરવી નાંખ્યો, કદાપિ એવા વિચારથી કે આમ સભાઓમાં જવાથી આપણી પધરામણીઓમાં ખોટ આવશે; સભામાં કંઈ ભેટતો ધરાતી નથી અને સેંકડો મનુષ્યોની ઠઠ વચ્ચે લોકોને ઉપદેશ કરવા જતાં આપણું પોત જણાઈ આવશે. આવા વિચારથી ભલતાંજ બહાનાં કાઢી વાતને ઉરાડી દીધી. અને એ તો દેખીતુંજ છે કે 'નાચવું નહીં ત્યારે આંગણું વાંકું.' એવો પણ એક મુદ્દો ઉઠાવવામાં આવેલો કે સભામાં સભાસદો તથા શ્રોતાજનો બાંક ખુરસીપર બેસે છે તેમ ન કરતાં ભોંયપર બેસે તો અમે આવીએ. આવાં ખોટાં છિંડા શોધવાનો અનુભવ કેટલાક મહારાજો તરફથી ઉપલી સભાને મળેલો તેથી મજકુર **દેવકીનંદનાચાર્યજી** પણ તેવીજ પ્રકૃતિના હશે, એમ માની વિનંતિ કરતાં, તેઓ મુકરર પધારશે એવી ખાત્રી થાય તો તેમને સભામાં પધારવા નિમંત્રણ કરવું એમ ધાર્યું; અને તે વાજબીજ હતું.

કેમકે, કહેવત છે કે 'દુધનો દાઝયો છાસ ફુંકી ફુંકી પીએ.' સભાના આગેવાનો **શેઠ ત્રિભોવનદાસ વરજીવનદાસ માધવદાસ** વગેરે આવા સંકલ્પ વિકલ્પમાં હતા, એટલામાં **શ્રીમદ્ દેવકીનંદનાચાર્યજીને એ વાત**ની ખબર પડી. તેમની જાણમાં જ્યારે આવ્યું કે સ્વધર્મના રક્ષણમાટે આર્યધર્મના સ્થંભરૂપ પંડિતવર્ય **ગટ્ટૂલાલજી**ના આશ્રય તળે એ સભા ચાલે છે, આર્યધર્મનોજ ઉપદેશ તેમાં અપાય છે, ત્યારે તેવી સભામાં અમ લોકો (ધર્મ ગુરૂઓ) એ શા માટે ન જવું જોઇએ ? અરે ! અમારા લોકોની કેવી ઉંધી સમજ છે કે, જે કામને તન, મન અને ધનથી મદદ કરવી જોઈએ એવાં ધર્મવૃદ્ધિ થવાનાં સાધનને તોડી પાડવાનો, પ્રયત્ન કરે છે! એવા ઉદ્‌ગાર કાઢી જે મનુષ્યે એમને કાને ઉપલી વાત નાંખી, તેનેજ મહારાજશ્રીએ આજ્ઞા કરી કે "એ સભા જે દિવસે ભરાવાની હોય તે દિવસે મને જાણ કરવી એટલે હું એ સભામાં જરૂર આવીશ. સભાવાળા મને આમંત્રણ નહીં કરે તોપણ, એક સાધારણ મનુષ્ય તરીકે એવી ધર્મસભામાં આવવાની તો કોઈ હરકત નહીં લે ?" કારભારી મંડળને કાને એ વાત પડતાંજ, તેમને જે વસવસો પ્રથમ થએલો તે એની મેળે દૂર થઇ ગયો. અને એ પછીના એ સભાના પહેલાજ મેલાવડામાં (વૈશાખ વદ ૧૧ ને રવીવાર તા૦ ૧૦ મી મેને દિને) સભા તરફથી નિમંત્રણ મોકલવામાં આવ્યું અને મહારાજશ્રી સભામાં પધાર્યા હતા. શાસ્ત્રી શ્યામજી વાલજીનું તે દિવસે "હરિભક્તિ" વિષે વ્યાખ્યાન હતું. ભાષણ પુરૂં થયા બાદ એ વિષયપર મહારાજશ્રીએ પોતાના વિચારો ટુંકમાં જણાવ્યા હતા. અમારે જણાવવું જોઇએ કે, એ સભા સ્થાપવાની હીલચાલમાં અત્રેના

મહારાજ **શ્રીનરસિંહલાલજીએ** કંઇક ભાગ લીધો હતો. તેઓ મજકુર સભામાં એકવાર પધાર્યા પણ હતા. પછી બીજા મહારાજોના દબાણથી કે ગમે તે કારણથી તેઓ પણ અળગા થયા. ત્યારબાદ કોઈ પણ મહારાજે પધારીને એ સભાને માન આપ્યું હોય તો આ **શ્રીમદ્ દેવકીનંદનાચાર્યજીજ** છે. અને જ્યાં સુધી એઓ મુંબઇમાં બીરાજતા હતા ત્યાં સુધીમાં "આર્યસુધર્મોદય સભા"ના એકેએક મેલાવડામાં પોતે પધાર્યા હતા; એટલુંજ નહીં પણ બે વખત તો એ સભાને અંગે પોતે વ્યાખ્યાનો પણ આપ્યાં હતાં. જ્યારે જ્યારે એ મહારાજ સભામાં પધારતા ત્યારે એક હજાર ઉપર શ્રોતાજનોની ઠઠથી માધવબાગનો વિશાળ ઓટલો ચીકાર ભરાઇ જતો અને સર્વે પૂર્ણ ઉત્કંઠાથી સાંભળતા હતા.

ઉપલી સભાનો દાખલો લઈને અત્રેની "આર્યજ્ઞાન વર્ધક" સભાના અગ્રેસરોએ પણ, એ મહારાજને નિમંત્રણ કરી એક જાહેર મેલાવડો અધિક જેઠ શુદ ૯ તા૦ ૨૨ મી મે ને શુક્રવારને દિને, સર મંગળદાસ નથુભાઈના **મંગળ બાગમાં** કર્યો. એ મેલાવડામાં આ નગરીના ઘણા સંભાવિત ગૃહસ્થોથી આખું દિવાનખાનું ખીચોખીચ ભરાઇ ગયું હતું. પંડિત **ગટ્ટૂલાલજીએ** "ધર્મના ત્યાગાત્યાગ વિચાર" ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. **શ્રુતિ, સ્મૃતિ** અને **ભગવદ્ ગીતાના** વચનો તથા અનેક દૃષ્ટાંતોથી આ પંડિતશ્રીએ પોતાના વિચારો એવી સરસ રીતે દર્શાવ્યા હતા કે શ્રોતાના મનપર તેની સારી છાપ પડી હોય એમ જણાતું હતું. જેમણે એ પંડિતજીનું વ્યાખ્યાન એકવાર પણ શ્રવણ કર્યું હશે તેમને તો કહેવાની જરૂર નથી

કે, એ પંડિતશ્રી ગમે તેવા ગહન શાસ્ત્રીય વિષયને એટલો તો સરળ કરીને સંભળાવે છે કે સહેજસાજ જ્ઞાનવાળાને પણ તેનો બોધ સત્વર થઇ શકે છે. પંડિતશ્રીના મજકુર ભાષણનો સમાવેશ આ ઠેકાણે કરવાને બની શકતું નથી; કેમકે તેમ કરતાં ઘણાં પાનાં રોકાય (અને ધાર્યા કરતાં સવાયું કદ તો થઇ ચુક્યું છે.) પરંતુ તેમની અદ્દભૂત શતાવધાન આદિ શક્તિની સહેજ નોંધ આ ઠેકાણે લીધા વિના રહેવાતું નથી.

---

## પેટા પ્રકરણ.

પંડિત **શ્રીગટ્ટુલાલજી** આર્યધર્મના જ્ઞાતા અને પ્રાચીન સંસ્કૃત વિદ્યામાં સર્વ પ્રકારે કુશલ છે—ચારે વેદ, **ન્યાય**, **મીમાંસા**, **તર્ક**, **સાંખ્ય**, **યોગ**, **વ્યાકરણ**, **સાહિત્ય**. **જ્યોતિષાદિ** શાસ્ત્રોમાં તેઓ નિપુણ છે, એટલુંજ નહીં, પણ તેઓ **શતાવધાની** અને **શીઘ્રકવિ** છે. **શતાવધાન** એટલે સો બાબત ઉપર એકજ વેળાએ લક્ષ આપવું તે. શતાવધાનના ઘણા પ્રકાર છે :-

(૧) **સંસ્કૃત**, **પ્રીજ**, ગુજરાતી, **મરાઠી** આદિ પંડિતશ્રીને જાણીતીજ માત્ર નહીં,પણ તેમને કેવલ અજાણી એવી **અંગ્રેજી**, **ફ્રેંચ**, લાટીન,**ગ્રીક**.ફારસી,જર્મન ઇત્યાદિ ભાષાના, વખત હોય તે પ્રમાણે. ૫–૧૦–૧૫ કે તેથી પણ વધારે શબ્દનાં, તેટલાંજ કે તેથી વધારે જુદાં જુદાં વાક્યો, પૃચ્છકો કાગળપર લખી રાખે અને પછી પોતપોતાનાં વાક્યનો ગમે તે એક શબ્દ પંડિતશ્રીને દરેક પૃચ્છક તરફથી કેહેવામાં આવે, એમ જેટલા ગૃહસ્થે જેટલી ભાષાની પૃચ્છા ધારી હોય તે તે ભાષાની પૃચ્છાના

શબ્દોમાંથી એકેક શબ્દ ગમે તે ક્રમમાં વારા ફરતી કહેતાં, દરેક પૃચ્છકે લીધેલા વાક્યના સર્વ શબ્દો પૂરા થાય કે તુરતજ તે તે વાક્ય તથા જ્યારે સર્વ જણાનાં સર્વ વાક્યો પૂરાં થાય ત્યારે તે બધાં વાક્યો સામટાં, બરાબર ક્રમમાં ગોઠવીને, પંડિતજી બોલી જાય છે. આ યાદ રાખવામાં વળી બીજો એવો ચમત્કાર હોય છે કે, તે દરેક વાક્યનો દરેક શબ્દ કઈ વખતે અને કેવા ક્રમભંગથી કહેવામાં આવેલો તે સુદ્ધાં એઓ તાબડતોબ કહી શકે છે. જે તે શબ્દના કહેનારા ગૃહસ્થને પણ ક્વચિત્ બરાબર યાદ રહે છે.

(૨) ઉપરનો પ્રયોગ ચાલતો હોય તેની વચમાં સમયે સમયે ઘંટડીના ૫-૧૦-૧૫ કે ગમે તેટલા ટકોરા કરવામાં આવે તો તેની પણ કુલ ખરેખરી સંખ્યા તથા અમુક વખતે આટલા ટકોરા થયા હતા તે પંડિતજી કહી આપે છે.

(૩) વળી શતાવધાનના ચાલતા પ્રસંગમાં શીઘ્રકવિતાના પ્રયોગો પણ પંડિતશ્રી કરે છે. ગમે તે બાબત કે વસ્તુનું વર્ણન કોઈ ગૃહસ્થ પુછે તેને તેજ સમયે કવિતામાં કહી સંભળાવવું તેનું નામ શીઘ્રકવિતા. આ પંડિતજીની શીઘ્રકવિતામાં વળી વધારે ચમત્કાર એ જોવામાં આવે છે કે, તે કવિતા જે છંદ (વૃત્ત)માં કરવાની કહી હોય તેમાંજ તેઓ તત્કાળ કરી આપેછે. એટલુંજ નહીં પણ, તેમાં જે રસ, અલંકાર વા નાયક નાયિકા વર્ણન માગીએ તે પણ લાવી આપે છે. વળી સમસ્યાપૂર્તિ, આદ્યાક્ષરી, અંતરલાપિકા, ગતાનુગતિકા, શ્લેષાર્થી, યમક-પ્રાસાનુપ્રાસ ઈત્યાદિ નીચે જણાવેલા કાવ્યના ચમત્કારો, તેવી તુરતાતુરત બનાવી આપેલી કવિતામાં આણી આપેછે.

બે પ્રકારની **સમસ્યાપૂર્તિ**– (૧) ત્રિચરણ સમસ્યા અને (૨) એકચરણ સમસ્યા. ગમે તે એક છંદના અનુસંધાનરહિત ત્રણ ચરણો કહ્યાં હોય, તેમાં એક ચરણ નવું ઉમેરીને આખો શ્લોક એવી રીતે પૂરો કરી આપવો કે તેમાં માગેલી બાબતનું વર્ણન આવી જાય, તેનું નામ ત્રિચરણસમસ્યા ; તેમજ ગમે તે શ્લોકનું એક ચરણ આપવામાં આવ્યું હોય, તેમાં બીજાં ત્રણ ચરણ ઉમેરીને પૃચ્છકનું ઈચ્છિત વર્ણન કવિતામાં જે આણી આપવું તેનું નામ એકચરણ સમસ્યા.

**આદ્યાક્ષરી** એટલે જે કવિતાનાં સઘળાં ચરણના આરંભનો એકેક અક્ષર વાંચતાં, તેમાંથી પૃચ્છકે માગેલું વાક્ય અથવા કોઇપણ મનુષ્યનું આખું નામ વંચાય તે.

**અંતરલાપિકા** એટલે બનાવેલા જે શ્લોકની અંદરથી માગેલું વાક્ય વાંચી શકાય અથવા વર્ણવેલી શંકાનો ઉત્તર જેમાંથી નિકળી શકે તેવી કવિતા.

**ગતાનુગતિકા** એટલે એકજ શ્લોક ઊંધો અને ચત્તો બે રીતે વાંચી શકાય અને જેમાંથી એક વા માગેલા જુદાજુદા અર્થો નિકળે તે.

**શ્લેષાર્થી** એટલે શ્લોક એકજ પણ તેમાં બે અર્થ સમાયલા હોય અથવા બે આપેલી જુદી જુદી વસ્તુનું વર્ણન તેમાં આણવામાં આવ્યું હોય તેવી દ્વિઅર્થી કવિતા.

**યમકપ્રાસાનુપ્રાસ** એટલે તેના તેજ અક્ષરો અથવા શબ્દો એકજ કવિતામાં વારંવાર અર્થચમત્કૃતિ સાથે વાપરવા તે.

એ સિવાય, **ઘટિકાશત** એટલે એક ઘડી (૨૪ મીનીટ)માં ૧૦૦ નવા શ્લોકો કરી આપવા તે. પંડિતશ્રીની આ શક્તિ-

તો ખરેખર કોઇને પણ વિસ્મય પમાડયા વિના રહેજ નહીં તેવીછે. આ રીતે થતી કવિતાની ગમે તેવા ચપળ રીપોર્ટ લેનારથી નોંધ પણ કદાચજ લેવાને બની શકે છે.

(૪) વળી પંડિતશ્રી બેઉ આંખે અપંગ છતાં,જુદાં જુદાં કદની અને જુદાં જુદાં અટપટાં નામની ૫–૧૦–૧૫ કે તેથી પણ વધારે ચોપડીઓ, તેમના હાથમાં દરેક ચોપડીનું નામ દઇને આપીએ અને પછી તેમાંની ગમે તે ચોપડી આપણે માગીએ, તો તરત પંડિતશ્રી તે પૃચ્છકને હવાલે કરેછે, એટલુંજ નહીં પણ, તેમને અગાઉ ન આપેલી એવી નવી ચોપડી જો તેમાં ભેળી દઈએ, તો તે પણ તેઓ તરત પકડી આપેછે. આ પ્રયોગ જુદીજુદી કોમના સેંકડો મનુષ્યો–યુરોપીઅનો, **પારસી, હિંદુ** વગેરેની સમક્ષ–**ફ્રામજી કાવશજી ઈન્સ્ટીટયુટમાં**, આશો શુદિ ૬ તા૦ ૧૫મી અકટોબર ૧૮૮૫ ને દિને "**આર્યજ્ઞાનવર્ધક સભા**" તરફથી મુંબઇની હાઈ કોર્ટના જાણીતા લોક પ્રિય જડજ **સર વિલીયમ વેડરબર્નના** પ્રમુખપણા હેઠલ કરવામાં આવેલા મેલાવડામાં. ફત્તેમંદ રીતે કરવામાં આવ્યો હતો.

તેમજ આ પંડિતજીની **અન્યથાનયનશક્તિ** પણ અદ્ભુત પ્રકારની છે. **અન્યથાનયન** એટલે કોઈ પણ અસંભવિત વાત કહી હોય તેને સંભવિત જેવી લાગે, એવા આકારમાં ગદ્ય કિંવા પદ્યમાં ગોઠવવી તે.

ઉપર જણાવેલા શતાવધાન તથા શીઘ્રકવિતાના પ્રયોગો મુંબઇમાં હિંદુમેળાવડાઓમાં સેંકડો વખત થઈ ચુક્યા છે. એ સિવાય, શતાવધાન તથા શીઘ્રકવિતાના સંબંધમાં, બીજું શું શું એઓ કરી શકે છે, તે આ લખનારની જાણમાં નથી.

આવી અદ્ભૂત સ્મરણશકિતના પુરૂષો કવચિતજ દીઠામાં આવેછે. આજકાલ, **યુરોપ** અને **અમેરિકા** ખંડો વિદ્યા વૃદ્ધિમાં સૌથી આગળ પડતા છે. તેમ છતાં, ત્યાં પણ આવી અસાધારણ શકિતના પુરૂષ જવલેજ કોઇ હશે. આપણા દેશમાં **અષ્ટાવધાની** (સામટું આઠ કામપર લક્ષ રાખનારા) **દ્રાવીડ** પ્રાંત તરફ ઘણા મળી આવેછે. પણ આવા શતાવધા-ની, સાંપ્રત કાળમાં મળવા મુશ્કેલછે, તેમાં પણ **ગટ્ટુલાલજી**ની સાથે સરખાવવા જેવા તો કોઈ હોય વા ન પણ હોય.જેઓ હશે, તેઓ ગણિત, **શીઘ્રકવિતા** વગેરે અષ્ટાવધાનના ચમત્કારો કરી શકશે, પણ એકી વખતે એકસો ઠેકાણાપર ધ્યાન આપનાર અને તે પણ વળી સાધારણ નહીં, પણ કાવ્ય, સાહિત્ય, તત્વજ્ઞાન, અજાણી ભાષાઓ વગેરે ઉપર જણાવેલી જાતની પૃચ્છાઓના જવાબ દેવાની એમના જેવી શકિતવાળા તો કદાચ કોઈકજ મળશે. બીચારા હિંદ હિતેચ્છુ **હેનરી ફૉસેટ** સાહેબ તો ૨૧ વર્ષ સુધી **યુનીવરસીટી**ની ઉંચી કેળવણી સંપાદન કર્યા પછી અંધાપાના દુઃખમાં આવી પડેલા, કવિ **મીલટને** ઘડપણમાં અંધાપો ભોગ-વેલો, પણ **ગટ્ટુલાલજી** તો બાળપણથી અંધાપાનું અસહ્ય દુઃખ ભોગવેછે! આઠ વર્ષની વયે તો એ પંડિતનું નેત્રસુખ ગએલું!! આવો અંધાપો પ્રાપ્ત થયા પછી, **વેદ, ન્યાય, મી-માંસા, તર્ક, સાંખ્ય, યોગ, વ્યાકરણ, કાવ્ય, સાહિત્ય, જ્યો-તિષ** વગેરે આર્યવિદ્યામાં કુશળતા, અને **સ્મૃતિ, પુરાણ** વગેરે ધર્મશાસ્ત્રમાં નિપૂણતા મેળવી છે!!! આમ છતાં, તેમની આજની સ્થિતિ કેવી વિપરીતછે!!!! આવા ઉત્તમ વિદ્વાનની દુર્દશા આપણાજ દેશમાં અને આપણા બેકદર **ગુજરાતી**ઓમાંજ રહે!!!!

"આર્યસુધર્મોદય" સભા સ્થપાયા પછી એકવાર એમને માટે એક ફંડ કરી આસરે અરાઢ હજાર રૂપીઆ એકઠા કરેલા; તેમાંથી પંડિતશ્રીનું કરજ વગેરે પતાવતાં બાકી રૂપીઆ ૮–૯ હજાર સરકારી લોનો લઇ તેમને માટે ટ્રસ્ટ કરેલા હાલ છે. તેના વ્યાજની વાર્ષિક રકમ ફક્ત રૂ. ૩૦૦ થી ૪૦૦ થાય. તે કરતાં લગભગ બમણો ખરચ તો, એમણે પોતાને ત્યાં આવતા વિદ્યાર્થીઓને, વગર ફીએ ભણાવવા માટે સંસ્કૃત પાઠશાળા સ્થાપી છે, તેનો થતો હશે. સિવાય સંપ્રદાયની રીત પ્રમાણે ઠાકોરસેવા આદિ રાખતાં, મંદિરનો ખરચ કનિષ્ટ-પણે કરતાં પણ દર માસે રૂ. ૨૫૦ થી ૩૦૦ ન થાય શું? અગર જોકે બીજા મહારાજોની માફક નથી તેમને ત્યાં ગાડી કે નથી એકાદું ઘોડું, કે નથી તેવો બીજો કોઈ પણ પ્રકારનો વૈભવ, પરંતુ ગટ્ટૂલાલજીના માતુશ્રી લાડુબેટીજીમહારાજ, જે શ્રી મથુરેશજીની મોટી ગાદીના જુનાગઢવાળા મહારાજ શ્રી મગનલાલજીના બેટીજી થાય અને જેમનું મંદિર મુંબઈમાં હાલ ગટ્ટૂલાલજી રહે છે તે છે, તે મંદિરના નિભાવને માટે-એટલો ખરચ રાખ્યા વગર તો તેમને છુટકોજ નહીં. વળી પોતાની ગમે તેવી ગરીબાઇ છતાં, કોઈ વૈદિક, શાસ્ત્રી આદિ અભ્યાગત આવી ચઢે તેનો યથાશક્તિ સત્કાર કર-વાની જે પોતાની ફરજ સમજે, તેમને માટે માત્ર રૂ ૮ કે ૯ હજાર ટ્રસ્ટ કરીને રૂ૩૦૦ કે ૪૦૦ ની વાર્ષિક પેદાશ કરી આપી તેથી શું આ પંડિતજીનું દળદર ફીટાડયું કહે-વાય? આટલું કરીને તો ઉલટા આ પંડિતજીને વધારે વિપરીત

સ્થિતિમાં આણી મુકયા છે, એમ કહેવાને હરકત નથી; કેમકે એમના વિરોધી–અત્રેના કેટલાએક લંપટ બળીયલ મહારાજો, જેઓ વૈષ્ણવો પ્રતિ ગટ્ટૂલાલજીના યથાર્થ ધર્મબોધથી પોતાની અનીતિની પેદાશમાં પહાણો પડતો માનનારા–તેમને તો ઉપરના કારણથી ઉલટું બીચારા ભોળા વૈષ્ણવોને સમજાવવાને સહેલ પડી ગયું છે કે, गट्टूजी सरीखे भटडाकुं देयवेको कहा फल हे? वैष्णवनकी तो दानत भृष्ट भई हे. **लाडो बेटीजी** तो अब हे नही, तासों यह भट्टजीको अब कहा लगे? अपरंच उनके लिये तो वैष्णवनने बडो **फंड** कियो हें!!!

૪૦. આમ બનવાથી જેમ બીજાં મંદિરોમાં **સામગ્રી** ભેટ, આદિ વૈષ્ણવો તરફથી પહોંચે છે તેમ, **શ્રીલાડુબેટીજી** મહારાજવાલા બીચારા ગટ્ટૂજીના મંદિરમાં, લાડુ બેટીજી વિધમાન છતાં જેવીરીતે પહોંચતું, તે ઘણું ઓછું થઈ ગયું છે. હા, વૈષ્ણવોમાં જેઓ ખરેખરા સમજુ છે, તેઓ તો એમનો શક્તિ અનુસાર સત્કાર કરવાને હજુ પણ ચુકતા નથી, કેમકે સંપ્રદાયને વિષે આ પ્રપંચી નગરીમાં ધર્મ સેવા આદિનીતિથી જોતાં પણ **પંડિત ગટ્ટૂલાલજી** કરતાં વધારે પાત્ર બીજા કોણ છે? પણ આવો વિવેક વિચાર કરનારા તે કેટલા?

આ "આર્યસુધર્મોદય" સભામાં સેંકડો ધનવાન અને થોડાએક વિદ્વાન વૈષ્ણવ સભાસદો છે. તેમ છતાં, પંડિતશ્રીજીની હાલની હાલત જોતાં મારાથી કહ્યાવગર રહેવાતું નથી કે આવી અદ્ભૂત શક્તિ છતાં એમના જેવા દુર્ભાગી કોઇકજ હશે. અગર સ્વામી દયાનંદ જેવા સંયોગો [ઠેકઠેકાણે આર્ય સમાજોની

સ્થાપના-વિદ્વાનોનો સંબંધ ઇ૦] પંડિત ગટ્ટૂલાલજીને મળ્યા હોત અરે હજુ પણ મળે તો—એમની આવી અવસ્થા રહી હોત—અરે હજુ રહે ખરી કે?

ત્યારે આ પંડિતરત્ન અદ્યાપિ અંધારામાં અથડાયાં કરે છે એ મોટા ખેદની વાત નથી શું?

"આર્યસુધર્મોદય" સભાને અંગે આજ સુધીમાં એ પંડિતજીના ધર્મ આદિ વિષયો ઉપર કંઇ સેંકડો—ઘણાં અમુલ્ય વ્યાખ્યાનો થઈ ગયાં હશે, પણ તેનું નામ કે નિશાન રાખવાને, તે સભાને અદ્યાપિ સુજ્યું છે? થોડા માસ થયાં એ પંડિતશ્રીના સમાગમમાં આવવાથી આ લખનારના મન ઉપર જે છાપ પડી તેનું વર્ણન કરી શકાય તેવું નથી. બારેક મહિના થયા પંડિતશ્રીના, જાહેરમાં તથા ખાનગી ગૃહસ્થોને ત્યાં થએલાં વ્યાખ્યાનો, જુદાં જુદાં છાપાં ચોપાનિયાંમાં આવતાં થયાં છે અને તેની વાંચનારાઓના મન ઉપર અસર ઠીક થઇ માલમ પડેછે. આ પુસ્તકના કામમાંથી પરવારતાં, કદરદાન ગુજરાતીઓની અપેક્ષા દીઠામાં આવશે તો, ગટ્ટૂલાલજીના મજકુર વ્યાખ્યાનોનો સારસંગ્રહ બહાર પાડવાને બનશે. પણ 'આડી રાત તેની શી વાત?' ઇશ્વરેચ્છા પ્રબળ છે. આવેશમાં વળી આટલું આડા જવાયું, પરન્તુ તેનું કારણ ઉઘાડું છે: આ પંડિતશ્રીના વૃત્તાંતની નોંધ કોઇ પુસ્તકમાં અદ્યાપિ સુધી નહીં આવેલી હોવાથી આ સ્થળે તેની ટુંક નોંધનું ઉપ—પ્રકરણ દાખલ કર્યા વગર રહેવાયું નહીં. માટે વાંચનારની ક્ષમા ચાહી પ્રકૃત વિષયપર આવીએ.

---

"ધર્મના લાગાલાગ વિચાર" વિષેનું ભાષણ પુરૂં થયા-બાદ, જુદી જુદી ૧૩ ભાષાઓના વાક્યોના વ્યતિક્રમથી કહેલા છુટા છુટા શબ્દો તથા ઘંટડીના ટકોરા આદિ **શતાવધાન**ના ચમત્કારિક પ્રયોગો; તેમજ ગતાનુગતિકા, એકચરણ અને ત્રિચરણ **સમસ્યાપૂર્તિ**ની માગેલા **છંદ**, **રસ** અને **અલંકાર**માં સંસ્કૃત **શીઘ્રકવિતા** વગેરે પંડિતશ્રી તરફથી તે સભામાં કરવામાં આવ્યું હતું. જે જોઈ સભામાં હાજર આબાળવૃદ્ધ સર્વે–**શ્રીમદ્ દેવકીનંદનાચાર્યજી સુદ્ધાં**–છક થઈ ગયા હતા અને એક બીજા સાથે પંડિતજીની અલૌકિક શક્તિની પ્રસંશા કરતા હતા. તેનો સવિસ્તર હેવાલ, લંબાણ થવાથી આ ઠેકાણે દાખલ કરવાને બનતું નથી, તેને માટે અમે ઘણા દલગીર છીએ. પરંતુ સૌથી છેલ્લે એક ગૃહસ્થે "**અંબાડી** ઉંટ સીંગડે જન જુઓ રાજે રવી રાતમાં" એ અસંભવિત–શાર્દૂલવિક્રીડિત છંદનું એક ગુજરાતી–ચરણ આપી બીજાં ત્રણ નવાં ચરણો બનાવી તેની પૂર્તિ કરવા તથા તેમાં સભાનું વર્ણન આણવાને જણાવ્યું હતું. તે **સમસ્યા** પંડિતજીએ તત્કાળ આશ્ચર્યકારક રીતે પુરી કરી આપેલી જે અત્રે ટાંકી લઈ આ વિષયાંતર બાબતને સમાપ્ત કરીએ છીએ :–

## શાર્દૂલવિક્રીડિત.

નીચા જે યવનો ભણી ગુણ ગણી, તત્વો લહે વેદનો[1],
તેથી ચિત્ત ચળે ચમત્કૃતિ ચઢે, મારે ઘણી વેદનો[2];
આચાર્યો બહુ ધર્મ કાર્ય કરવા, આવ્યા અહીં પાંતમાં[3],
"અંબાડી[4] ઉંટ સીંગડે જન જુઓ, રાજે રવી રાતમાં.

---

૧ શ્રુતિના. ૨ દુઃખ. ૩ વિદ્વાનોની પંક્તિમાં. ૪ ઊંટને તે વળી શીંગડાં હોય અને તે ઉપર તે વળી હાથીઉપર હોય છે તેવી અંબાડી સંભવે ?

એ પછી ગોસ્વામિ **શ્રીદેવકીનંદનાચાર્યજીને** બ્રહ્મસમર્પણ, ગુરૂધર્મ વગેરે સંપ્રદાય સંબંધી બાબતોપર કેટલાક ભાટીઆ ગૃહસ્થોએ પ્રશ્નો પૂછ્યા હતા, જેના ઉત્તર મહારાજશ્રીએ ઘણી સ્વતંત્રતાથી દઇ પ્રશ્નકાર તથા શ્રોતાઓના મનનું સમાધાન કર્યું હતું. એ મેળાવડાને ત્રીજે દિવસે એટલે અધિક જ્યેષ્ઠ શુદિ ૧૧ તા૦ ૨૪ મી મે ને રવિવારને દિને " **આર્યસુધર્મોદય** " સભામાં શ્રીમદ્ દેવકીનંદનાચાર્યજીએ " **વૈદિક ધર્મની આવશ્યકતા** " વિષે એક સુરસ વ્યાખ્યાન આસરે ૧૫૦૦માણસોની ઠઠ વચ્ચે આપ્યું હતું. મહારાજશ્રીના એ ભાષણની મતલબ અત્રે આપી, આ પ્રકરણ સમાપ્ત કરીએ છીએ.

## શ્રીમદ્ દેવકીનંદનાચાર્યજી મહારાજનું " વૈદિકધર્મની આવશ્યકતા" વિષે વ્યાખ્યાન.

**" चिन्तासंतानहंतारो यत्पादाम्बुजरेणवः ।**
**स्वीया नान्तान्निजाचार्यान् प्रणमामि मुहुर्मुहुः ॥१॥**
**यदनुग्रहतो जन्तुः सर्वदुःखातिगोभवेत् ।**
**तमहं सर्वदा वंदे श्रीमद्वल्लभनंदनम् ॥ २ ॥ ***

* સદરહુ એ શ્લોકથી મંગલાચરણ કરીને ભાષણ શીરૂ કર્યું હતું. એનો ભાવાર્થ આપ્રમાણે છે: જેના ચરણ કમળની રેણુ ભક્ત જનની વિસ્તાર પામેલી ચિંતાને હરેછે, તે **શ્રીમદ્વલ્લભાચાર્યજીને** હું વારંવાર પ્રણામ કરૂંછું. જેના અનુગ્રહથી પ્રાણી સર્વ દુઃખથી પાર પડે તેવા **શ્રીમદ્વલ્લભનંદન**( શ્રીવિઠ્ઠલનાથજી—ગોસાંઈજી ) ને હું સર્વદા વંદન કરૂંછું.

"વર્ણાશ્રમ ધર્મનો ઉપદેશ કરવાનો ચાલ આપણા વૈષ્ણવ સંપ્રદાયમાં દેખવામાં આવતો નથી. તેનું કારણ એ કે અસલ આ સંપ્રદાયના શિષ્યોમાંનો ઘણો ભાગ પોતપોતાના વર્ણાશ્રમ ધર્મ પ્રમાણે ચાલતો હતો. માટે એ બાબતનો ઉપદેશ કરવાની જરૂર નહોતી. હાલ કેટલાક લોકો વર્ણાશ્રમ ધર્મથી ભ્રષ્ટ થયા છે. માટે એ બાબતનો ઉપદેશ કરવાની આ કાળમાં ઘણી જરૂર છે. કેમકે તેમ થએથી વેદ શું? વૈદિક ધર્મ શું? તે લોકોના સમજવામાં આવે. વેદ ધર્મની આવશ્યકતા સમજીને, ગર્ભાધાનાદિ ૧૬ સંસ્કારો બરાબર કરવા જોઈએ, જેથી વૈદક શાસ્ત્રમાં તથા ધર્મ શાસ્ત્રમાં કહેલા ફાયદાઓ બરાબર મળી શકે. તે ફાયદાઓ એ કે, ૧૮ વર્ષ પહેલાં પુરૂષનું વીર્ય પડવાથી તે નિસ્તેજ, નબળો અને પ્રતાપ (પરાક્રમ-કીર્તિ) વિનાનો થઇ જાય. તેમજ સ્ત્રીને પણ શોભનમુહૂર્ત (રજોદર્શન) થયાં પહેલાં, તેની સાથે લૌકિક વહેવાર થાય, તો તે સ્ત્રીની પણ શરીર શક્તિ ક્ષીણ થાય છે. અને ગર્ભ પણ નબળો ઉત્પન્ન થાય છે. શાસ્ત્ર પ્રમાણે, બ્રહ્મચર્ય પાળવાથી શરીર સારૂં રહે, પ્રજા સબલ થાય, ઇત્યાદિ વૈદકશાસ્ત્રના ફાયદાઓ મળે છે, તેમ વળી ધર્મશાસ્ત્રના નિયમો પણ પળાય છે. પ્રથમતઃ તેણે કરીને બાલકોને સારો વિદ્યાભ્યાસ કરવાને અવકાશ મળેછે. નાની વયમાં છોકરાનો વિવાહ કરી પાડીએ તો તેને ઘર કામકાજમાં જોડાવું પડે, ત્યારે તે આગળ ભણી કેમ શકે? વિદ્યાની સાથે બીજાં ઘણા પ્રકારનાં, તન, મન તથા ધનનાં નુકસાનો થાયછે, એટલુંજ નહીં પણ, મનુષ્યની સંસારી સ્થિતિ તેથી કેવલ બગડી જઈને તે ધર્મને યથાર્થ સિદ્ધ કરી શકતો નથી. માટે વેદ પ્રમાણે બ્રહ્મચર્ય આદિ આશ્રમો જરૂર પાળવા જોઇ-

એ. શ્રીમદ્‌ભાગવત્‌ના છઠ્ઠા સ્કંધમાં વિષ્ણુદૂતો પ્રતિ યમદૂતો એ કહેલું છે કે,

**वेदप्रणिहितो धर्मोह्यधर्मस्तद्विपर्ययः ।**
**वेदो नारायणः साक्षात् स्वयंभूरितिशुश्रुम ॥**

જે વેદમાં બતાવ્યું હોય તે ધર્મ અને જે વેદથી વિપરીત હોય તે અધર્મ. વેદ સાક્ષાત્ નારાયણ છે. (તે) પોતાની મેળે પ્રગટ થએલો છે.

બ્રહ્મચર્યાશ્રમવાળાએ વેદમાં કહ્યા પ્રમાણે બ્રહ્મચર્ય પાળી ગુરૂને ઘેર રહી વિદ્યાભ્યાસ અવશ્ય કરવો જોઈએ. તે પુરો થએ ગુરૂદક્ષણા દઇ ઘેર આવવું. અને ત્યારપછી ગૃહસ્થાશ્રમ પણ જરૂર કરવો જોઈએ.

ગૃહસ્થાશ્રમ એ બધા આશ્રમોનું મૂળ છે. બ્રહ્મચારી અને સંન્યાસીનો મૂળ આધાર પણ ગૃહસ્થાશ્રમીઓ ઉપરજ છે. ગૃહસ્થોને ઘેરથી આણેલી ભિક્ષાથી તેઓ પોતાનું પેટ ભરે છે. માટે ગૃહસ્થાશ્રમ સર્વ કોઈએ કરવો જોઈએ. પણ તે કુતરા બલાડાની માફક કેવલ વિષય ભોગ માટે નહીં. ગૃહસ્થ થઇ અગ્નિહોત્ર વગેરે વૈદિક કર્મો અવશ્ય કરવાં જોઈએ. જ્યારે ઇંદ્રિઓ વિષયભોગથી ધરાય ત્યારે ભલે વાનપ્રસ્થાશ્રમ લેવો.

વાનપ્રસ્થાશ્રમના બે પ્રકાર છે. એક તો સ્ત્રીને સાથે તેડીને વનમાં જવું અને બીજો સ્ત્રી ઘેર પુત્રને સોંપીને એકલાજ વનવાસ કરવો. આ બંને પ્રકાર શાસ્ત્રમાં કહેલા છે. સ્ત્રી સાથે હોય તોપણ વાનપ્રસ્થાશ્રમમાં સ્ત્રી સાથે એકાંતનો લૌકિક વહેવાર રાખવાનો નિષેધ છે, કારણકે, એ દંપતિ (બેઉજણ) મન તથા ઇંદ્રિઓનો નિગ્રહ કરનારા હોવાં જોઇએ.

એ દંપતિએ વનમાં એક બીજાની વચ્ચે માત્ર એક લાકડીનો આંતરો રાખીને ઝાડની છાલપર સુવું જોઇએ; એટલુંજ નહીં પણ, બંનેમાંથી એકેના મનમાં કામનો લગાર પણ સંકલ્પ ઉઠવો ન જોઈએ. મનોવિકારથી પણ એ આશ્રમના ધર્મનો ભંગ થાય છે. આ બાબત પ્રસંગે જણાવવી પડી; બાકી આ કાળમાં તેનો ઉપયોગ નથી. હમણા કળિયુગમાં વાન-પ્રસ્થાશ્રમ ગ્રહણ કરવાને શાસ્ત્રમાં મના કરેલી છે.

ચોથો સંન્યાસાશ્રમ છે. સ્ત્રીપુરૂષ નજીક નજીકમાં એક પથારીએ સુએ તોપણ ઈંદ્રિઓને કોઇપણ જાતનો વિકાર ન થાય એવો પક્કો વિરાગ થાય ત્યારેજ સંન્યાસ લેવાનું કહ્યું છે. હમણા ઘણા ખરા ( જોગટાઓ ) માંથુ મુંડાવી જનોઇ બાળી હાથમાં એક દંડ તથા કમંડળુ લઇને સંન્યાસી બની જાય-છે. પણ વૈરાગ્ય વિના સંન્યાસી બનવું એ શાસ્ત્ર વિરૂદ્ધ છે. સંન્યાસના પણ કુટીચક આદિ ચાર ભેદો છે. તે ભેદો શાસ્ત્ર પ્રમાણે પોતાનો અધિકાર તપાસીને સ્વીકારવા પડેછે. એકજ ગા-મમાં ઘણા દિવસ પડી રહેવું એ સંન્યાસીનો ધર્મ નથી. સં-ન્યાસી પછી એક પરમહંસ દશા છે. એ જુદાજ પ્રકારની છે. એનું વર્ણન અત્રે કરવાની જરૂર નથી.

જેમ ચાર આશ્રમ છે, તેમ વર્ણ ( જાતિ ) પણ ચાર છે. "એ વર્ણો પાછળથી એક બીજાની મતલબથી બ્રાહ્મ-ણોએ ઉભી કરી છે અને પ્રથમ ( સૃષ્ટિની ઉત્પત્તિના સમયમાં ) એકજ વર્ણ હતી" એવું કેટલાક આધુનિક નવા વિચારવાળાઓનું માનવું છે. પરંતુ, એ વાત ખરી નથી. ચારે વર્ણો અનાદિ કાળથી છે. શ્રીકૃષ્ણ ભગવાન્ પોતે ગીતાજીમાં જણાવે છે કે,

**चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्मविभागशः**

( અ૦ ૪ શ્લોક ૧૩ ).

"ગુણકર્મવિભાગે કરીને ચારે વર્ણો મેંજ સર્જેલી છે."

અને ૧૮ મા અધ્યાયમાં વધારે સ્પષ્ટ રીતે આમ કહ્યું છેઃ—

**ब्राह्मणक्षत्रियविशां शूद्राणां च परंतप ॥**
**कर्माणि प्रविभक्तानि स्वभावप्रभवैर्गुणैः ॥४१॥**
**शमो दमस्तपः शौचं क्षांतिरार्जवमेव च ॥**
**ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रम्हकर्म स्वभावजम्॥४२॥**
**शौर्यं तेजो धृतिर्दाक्ष्यं युद्धे चाप्यपलायनम् ॥**
**दानमीश्वरभावश्च क्षात्रं कर्म स्वभाजम् ॥४३॥**
**कृषिगोरक्षवाणिज्यं वैश्यकर्म स्वभावजम् ॥**
**परिचर्यात्मकं कर्म शूद्रस्यापि स्वभावजम् ॥४४॥**
**स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः ॥४५॥**

હે પરંતપ! સ્વભાવથીજ ઉત્પન્ન થએલા ગુણોએ બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય અને શૂદ્રના કર્મો જુદાં જુદાં છે. ૪૧.

શમ, દમ, તપ, શૌચ, શાંતિ, આર્જવ, જ્ઞાન–જાણવું, વિજ્ઞાન-અનુભવ અને આસ્તિક્ય–એ બ્રાહ્મણનાં સ્વાભાવિક કર્મ છે. ૪૨.

શૌર્ય, તેજ–પ્રતાપ ધૈર્ય, ચાતુર્ય, યુદ્ધમાં અપલાયન ( પાછા પગલાં ન ભરવાં તે ), દાન અને ઇશ્વરભાવ એ ક્ષત્રીઓના સ્વાભાવિક કર્મ છે. ૪૩.

ખેતી, ઢોરોનું પાલણ અને વેપાર ધંધો કરવો એ વૈશ્યના સ્વાભાવિક કર્મ છે. અને (એ ત્રણે વર્ણની) સેવા કરવી એ શૂદ્રનું સ્વાભાવિક કર્મ છે. ૪૪.

એ પોત પોતાના કર્મમાં એકનિષ્ઠાથી આસક્ત રહેનાર નર સારી રીતે સિદ્ધિને ( જ્ઞાનીની દશાને ) પામે છે. ૪૫.

એ રીતે વર્ણાશ્રમ ધર્મની કેટલીક હકીકત ટૂંકમાં કહી. એમ ચારે વર્ણ પોત પોતાના ધર્મો શાસ્ત્રપ્રમાણે બરાબર પાળવા જોઈએ. એ વર્ણાશ્રમ ધર્મો વેદ અને સ્મૃતિઆદિમાં વિસ્તારથી નિરૂપણ કરેલા છે. સ્કંદપુરાણમાં એક ઠેકાણે ભગવાને કહ્યું છે કે વેદ અને સ્મૃતિ એ બે મારી આજ્ઞા છે. જે કોઇ એ પ્રમાણે ન ચાલે તે મારી આજ્ઞાનું છેદન કરનાર અને મારો દ્વેષી બને છે. તે મારો ભક્ત હોય તોપણ તેને ( ખરો ) વૈષ્ણવ ન જાણવો. **શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ** પણ પોતાના બનાવેલા "**નિબંધ**" નામના **ગ્રંથમાં** કહેલું છે કે:-

**धर्ममार्गं परित्यज्य छलेनाधर्मवर्तिनः ।**
**पतंति नरके घोरे पाषंडमतवर्तनात् ॥**

ધર્મમાર્ગ છોડી છળે કરીને અધર્મમાં વર્તનાર લોકો પાખંડ મતમાં વર્તવાથી ઘોર નરકમાં પડે છે.

પાખંડ ( પાષંડ ) શબ્દના અર્થ બે છે. (૧) पा એટલે પાપ અને षंड એટલે સમૂહ. પાપનો સમૂહ તે પાખંડ.

(૨) पाशब्देन त्रयो वेदा जगतः पालनात् मताः જગતનું પાલન કરવા ઉપરથી "પા"શબ્દે કરીને ત્રણ વેદ તેનું "ખંડ" એટલે ખંડન કરનાર એવો જે મત તે પાખંડમત. છળ એટલે મનમાં કંઇ અને બહારથી આચરણ બીજું તે, જેમકે,

**अंतः शाक्ता बहिः शैवाः ।**
**सभामध्ये तु वैष्णवाः ॥**

મનમાં શાક્ત ( શક્તિ એટલે દેવીના ઉપાસક), બહારથી ( ભસ્મ રૂદ્રાક્ષ ધારણ કરીને ) શૈવ અને સભામાં ( તુળસીનીમાળા અને ઉર્ધ્વપુંડ્ર તિલક કરીને ) વૈષ્ણવ બને, તેનું નામ

છળ. જેમ "પોથીમાંના રીંગણાં" ની કહેવત છે તેમ, માટે છળ ધર્મ ન કરવો.

ગુરૂ પણ પોતે સદાચરણ કરી બીજાને ઉપદેશ કરે ત્યારેજ શિષ્યોના મનપર તે ઉપદેશ બરાબર ઠસે (અસર કરે). બરાબર આચરણ ન કરે એવા ગુરૂનું કહ્યું કોઈ માનતા નથી. છળ કરનાર ગુરૂ માટે એક ઈતિહાસ **શ્રીમદ્ વલ્લાભચાર્યજીના** ચરિત્રમાં છે કે પોતે દક્ષિણયાત્રા કરવા પધાર્યા હતા ત્યાં કોઈ એક-ઠેકાણે રસ્તામાં એક અજગર પડેલો હતો, જેને હજારો કીડા વળગેલા હતા. તેને જોઇ શિષ્યોએ **આચાર્યજીને** પુછયું કે આણે શાં પાપ કર્યા છે કે તેનું આવું દારૂણ ફળ ભોગવે છે? ત્યારે તેમણે કહ્યું કે આ અજગર પૂર્વજન્મમાં એક બ્રાહ્મણ–ગુરૂ હતો. તેણે અનેક ચેલા કર્યા પણ પોતામાં સામર્થ્ય ન હોવાથી તેમનો ઉદ્ધાર કરી શક્યો નહીં. તે ગુરૂ આ અજગર છે અને તેના શિષ્યો આ કીડા થયા છે. માટે

લોભી ગુરૂ લાલચુ ચેલા,
દોનું નરકમેં ઠેલમઠેલા.

જેવું પરિણામ બને છે. લોકોએ વેદ ધર્મ અવશ્ય પાળવો જોઈએ અને ગુરૂઓએ તે પળાવવો જોઇએ. ભગવદ્ભક્તિ કરવી તે પણ વર્ણાશ્રમધર્મયુક્ત કરવી જોઇએ. વૈદિક ધર્મનો આગ્રહ આ સંપ્રદાયમાં અસલથી છે. હમારી જ્ઞાતી (મહારાજો) માં હાલ ૧૬ સંસ્કારો થાય છે. તેમ ત્રણ સંધ્યા પણ નિત્ય ચાલે છે. **શ્રીમદાચાર્યજી** પંડે અગ્નિહોત્રી અને સોમયાજી હતા. અને તેમની ચાર પાંચ પેઢી સુધી **અગ્નિહોત્ર** અને સોમયજ્ઞ વગેરે મોટા મોટા યજ્ઞ કરનારા હતા. એટલામાટે કેટલાક તો આજ સુધી **દીક્ષિતજી*** ના નામથી ઓળખાય છે. જો વૈદિક

* યજ્ઞોકરી દીક્ષા લેનાર તેને દીક્ષિત કરીને કહે છે.

ધર્મ આવશ્યક ન હોય તો આમ કેમ બને? શ્રીગુંસાઈજી જબલપુર પાસે ઘડા ગામમાં ગયા ત્યારે તેમની સાથે કેટલાક નાતિલા તૈલંગો અગ્નિહોત્રી હતા. તેમને ત્યાંની દુર્ગાવતી રાણીએ ભેટ કરેલાં ૧૦૮ ગામ પોતે ન રાખતાં વાંટી આપ્યાં હતા. કારણ, અમારામાં દાન ન લેવાનો રીવાજ અસલથી ચાલ્યો આવે છે. એ દુર્ગાવતી રાણીના આગ્રહથી ૨૨ મહિના શ્રી ગુંસાઈજી ત્યાં બીરાજ્યા હતા અને ત્યાં એક વિષ્ણુયાગ કર્યો હતો. તેમજ ચારે વર્ણના શિષ્યો પણ પોતપોતાના વર્ણાશ્રમ ધર્મ પાળતા હતા. તેનો નમુનો હાલ કાશી વગેરે સ્થળોના ક્ષત્રી વૈશ્યોમાં દેખાય છે.

ભક્તિરૂપ ઉત્તમ સ્થાનમાં પહોંચવાને વર્ણાશ્રમ ધર્મરૂપી સીડી છે. તે સીડીપર ક્રમેક્રમે સદ્ધર્મ અને સત્સંગ વૃત્તિથી ચઢી શકાય છે. એકદમ ઠેકડો મારીને કોઈ જવા ઇચ્છે તો તેના હાથ પગ ભાગી પડે. યજ્ઞ વગેરે વૈદિક ધર્મો ભક્તિનાં મુખ્ય સાધન છે.આ વાત"સર્વોત્તમ સ્તોત્ર"માં પણ શ્રી ગુંસાઇજીએ સૂચવેલી છે. વળી આચાર્યજીનું નામ कर्ममार्गप्रवर्तक એવું છે. જો આ સંપ્રદાયમાં કર્મની આવસ્યકતા ન હોત તો આ નામજ ન પડત. વળી यज्ञभोक्ता यज्ञकर्त्ता रासलीलैक तात्पर्यः એટલે યજ્ઞ ભોગવવાવાળા, યજ્ઞ કરવાવાળા અને રાસ લીલાનું તાત્પર્ય જાણવાવાળા, આવા પણ આચાર્યોના નામ છે. માટે લોકો (વૈષ્ણવો ) એ અંતઃકરણપૂર્વક ભક્તિમાં નિષ્ઠા રાખવી. અને ભક્તિનું સાધન સમજી વર્ણાશ્રમ વગેરે વૈદિક ધર્મનું આચરણ અવસ્ય કરવું. વૈદિક ધર્મની આવશ્યકતા નિબંધ, સર્વાર્થનિર્ણય વગેરે ગ્રંથોમાં શ્રીમદાચાર્યજીએ ઘણા લંબાણુથી જણાવી છે. તે આજ્ઞા પાળી વર્ણાશ્રમધર્મ સૌ જણે પાળવો એવી મારી ભલામણ છે."

# પ્રકરણ ૩.

—o—

ગયા પ્રકરણને અંતે આપેલા વ્યાખ્યાનની નોંધ મુંબઈના રોજીંદા વર્તમાનપત્રોમાં આવી અને મુંબઈના વૈષ્ણવ વર્ગમાં તેથી મોટો ખળભળાટ થઈ રહ્યો; એ મહારાજના વિચાર કેવા છે, તેનું સહેજ સ્વરૂપ લોકોના સમજ્યામાં આવ્યું. ઠેકઠેકાણે તેમની પધરામણીઓ થવા લાગી. દરરોજ પાંચ પચીસ વૈષ્ણવો એમની કને બ્રહ્મસમર્પણ તથા જનોઈ લેવા લાગ્યા. કેટલાક ભાવકાઓ માત્ર તેમની નિંદા કરવા લાગ્યા. અધિક જ્યેષ્ઠ (પુરૂષોત્તમ) માસમાં શા૦ રૂઘનાથજી તારાચંદ નામના ગૃહસ્થે ગુલાલવાડીમાં શ્રીમદ્ ભાગવતની ૧૦૮ સપ્તાહ બેસાડી હતી, ત્યાં પણ મહારાજશ્રી નિત્ય સાંજરે પધારતા હતા. મુખ્યત્વેકરીને આ માસમાં તેઓએ પોતાનો મુકામ વાલકેશ્વર રાખેલો હતો; માટે તે સમયમાં વધારે જાણવાજોગ બનાવો બન્યા નથી. પુરૂષોત્તમ માસમાં તેમણે એક પ્રકારનું અનુષ્ઠાન રાખ્યું હતું એમ પણ કહેવાય છે.

બીજા જયેષ્ઠ શુદિ ૨ વાર રવેઉ તા૦ ૧૪ મી જુનને દિને "આર્ય સુધર્મોદય" સભામાં "જગતની બ્રહ્મરૂપતા" વિષે પંડિતશ્રી ગટ્ટૂલાલજીના વ્યાખ્યાન પ્રસંગે મહારાજશ્રી પધાર્યા હતા. ગટ્ટૂલાલજીનું વ્યાખ્યાન પૂરૂં થયા પછી, એ સભાને અંગે ફરીથી એકવાર ભાષણ આપવાને મહારાજશ્રીને વિનતિ કરવામાં આવી, અને શુદિ ૬ ગરેઉ તા૦ ૧૮ મી જુનને દિવસે તેમણે "સંસ્કારાદિ ધર્મો"વિષે વ્યાખ્યાન આપવાને કબુલ કર્યું હતું. પરંતું બનાવ એવો બન્યો કે, તે દિવસે તેમનું શ્રીઅંગ (શરીર)

બરાબર ન રહ્યું; તેમ છતાં, તેમણે સભામાં પધારી એ વિષયપર એક ટૂંક ભાષણ આપ્યું હતું. જે પછી પંડિતશ્રી **ગટ્ટૂલાલજીએ** તે ઉપર યથાર્થ વિવેચન કર્યું હતું. એ વિવેચન તથા ગોસ્વામિ **શ્રીમદ્દેવકીનંદનાચાર્યજીના** "સંસ્કારાદિ ધર્મ" વિષેના ભાષણરૂપી આભૂષણથી આ પ્રકરણને શણગારીએ છીએ, અને તેમાં સૂચવેલી બાબતોપર સંપૂર્ણ લક્ષ આપવાને વાંચનારને વિનવીએ છીએ.

## ગોસ્વામિ શ્રીદેવકીનંદનાચાર્યજીનું ભાષણ.

## સંસ્કારાદિ ધર્મ.

"જીવમાત્ર સુખની ઇચ્છા રાખેછે. દુઃખમાં અપ્રીતિ અને સુખમાં પ્રીતિ એ પ્રાણી માત્રની સ્વાભાવિક વૃત્તિ છે. એક વખતે **વ્યાસજી** હિમાલય પર્વતપર બેઠા હતા, તેવામાં તેમને પૃથ્વી પરિક્રમા કરવાની ઈચ્છા થઇ. ફરતાં ફરતાં તેઓ **કાશી-**ક્ષેત્રમાં પધાર્યા. ત્યાં લોકોએ કહ્યું આપ ભલે પધાર્યા! હવે અમને વાંછિત સુખ પ્રાપ્ત થશે. તેના ઉત્તરમાં **વ્યાસજીએ** કહ્યું

**उर्ध्द्वबाहु विरोम्येष नहि कश्चिच्छृणोति मे ।**
**धर्मादर्थश्च कामश्च स किमर्थं न सेव्यते ॥**

હું ઊંચા હાથ કરી કરીને પોકારૂં છું, પણ મારૂં સાંભળે છે કોણ ? ધર્મથીજ અર્થ અને કામ સિદ્ધ થાયછે. ત્યારે લોકો ધર્મનું સેવન શામાટે કરતા નથી ?

ધર્મ વડેજ સર્વ પ્રકારનું સુખ સંપાદન કરાય છે. ત્યારે ધર્મ તે શું? તેને કેમ ઓળખવો? પૂર્વમીમાંસામાં ધર્મનું લક્ષણ આ પ્રમાણે કહેલું છે. પ્રેરણા અને વિધિ એજ ધર્મનાં મુખ્ય લક્ષણો છે. તે લિંગ, લેટ, લોટ, તધ્યિત અને અનિયત એ પાંચથી જણાયછે, જેમકે अहरहःसंध्यामुपासीत् એટલે પ્રતિદિન સંધ્યા કરવીજ જોઇએ; ब्राह्मणं नावगुरेत् બ્રાહ્મણનો તિરસ્કાર ન કરવો ઈત્યાદિ દ્રષ્ટાંતોથી ધર્મનું સ્વરૂપ સમજી શકાયછે.ત્યારે હવે ધર્મનો અધિકારી કોણ? તો तस्याधिकारी वर्णाश्रमवान् માત્ર વર્ણાશ્રમવાળા તેના અધિકારી છે. અર્થાત્ ચારે વર્ણના મનુષ્યોએ પોતપોતાના આશ્રમાદિ ધર્મોનું યથાર્થ આચરણ કરવું જોઇએ. વર્ણાશ્રમ ધર્મ પાળવાથી કેટલો લાભછે તે દેખાડવાને કહ્યુંછે કે—

**वर्णाश्रमाचारवता पुरुषेण परः पुमान् ।**
**विष्णुराराध्यते धर्मैर्धर्मः सर्वार्थसाधकः ॥**

વર્ણાશ્રમધર્મવાળો જે પુરૂષ છે તે મહામ્ પુરૂષ વિષ્ણુનું આરાધન કરેછે, અને ધર્મનું આચરણ કરીને, તે ધર્મ વડેજ પોતાના સર્વ અર્થો સાધી લે છે.

હવે, ચારે વર્ણના મનુષ્યો સંસ્કારના અધિકારી છે, તે કેવી રીતે, તો કે—

**ब्रह्मक्षत्रियविट्शूद्रा वर्णास्त्वाद्यास्त्रयो द्विजाः ।**
**निषेकाद्याः श्मशानांतास्तेषां वै मंत्रतः क्रियाः ॥**

બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણ છે, તેમાં પહેલા ત્રણ દ્વિજ કહેવાયછે. દ્વિજને ગર્ભાધાન જે આદિ સંસ્કાર છે, ત્યાંથી લઇને મરણ પર્યંતના સોળે સંસ્કારોની સમંત્રક ક્રિયાનો અધિકાર છે. તે સંસ્કારો* આ પ્રમાણે છે–

**गर्भाधानमृतौ पुंसःसवनं स्यंदनात्पुरा ।**
**षष्ठेऽष्टमे वा सीमंतो मास्येते जातकर्मच ॥**

ગર્ભાધાન ઋતુ પ્રાપ્ત થયા પછી કરવું જોઈએ. હમણા કેટલાક લોકો સ્ત્રીને ઋતુ(રજોદર્શન)પ્રાપ્ત થયાં પહેલાંજ તેની સાથે શરીર સંબંધ કરેછે એ સર્વ અનર્થોનું મૂળછે. સ્ત્રી સાથે લૌકિક વ્યવહાર ઋતુ આવ્યાની પહેલાં નજ થવો જોઇએ. ગર્ભ રહ્યા પછી અને ગર્ભમાં બાલક ફરકતું થાય તે આગમચ પુંસવન સંસ્કાર, ગર્ભ રહ્યા પછી ૬ કે ૮ મહિને સીમંત જેને અગરણી કહેછે તે સંસ્કાર અને ત્યાર બાદ જાતકર્મ સંસ્કાર કરવો. અને—

**अहन्येकादशे नाम, चतुर्थे मासि निष्क्रमः ।**
**षष्ठेऽन्नप्राशनं मासि चूडा कार्या यथाकुलम् ॥**

બાલક જન્મ્યા પછી અગીઆરમે દહાડે નામકરણ સંસ્કાર કરવો; ચોથે મહિને ઘરની બહાર કહાડીને છોકરાને સૂર્ય દર્શન કરાવવું; અને છઠે મહિને અન્ન પ્રાશન તથા ચૂડા કર્મ ( એટલે વાળ ઉતરાવવાનો ) સંસ્કાર કરવો. એ સંસ્કાર

---

* સંસ્કાર સંબંધી વિશેષ ખુલાસો હવે પછીના પંડિત શ્રીગટ્ટૂલાલજીના વિવેચનમાં વિસ્તારથી આવશે.

પોતપોતાના કુળની રીત પ્રમાણે મોડા વહેલા કરેછે, એ-ટલે તેને માટે નક્કી હદ નથી.

**एवमेनः शमं याति बीजगर्भसमुद्भवम् ।**
**तूष्णीमेताः क्रियाः स्त्रीणां विवाहस्तु समंत्रकः ॥**

એ સંસ્કારો કરવાથી સ્ત્રીના ઉદરમાં ગર્ભ ધારણ કરવાથી જે અનેક પ્રકારના દોષ થાયછે તે બધા દોષોનું નિવારણ થાયછે. એ સંસ્કારક્રિયા દ્વિજ વર્ગના પુરૂષને માટે વેદ મંત્ર સહિત છે અને દ્વિજ વર્ગની સ્ત્રીઓને વિવાહ સિવાયના બીજા સંસ્કારો અમંત્રક થાયછે.

**गर्भाष्टमेष्टमे वाब्दे ब्राह्मणस्योपनायनम् ।**
**राज्ञामेकादशे सैके विशामेके यथाकुलम् ॥**

તે પછી ઉપનયન સંસ્કાર. તે બ્રાહ્મણને ગર્ભથી અથવા જન્મથી ૮ મે વર્ષે, રાજા એટલે ક્ષત્રીઓને ૧૧ મે વર્ષે અને વૈશ્યોને તે પછી એક વર્ષે એટલે ૧૨ મે વર્ષે થવો જોઇએ. ત્રણે વર્ણમાં કુળની રીત પ્રમાણે ઉપનયન સંસ્કાર કંઇક મોડો વહેલો પણ થઈ શકે છે.

**उपनीय गुरुः शिष्यं महाव्याहृतिपूर्वकम् ।**
**वेदमध्यापयेदेनं शौचाचारांश्च शिक्षयेत् ॥**

એ પછી વિદ્યાગુરૂએ ઉપનીત થએલા શિષ્યને વેદનું અધ્યાપન કરાવવું અને શાસ્ત્ર પ્રમાણે શૌચ તથા આચાર શિખવવા તથા પળાવવા જોઈએ.

હમણા ગુજરાત તથા આ પ્રાંતના ક્ષત્રી વૈશ્યોએ પોતપોતાના આચારો ઘણે અંશે છોડી દીધાછે. બાકી પૂર્વ અને ઉત્તર

તરફના ક્ષત્રી અને વૈશ્યો પોતાના આચારો હજુ પણ ઠીક ઠીક પાળે છે. આણી તરફના લોકો આશ્રમધર્મ પોતે પાળતા નથી અને પોત પોતાના પુત્રો પાસે પળાવતા નથી! તેમજ તેઓ ૠતુશાંતિ[1] પણ કરતા નથી!!! વિવાહ થયા પછી સ્ત્રી સાથે બીજો વ્યવહાર[2] રાખવાને હરકત નથી, પરંતુ એકવાર સ્ત્રી સાથે શરીર સંબંધ થઇ ગયો તો પછી એ રસ છોડ્યો છુટતો નથી. એ રસથી તો મોટા મોટા ૠષીઓની પણ બુદ્ધિ ભ્રષ્ટ થઈ છે, તો હાલના પામર પ્રાણીઓની થાય એમાં શી નવાઈ?

આ પ્રસંગે મારે કહેવું જોઈએ કે માબાપોજ છોકરાને બગાડે છે. પોતાના બાળકોને સુશિક્ષણ ન આપવાથી તેઓ તેમના શત્રુ બને છે. નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે—

**माता वैरी पिता शत्रुः येन बालो न पाठितः ।**
**न शोभते सभामध्ये हंसमध्ये बको यथा ॥**

જે માબાપો પોતાના બાળકને ભણાવતા નથી તે માતા તેની વેરણ અને પિતા તેનો શત્રુ છે, કેમકે પંડિતોની સભામાં અનેક પ્રકારની શાસ્ત્રચર્ચા થતી હોય, ત્યાં અભણ બેઠો હોય તો તેને બગલાની પેઠે ટગર ટગર જોયાં કરવું પડે. તેથી તેવો મૂર્ખ આખરે એમજ કહે કે મુઆ મારા માબાપ! જો વિદ્યા ભણાવી હોત તો પછી શી પીડા હતી? વાસ્તે લોકોએ પોતાના

---

૧ પ્રથમ રજોદર્શન જે સમયમાં કે જેવી હાલતમાં થયું હોય તે સમય વગેરેથી થતા દોષો દૂર કરવા દેવતાઓની પૂજા તથા હોમ કરવામાં આવેછે તે.

૨ દંપતીનું પરસ્પર ભાષણ, કોઈ પણ વસ્તુની આપલે, જમવું જમાડવું વગેરે વ્યવહાર તે.

પુત્રોને વિદ્યા ભણાવવી, ધર્મ તથા કુળની રીત પ્રમાણે આચાર પળાવવો અને વર્ણાશ્રમ ધર્મપર અત્યંત આગ્રહ રાખવો. **પરમેશ્વર** પ્રત્યે પણ મારી એજ પ્રાર્થના છે કે, "હે **પ્રભો**! અમારા લોકો ( ધર્મ ગુરૂઓ ) હમેશાં ધર્મોપદેશ કરતા રહે અને લોકો તે સાંભળીને તે પ્રમાણેનું આચરણ કરે એવી આપે ( ઈશ્વરે ) સર્વનાપર કૃપા કરવી. અને લોકો ( વૈષ્ણવો ) એ એમ ન સમજવું કે અમે (મહારાજો ) ઉપદેશ કરીએ તેજ માત્ર સાંભળવો અને બીજાનો ન સાંભળવો. જે કોઇ ધર્મનો ઉપદેશ કરે તે લક્ષ પૂર્વક સાંભળવો તેમાં લાભ છે. બીજાનો સદુપદેશ સાંભળવાથી છોવાઈ જવાતું નથી !! માત્ર તે ઉપદેશને યથાર્થ સમજીને સર્વ લોકોએ ધર્માચરણ કરવું એજ મુખ્ય તાત્પર્ય છે. મને આશા છે કે આ મારૂં બોલવું વૃથાનો બકારો ન થતાં લોકો પોતપોતાના સદ્ધર્મમાં પ્રવર્તશે અને યથાર્થ ધર્માચરણ કરી, વર્ણાશ્રમ ધર્મ બરાબર પાળશે."

## પંડિતશ્રી ગટ્ટૂલાલજીનું વિવેચન.

ગોસ્વામિશ્રીનું ભાષણ પુરૂં થયા બાદ પંડિત શ્રી ગટ્ટૂલાલજીએ તે ઉપર પોતાનું વિવેચન કરવા માંડ્યું. પ્રથમતઃ મંગળાચરણમાં તેમણે નીચેના શ્લોકથી ઈશ્વર સ્તુતિ કરીઃ-

## शार्दूलविक्रीडित वृत्त.

**जन्माद्यस्य यतोन्वयादितरतश्चार्थेष्वाभिज्ञः स्वराट्**
**तेने ब्रह्म हृदाय आदिकवये मुह्यंति यत्सूरयः ।**
**तेजोवारिमृदां यथा विनिमयो यत्र त्रिसर्गो मृषा**
**धाम्नास्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमहि ॥**

( શ્રીમદ્ભાગવત સ્કંધ ૧, શ્લો૦ ૧. )

( અન્વય અને વ્યતિરેક ઉભયરીતે જોતાં ) જે પરમેશ્વરથી આ જગત્‌ની ઉત્પત્તિ, સ્થિતિ અને લય સિદ્ધ થાય છે; કાર્યરૂપ પ્રપંચને વિષે ઘડામાં માટીની પેઠે અને કુંડળ વગેરે ઘરેણાંમાં સુવર્ણની પેઠે જે પરમેશ્વર વ્યાપી રહેલા છે; જેમ કુંભાર ઘડા વગેરેનું અને સોની ઘરેણાનું નિમિત્ત કારણ એટલે કર્તા હોય છે, તેમ આ જગતનું નિમિત્ત કારણ પણ જે પરમેશ્વર છે; જે સર્વ પુરૂષાર્થ તથા પ્રપંચને જાણનાર અને સ્વયંપ્રકાશ છે એટલે જ્ઞાનરૂપ પણ પોતેજ છે; જે વેદનો ખરો અર્થ જાણવાને મોટા બુદ્ધિમાન દેવ જેવા પણ અત્યંત મોહ પામે છે ( મતથી અનેક અર્થની કલ્પના કરે છે ) એવા વેદરૂપ બ્રહ્મસ્વરૂપનો જે પરમેશ્વરે અંતર્યામીરૂપે, આદિ કવિ બ્રહ્માના હૃદયમાં અભિપ્રાય સહિત અને પુરાણ સહિત પ્રકાશ કર્યો; જેમ સૂર્યના કિરણોથી મૃગજળ એટલે ઝાંઝવાનું પાણી દેખાય છે તે મિથ્યા છે, સ્થિર પાણીમાં ભ્રાંતિથી 'આ કાચ છે' એવી બુદ્ધિ થાય છે, તથા કાચને વિષે 'આ પાણી છે' એવી બુદ્ધિ થાય છે તે જેમ સાચી નથી, તેજ પ્રમાણે તમોગુણના કાર્યરૂપ પંચભૂતોની સૃષ્ટિ, રજોગુણના કાર્યરૂપ ઇંદ્રિઓની સૃષ્ટિ, અને સત્વગુણના કાર્યરૂપ દેવતાઓની સૃષ્ટિ જે પરમાત્માને વિષે મિથ્યા છે; * જે પરમેશ્વર પોતાના જ્ઞાનરૂપ પ્રકાશથી નિરંતર અવિ-

* જેમ મનુષ્ય આદિ પ્રાણીઓમાં પંચભૂતનું શરીર, ઇંદ્રીઓ અને તેના પ્રેરક દેવતાઓ એ ત્રણે અધિષ્ઠાતા જીવથી જુદાજ હોય છે, તેમ પરમાત્માના સ્વરૂપમાંથી પરમાત્મા મનુષ્યાદિ આકારનું સ્વરૂપ દેખડાવે તોપણ તે સ્વરૂપ સંપૂર્ણ સચ્ચિદાનંદરૂપ હોય છે. લૌકિક બુદ્ધિથી તેમાં ભૌતિક શરીરની, ઇંદ્રિઓની અને દેવતાઓની કલ્પના મિથ્યા છે.

ઘારૂપ કપટ ટાળી રહ્યા છે; અને જે પરમેશ્વરનો ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળ તથા જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થામાં નાશ નથી; સર્વ પ્રપંચ અને **અક્ષર બ્રહ્મથી** પણ જે પર છે; તે પરમેશ્વરનું ધ્યાન ધરીએ છીએ.

"હું ઊંચા હાથ કરીને વારંવાર પોકારૂં છું પણ મારૂં સાંભળે છે કોણ ?" એ પ્રમાણે **વ્યાસજીએ** **કાશીના** લોકો પ્રત્યે કહ્યાની જે ઐતિહાસિક કથા આચાર્યચરણે ( **શ્રીદેવકી-નંદનાચાર્યજીએ** ) શ્રવણ કરાવી, તેનું તાત્પર્ય એજ કે ધર્માચરણ કરવાને વારંવાર ઉપદેશ કરવામાં આવે છે, પરંતુ લોકો બરાબર ધર્માચરણ કરતા નથી; એ ફરિયાદ આજ નવી નથી. હા, હાલ એ ફરિયાદનું વિશેષ કારણ છે ખરૂં. **સુખનું કારણ ધર્માચરણ છે.** એ વાત તો નિઃસંદેહ છે. કેટલાક એમ સમજે છે કે, ઉદ્યોગથી દ્રવ્ય અને દ્રવ્યથી સુખ મળે છે. પરંતુ, એકલા ઉદ્યોગથી દ્રવ્યપ્રાપ્તિ થતી નથી. તેમ એકલા દ્રવ્યથી સુખ પણ થતું નથી. જો ઉદ્યોગથીજ દ્રવ્યપ્રાપ્તિ થતી હોય તો બીચારા મજુરો ઘણોજ ઉદ્યોગ કરે છે, પણ તેમને તેટલો દ્રવ્યલાભ કેમ નથી થતો ? અને ઘણા ધનવંતો અનેક પ્રકારનાં દુઃખનો પોકાર કેમ કરે છે ?

સૌ કોઇ સુખની ઇચ્છા તો રાખેજ છે. ત્યારે સર્વને સરખું સુખ કેમ નથી મળતું ? અને સર્વ કોઈ દ્રવ્યપાત્ર હોતા નથી તેનું કારણ પણ શું ? હું કહું છું કે સર્વ સુખનું કારણ ધર્મ છે. પછી તે ધર્મ હમણાનો વા જન્માંતરનો. કેવલ ઉદ્યોગથીજ

સુખ મળતું હોય તો એક ગરીબ મનુષ્યને ત્યાં છોકરો જન્મ્યો હોય ને તેજ વખતે તેને રાજમહેલમાં ઉપાડી જઈ રાજાની રાણીને હવાલે કરવામાં આવે છે અને તે રાણી તેને પોતાનોજ પુત્ર માની લે છે. પાછળથી તેજ છોકરાને રાજપાટ મળે છે તેનું કેમ ? આવા દાખલા અદ્યાપિ રજવાડામાં બને છે. ત્યારે આ બાલકે જન્મતાં વેત એવો શો ઉદ્યોગ કર્યો કે તેને રાજ્ય પ્રાપ્ત થાય ? આ તેના પૂર્વ જન્મના ધર્મનો પ્રતાપ નહીં તો બીજું શું ?

ત્યારે શું ઉદ્યોગ અને તેનું પરિણામ દ્રવ્ય એ સુખનું કારણ નથી ? ના, ઉદ્યોગ સુખનું અવાંતર ( એટલે સાધનરૂપ ) કારણ તો ખરૂં– જેમ કડછી રસોઇ કરવામાં છે તે પ્રમાણે–આ દૃષ્ટાંતમાં રસોઇનો પદાર્થ જેમ મુખ્ય અને કડછી તેનું સાધનરૂપ કારણ છે, તેમ કડછીને ઠેકાણે ઉદ્યોગ અને રસોઈના પદાર્થને ઠેકાણે ધર્મ જાણવો. અને કડછીનો દાંડો પકડીને રાંધવાના પદાર્થને હલાવનાર તેમ ધર્માચરણ કરીને સુખ મેળવનાર પુરૂષ સમજવો.

મજકુર ઐતિહાસિક વાતમાં કાશીના લોકોએ વ્યાસજીનો અભિમુખ કરી સત્કાર કર્યો અને કહ્યું આપના આવ્યાથી મોટું સુખ થશે. તેનો ઉત્તર વ્યાસજીએ “ માત્ર મારા આવવાથી તમને કેમ કરી સુખ થવાનું છે ? તમે પોતેજ જો ધર્માચરણ કરશો તો આપોઆપ તમને સુખ મળશે” વગેરે જે આપ્યો તે ઠીકજ આપ્યો. મહાપુરૂષના આગમનથી બેશક સુખ થાય છે, પરંતુ તેઓ મોઢેથી તેમ કહેતા નથી. તેઓ એમજ સમજે છે કે લોકો સન્માર્ગમાં પ્રવર્તે તો પોતાની મેળે સુખી થાય.

મહાન્ પુરૂષના આવવાથી પણ જો સુખ પ્રાપ્ત થતું હોય તો તે ધર્મ દ્વારાજ. વાસ્તે સુખનું મુખ્ય કારણ તો ધર્મજ છે. મહાત્માના આવ્યા વિના પણ લોકો ધર્મનું સેવન કરે તો તેનું તેમને રૂડું ફળ મળેજ મળે.

આજનો વિષય "**સંસ્કારાદિ ધર્મ**" નો હોવાથી પ્રથમતઃ ધર્મનું લક્ષણ જે પૂર્વમીમાંસામાં કહ્યું છે, તે ભાષણ કર્તા **આ**ચાર્યજીએ જણાવ્યું છે. એ પૂર્વમીમાંસાના ૧૨ અધ્યાય છે. તેના ૧લા અધ્યાયમાં ધર્મનું લક્ષણ જણાવતાં કહેલું છે કે, **વિધિ તથા લક્ષણ છે પ્રમાણ જેનું તે ધર્મ.** એ વિષે લિંગ, લોટ વગેરે જે કહ્યું હતું તે વ્યાકરણને લગતી બાબત છે, જે સર્વને સહેલથી સમજાય તેવી નથી. **વિધિ એટલે પ્રેરણા.** વેદ આમ બતાવે છે કે પ્રતિદિન સંધ્યા કરવી, બ્રાહ્મણને તર છોડવો નહીં, એ વગેરે પાંચેથી પ્રેરણાનો અર્થ સમજાય છે. વેદે જે બાબતની પ્રેરણા કરી છે તે ધર્મ અને જેના અભાવની પ્રેરણા કરી છે તે અધર્મ. જે વિષે "वेदप्रणिहितो धर्मोह्यऽधर्मस्तद्विपर्ययः" એ શ્લોક આ સભામાં ઘણીવાર ચર્ચાઇ ગયો છે. એનો મુખ્ય સાર એટલોજ છે કે વેદમાં જેનું વિધાન હોય તેજ ધર્મ. પૃથ્વીપર જેટલા ધર્મો પ્રવર્તે છે તે બધા વેદમાંથીજ નિકળેલા છે. જે વેદની વિરૂદ્ધના ધર્મો છે તે વેદ પછી થએલા છે, કેમકે તેમાં વેદની નિંદા કરેલી હોય છે. જો તે વેદની અગાઉના હોય તો તેમાં વેદ તથા વૈદિક ધર્મની નિંદા કેમ કરવામાં આવી હોય? આમ બોલવામાં મારો વિચાર બીજાના ધર્મની નિંદા કરવાનો બીલકુલ ન સમજવો. હમણા જે ધર્મમાર્ગો ચાલેલા છે તે કોઇ દ્વારા ઈશ્વરેજ ચલાવ્યા હોય યા

તો માણસોએ પોતપોતાની ઈચ્છા પ્રમાણે ચલાવ્યા હોય તે વિષે મારૂં કાંઈ કહેવું નથી. પરંતુ, વેદ એ ઈશ્વરની વાણી છે એટલુંજ નહીં, પણ ઈશ્વરનું શબ્દરૂપ સ્વરૂપ છે એમ કહેવાને હરકત નથી. કૂર્મ પુરાણમાં કહ્યું છે કે, વેદ વિના બીજું કોઇ ખરા ધર્મને કહેનાર નથી. અને જે વેદ વિરૂદ્ધ આચરણ કરે તેને દ્વિજથી બહાર સમજવા. યાજ્ઞવલ્કય સ્મૃતિમાં ધર્મનો ઉપોદ્ઘાત કરીને તેના પ્રમાણ, ધર્માચરણ કરવાની જરૂરીઆત વગેરે બાબતો આરંભમાં દર્શાવેલી છે. અને તે પછી સંસ્કારની બાબત લખેલી છે, જેના ૧–૭ શ્લોક ટીકા સહિત ભાષણ કર્તા તરફથી કહેવામાં આવ્યા છે.

આર્ય લોકોમાં ૪ વર્ણછે. તેનું વિવેચન ટૂંકમા આ ઠેકણે કરવાની જરૂર છે, કારણ કે સંસ્કારનો અધિકાર એ ચાર વર્ણોને છે. હવે વર્ણ વિભાગનું તત્ત્વ જણાવવું જોઇએ, કારણકે હાલમાં કેટલાક લોકો તરફથી એવી આશંકા ઉઠાવવામાં આવે છે કે, બ્રાહ્મણ,ક્ષત્રી ઇ૦ જે વર્ણ વિભાગો છે તે પાછળથી પડેલા છે. કેમકે પ્રથમથીજ તેમ હોય તો જુદી જુદી જાતો જોતાંવેતજ ઓળખાવી જોઇએ, જેમ હાથી, ઘોડા, ગાય વગેરે જુદી જુદી જાતના ચોપગાં પ્રાણી છતાં, તે દરેકને જુદે જુદે નામે ઓળખીએ છીએ તેમ. આ શંકા અસંભવિત નથી, પણ તેનો ખુલાસો આમ છે, કે આફ્રિકાના હબસી કે વિલાયતના ગોરા લોકોને જોઈને આપણે શું એટલું નહીં પારખી શકીએ કે તેઓ આપણાથી જુદી જાતનાં છે અને તેમાં પણ અમુક હબસી અને અમુક ટોપીવાળો? ત્યારે મનુષ્યમાં અવાંતર જાતિ ઓળખાતી નથી એમ તો કહેવાયજ કેમ? આ-

કૃતિ અને ચામડીના રંગ ઉપરથી જે રીતે જુદા જુદા દેશના મનુષ્યોમાં અવાંતર ભેદો છે તે પારખી શકીએ તો બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય વગેરે જાતિ વિષે પણ તેજ પ્રમાણ કેમ ન સંભવે ? ત્યારે કોઈ કહેશે કે હાલ કેમ એ પ્રમાણે બરાબર નથી ઓળખી શકાતા ? પણ તે ન ઓળખાવાનું કારણ આજ વિષયના સંબંધમાં આગળ કહેવામાં આવશે. હાલ તો એટલુંજ જણાવવું બસ થશે કે, એ ચારે વર્ણો પોતપોતાના લક્ષણ ઉપરથી એટલે કે, મુખનું તેજ, શરીરનો બાંધો ઇત્યાદિ જોતાંજ ઓળખાવી જોઇએ.

વ્યાકરણ મહાભાષ્યના નયન પ્રકરણમાં આ બાબતનો વિચાર કરેલો છે. તેમજ નવા "મારૂતશક્તિ"* નામના ગ્રંથમાં પણ આ વિષે કેટલુંક લખવામાં આવ્યું છે. ચારે વર્ણો તેમની મુખચર્યા વગેરે પરથી આમ ઓળખી શકાયઃ—બ્રાહ્મણોની કાંતિ તેજસ્વી અને તેમનાં શરીરનો બાંધો દૃઢ હોવો જોઈએ ; ક્ષત્રીઓનાં શરીરનો બાંધો મજબુત અને તેમના બાહુ લાંબા હોવા જોઇએ ; વૈશ્યોનાં શરીરનો બાંધો એ બંનેથી જુદાજ પ્રકારનો એટલે બ્રાહ્મણોથી સખત અને ક્ષત્રીઓથી પોચો; અને શૂદ્રના શરીરનો બાંધો કઠોર, ચામડીનો રંગ કાળો અને વિકૃત વેશ એમ વર્ણવેલું છે. આ પ્રમાણે બધાને માટે હોયજ એમ નહીં, પરંતુ વ્યભિચાર વગેરે દુરાચારો બંધ હતા તે કાળમાં દરેક વર્ણના ગુણો સ્પષ્ટ પરખાતા હતા. વિદ્યા, દયા, ક્ષમા, શમ, દમ, તપ, સહનશક્તિ ઇત્યાદિ ગુણો જેનામાં મુખ્ય જણાય

* કોઇએક સન્યાસીએ "સહસ્રાક્ષ" નામે કરેલા પુસ્તકનું, શ્રીકનૈયાલાલજી મહારાજે "પ્રાભંજન" નામથી કરેલા ખંડન ઉપર પંડિતશ્રી ગટ્ટૂલાલજીએ કરેલી ટીકા.

તે બ્રાહ્મણ; તેજસ્વીપણું, શૂરવીરતા, લડાઇને પ્રસંગે પાછું ન ફરવું, જેને હુકમ કરે તેનાથી તે કામ કરવાની ના ન પડાય એટલો કરપ ઈત્યાદિ ગુણો જેનામાં મુખ્ય હોય તે ક્ષત્રી; વ્યાપારની કળા, દ્રવ્ય સંચય કરવાની બુદ્ધિ, દેશોપયોગી પદાર્થનો સંગ્રહ કરવાની અને સંગ્રહ કરેલા પદાર્થની ચતુરાઇથી સંભાળ રાખવાની ટેવ, ખેતી, ગાયોનું રક્ષણ વગેરે કરવાની કુશળતા ઈત્યાદિ ગુણો જેનામાં પ્રધાનપણે હોય તે વૈશ્ય; અને યંત્રકળાની પ્રવૃત્તિ, શિલ્પવિદ્યાનું જ્ઞાન, અનેક પ્રકારની કારીગરી, તથા બધી જાતની કળામાં કુશળતા, ગાવું, નાંચવું અને દ્વિજ વર્ગની સેવા કરવી એ વગેરે ગુણો જેનામાં સ્વાભાવિક હોય તે શૂદ્ર—એમ વર્ણન છે. પ્રાચીન ગ્રંથોમાં શૂદ્રધર્મના પ્રસંગમાં સંચાઓનું વર્ણન છે. આ મારૂં બોલવું હાલ જેમ કેટલાક લોકો વેદમાંથી તાર, નળ, આગગાડી વગેરે કહાડી આપે છે તેવું નથી. આપણા શાસ્ત્રોમાં સંચાઓનું વર્ણન છે, પણ તે હાલ જેવા સંચા અગ્રેજ વગેરે લોકો બનાવે છે, તેવાજ હો કે જુદી જાતના હો તે વિષે મારૂં કહેવું નથી. ત્યારે બધા માણસોમાં તે તે વર્ણના શાસ્ત્રોક્ત ગુણો કેમ માલમ પડતા નથી? આ આશંકાનો ઉત્તર મારે દેવાનો બાકી રહ્યો નથી, પણ કળિયુગના આરંભમાંજ એ વાતનો ઉત્તર દેવાઇ ગયો છે. **મહાભારતના વનપર્વમાં અજગર અને યુધિષ્ઠિરનો** સંવાદ છે. તેમાં એવીજ એક શંકા ઉઠાવવામાં આવી છે કે "અગાઉ જાતિ ઓળખાતી હતી અને હાલ વર્તાતી નથી તેનું કારણ શું?" તેના ઉત્તરમાં **ભીમે** કહ્યું કે:–

હે મહાશય! વ્યભિચાર કર્મ વધવાથી જાતિમાં દૂષણ

ભાગ્યું છે, સર્વ માંહોમાંહે અપત્યઉત્તાન[1] કરે છે પણ તેથી વર્ણ પદાર્થ છેજ નહીં એમ ન જાણવું.

વળી ચારે વર્ણની ચાર દેવતા છે. મનુષ્યમાં બ્રાહ્મણ-ક્ષત્રી-વૈશ્ય-પણું બરાબર આવવા માટે તેમને યથાર્થ સંસ્કારો થએલા હોવા જોઈએ. તે બન્યું હોય તોજ તેમનામાં તે તે પણું ઉદ્‌ભૂત થાય છે. કહાણીરૂપે તો હજુ પણ કહેવાય છે કે બ્રાહ્મણ ભગવાનના મુખમાંથી, ક્ષત્રી બાહુમાંથી, વૈશ્ય ઉદરમાંથી અને શૂદ્ર પગમાંથી પેદા થયા છે. આ વાત આજના વખતમાં માનશે કોણ? કયા બ્રાહ્મણને ભગવાનના મોંઢામાંથી નિકળી પડેલો કોઈએ જોયો છે? અને ક્ષત્રી-વૈશ્યોને પણ ભગવાનના શરીરમાંથી નિકળતા કોણે દીઠા છે? અને જ્યારે એમજ છે, ત્યારે બ્રાહ્મણો ભલે કહે કે અમે ભગવાનના મુખમાંથી નિકળ્યા છીએ પણ તેમનું માનશે કોણ? જેવી રીતે બીજી વર્ણો માતાના ગર્ભમાંથી જન્મે છે, તેવીજ રીતે બ્રાહ્મણ વગેરે પણ માતાના ગર્ભમાંથીજ પ્રસવે છે. એ વાતની કોનાથી ના ભણાય તેમ છે! ત્યારે શું લોકોનું બોલવું કેવલ ખોટું અને નાપાયાદાર છે? ના, એમ પણ નથી. ત્યારે છે શું? એજ કે બ્રાહ્મણ નામની દેવતા ભગવાનના મુખમાંથી-ક્ષત્રી નામની દેવતા બાહુમાંથી-વૈશ્ય નામની દેવતા ઉદરમાંથી-અને શૂદ્ર નામની દેવતા પગ-માંથી-નિકળેલ છે. અને તે તે દેવતાના અવતારનો તે તે વર્ણના શરીરમાં આવિર્ભાવ[2] થાય છે. પરંતુ તે આવિર્ભાવ ક્યારે થાય? યથાર્થ સંસ્કાર કરવામાં આવે ત્યારેજ. વળી આ ચારે વર્ણોના નામો પણ તે તે દેવતાના નામ ઉપરથીજ પડેલાં છે.

---

૧ વ્યભિચારથી સંકર પ્રજાની ઉત્પત્તિ. ૨ દેખાવું.

હાલ તેવી દેવતાઓનો આવિર્ભાવ ખુલ્લી રીતે માલમ પડતો નથી, તેનું કારણ એજ કે એક તો કુળશુદ્ધિ નથી !! અને બીજું સંસ્કારો બરાબર થતા નથી !!! અને થાય છે તે પણ અપૂર્ણ થાય છે. ત્યારે હળકા સંસ્કારોનો આવિર્ભાવ પણ હળકોજ થાય. હાલ જો કોઈ બ્રાહ્મણ મુસલમાનનું ઉચ્છિષ્ટ ખાય તો તેને ન્યાત બહાર કરે છે, કે હવે તે બ્રાહ્મણ ફીટીને મુસલમાન થયો, પરંતુ જો તેનામાં ખરેખર બ્રાહ્મણપણાનો આવિર્ભાવ હોય તો તે એટલેથીજ મટે કેમ? જે પ્રત્યક્ષ સુવર્ણ છે તે કદી પણ કથિર થાય વારૂ? ઘોડા, ગાય ઈત્યાદિ જનાવરને તેની જાતિમાંથી જુદાં કહાડીએ તો તે જેમ ઘોડો, ગાય મટીને હાથી કે શિયાળ નજ બને, કેમકે જાતિ હોય તે મટવાનો સંભવજ નથી, તેજ પ્રમાણે કેવલ ન્યાત બહાર કરવાથી બ્રાહ્મણનું બ્રાહ્મણપણું, જો તે ખરો સંસ્કાર પામેલો બ્રાહ્મણ હોય, તો જાયજ નહીં. હા, બ્રાહ્મણનું બ્રાહ્મણપણું તો ત્યારે મટે, કે જ્યારે તેના શરીરમાં જે વિશેષ દેવતાનું સંનિધાન થાય છે તે દેવતા તિરોહિત થાય, એટલે બ્રાહ્મણનામની દેવતાના તિરોહિત થવાથી તેનું બ્રાહ્મણ-પણું મટી જાય; અને મુસલમાન વગેરેનું ખાવા જેટલે દરજ્જે જો તેની મતી ભ્રષ્ટ થઈ, તો તે દેવતા તિરોહિત થાયજ થાય.

ચારે વર્ણમાં આદિ ત્રણ વર્ણ **દ્વિજ** કહેવાય છે. પરંતુ હાલ કેટલાક ક્ષત્રી, વૈશ્ય જેમણે ઉપનયનાદિ સંસ્કારો છોડી દીધાં છે. તેમને એ સંજ્ઞા યોગ્ય નથી. **દ્વિજ** સંજ્ઞાનો **અર્થ** "બે વખત જન્મ થવો" એવો થાય છે. માતાના ગર્ભમાંથી જે પ્રત્યક્ષ જન્મ થાયછે તે એક અને યજ્ઞોપવિત (જનોઈ)

ધારણ કરવાથી તે વર્ણની દેવતાનો આવિર્ભાવ થયો તે બીજો. હાલ માત્ર માબાપ ઉપરથી જાતિ ઓળખાય છે. અમુક બ્રાહ્મણ, અમુક ક્ષત્રી, અમુક વૈશ્ય એમ કહેવાનું કારણ હાલ માત્ર તે તે વર્ણના સ્ત્રીપુરૂષોથી ઉત્પન્ન થવું તેજ રહ્યું છે. પરંતુ ખરી રીતે તો તે જાતિનો આવિર્ભાવ ઉપનયન સંસ્કાર થવાથી થાયછે.* માટેજ તેને બીજો જન્મ ગણ્યો છે.

ષોડશ સંસ્કાર ચારે વર્ણના છે. શૂદ્રના સંસ્કારો મંત્ર રહિત અને ત્રણ વર્ણના વેદ મંત્ર સહિત થાય છે. એ સોળસંસ્કારમાં પહેલો સંસ્કાર ગર્ભાધાન—સ્ત્રી પરણ્યા પછી તેને સ્ત્રીધર્મ એટલે રજોદર્શન પ્રાપ્ત થયા પછી કરવામાં આવે છે. આ સંસ્કાર થવાથી સ્ત્રીને પોતાના ઉદરમાં શુદ્ધ ગર્ભ ધારણ કરવાનો અધિકાર થાય છે.

બીજો પુંસવન સંસ્કાર છે. એ હાલ ગુર્જર પ્રાંતમાં તો નહીં જેવોજ રહેલો છે, એ પુંસવન જે પંચમાસીને નામે હાલ ઓળખાય છે તેજ. આમાં,હમણા ડોશી શાસ્ત્રપ્રમાણે

---

* આ ઉપરથી નીચલા શ્લોકની સત્યતા માલમ પરે છે.

**अनुष्टुप्.**

जन्मना जायते शूद्रः संस्काराद् द्विज उच्यते।
वेदाभ्यासी भवेद्विप्रो ब्रह्मजानाति ब्राह्मणः ॥

જન્મતી વેળા તો સર્વ શૂદ્ર જેવાજ સમજવા, સંસ્કાર (જનોઇ આદિ) થયા પછી દ્વિજ એવી સંજ્ઞાથી ઓળખાય છે, વેદનો અભ્યાસ કર્યાથી વિપ્ર કહેવાય છે અને બ્રહ્મને જાણે અર્થાત્ બ્રહ્મજ્ઞાની થાય ત્યારેજ તે બ્રાહ્મણ પદને પાત્ર ઠરેછે.

રાખડી બાંધવા વગેરે પ્રકાર કરવામાં આવે છે, એ સંસ્કાર ગર્ભ રહ્યા પછી પાંચમા મહિનામાં કરવાને શાસ્ત્રમાં લખેલું છે, તેથી પંચમાસ ઉપરથી પંચમાસી બની ગયું.

ત્રીજો સીમંતોન્નયન સંસ્કાર જેને સંસ્કૃત અગ્રગૃહણ ઉપરથી ગુજરાતીમાં અગરણી કહેછે તે. સીમંતોન્નયન એટલે માથું હોળી સેંથો (સીમંત) પાડવો તે વગેરે જેમાં કરવામાં આવે છે તે.

આ ત્રણે સંસ્કાર એકજ જાતના છે. વળી સંસ્કારના બે ભેદ છે. (૧) આધાર સંસ્કાર. અને (૨) આધેય સંસ્કાર. કાંઇ વાવવું હોય તો તેના રક્ષણને માટે ખેતરની આસપાસ વાડ કરવી તે આધાર, અને તેમાં બીજવાવવું, પાણી છીંપવું એ વિગેરે કરવું તે આધેય. જેમ વાડ એકવાર બાંધે તો તે બસ છે, પ્રત્યેક વાવેતરે તે બાંધવાની જરૂર નથી, તેમ ઉપલા ત્રણે આધાર સંસ્કાર છે, માટે તે પ્રત્યેક ગર્ભ વખતે કરવાની જરૂર પડતી નથી.

ચોથો જાતકર્મ સંસ્કાર, તેમાં પિતા પોતાનું જુનું જનોઈ નાળ બાંધવાને માટે આપે છે, તે વગેરે કરવાનું છે.

પાંચમો નામકર્મ સંસ્કાર. તેમાં પિતાએ છોકરાનું અગીઆરમે દહાડે નામ પાડવું તે. હાલ ફોઈ પાસે નામ પડાવે છે તે શાસ્ત્ર પ્રમાણે નથી, કેમકે પોતાના ઈષ્ટ દેવ કે કુળદેવતા તેમજ પોતાના વંશના પૂર્વ પુરૂષોના નામોનો વિચાર કરીને પિતાને યોગ્ય લાગે તે નામ પોતાના બાલકનું પાડવું જોઈએ.

છઠ્ઠો નિષ્ક્રમણ સંસ્કાર જેમાં છોકરાંને ઘરથી બહાર કહાડવામાં આવેછે તથા સૂર્યદર્શન કરાવવામાં આવેછે તે.

સાતમો અન્નપ્રાશન સંસ્કાર એટલે છોકરાંને અન્ન ચટાડવું તે. એ છઠ્ઠે મહિને કરવાનું કહેલ છે.

આઠમો ચૌલ સંસ્કાર એટલે બાલ મુવાળા ઉતરાવવા તે. આ સંસ્કાર કેટલાક ૧ વર્ષે, કેટલાક ૩ વર્ષે અને કેટલાક ૫ વર્ષે કરે છે. પણ વાસ્તવિક જોતાં ત્રીજે વર્ષે થવો જોઇએ.

નવમો ઉપનયન સંસ્કાર એટલે છોકરાને જનોઇ દેવી તે. ઉપરના સર્વ સંસ્કારો અનુક્રમ પ્રમાણે કરવામાં ન આવ્યા હોય, અને ઘણું કરીને તેમજ બને છે માટે, હાલમાં તો જનોઇ દેતી વખતે તે બધા સંસ્કારો સાથે કરવામાં આવેછે.

એ પછી ૧૦મો મહાનામની સંસ્કાર. ૧૧મો મહા વ્રત સંસ્કાર. ૧૨મો ઉપનિષદ્વ્રત સંસ્કાર. અને ૧૩ મો ગોદાનવ્રત સંસ્કાર. આ ચાર પ્રકારના વ્રતો તો ઘણા ખરાને કાને પણ પડ્યાં નહીં હોય, તો પછી તે કરવાની તો વાતજ શી ? એ સંસ્કારો ગુરુગૃહે વિદ્યાભ્યાસ કરવા માટે છોકરો રહે ત્યાં થતા હતા, તેથી લોકોમાં તે અપ્રસિદ્ધ રહ્યા છે.

૧૪ મો સમાવર્તન સંસ્કાર. એમાં ગુરૂને ઘેરથી વેદ ઇત્યાદિ ભણીને ગુરુદક્ષણા આપીને પાછા આવવું તે પ્રકાર છે. અને ૧૫ મો વિવાહ સંસ્કાર તથા ૧૬ મો એટલે છેલ્લો અંત્યેષ્ટિ સંસ્કાર. એ રીતે વખત ભરાઇ જવાને લીધે એક સાંકળીઆની પેઠે હું સંસ્કારના નામ માત્ર ગણાવી ગયો. જો એકેક સંસ્કારનું યથાર્થ વર્ણન કરવા બેશીએ તો દરેકને માટે એકેક દિવસ પણ ઓછો છે.

હાલ લોકોમાં સંસ્કાર ઉચ્છિન્ન * થએલ છે. જેવું બીજ તેવું ખાતર હોય તોજ ઉત્તમ પાક ઉતરે. હાલ સંસ્કારરૂપી ઉત્તમ રીતિનું ખાતર ન મળવાથી આપણા લોકોનું શૌર્ય, તેજ, સંપત્તિ, સત્તા વગેરે ક્ષીણ થએલ છે અને

---

* છૂટી ગયા છે.

તેથીજ આપણી આ વિપરીત દશા થઈછે. બૌદ્ધના વખતથી ક્ષત્રી, વૈસ્યોની જનોઈ ઉતરાવવામાં આવી–તે પછી મુસલમાની રાજ્યનું જોર વધી પડયું–તેથી ધીમે ધીમે લોકોના સંસ્કાર છુટતા ગયા. ક્ષત્રી વૈસ્યોના સંસ્કાર છુટયા છે. એટલુંજ નહીં પણ.હાલ હમારા બ્રાહ્મણોમાં પણ પૂરા સંસ્કારો કયાં બને છે?!!!

હાલ સ્વધર્મ પાળવાને પહેલાંના જેવો રાજકીય જુલમ નથી એજ આ મહારાણીશ્રીના પરરાજ્યની બલિહારી છે. માટે સૌ કોઈએ પોતપોતાના સંસ્કારો જે કંઈ છુટયા હોય તે પાછા શરૂ કરવા જોઈએ તથા શાસ્ત્ર પ્રમાણે યથાર્થ ધર્માચરણ કરવું જોઇએ.”

છેવટે **ઈશ્વર** પ્રાર્થના કરતાં પણ એમ કહ્યું હતું કે, “હે પ્રભો ! આપે ધર્મ પુરૂપાર્થ બનાવ્યો છે અને તેનો પાયો જે **સં**સ્કારો, તે લોકોમાં હાલ બરાબર રહ્યા નથી, તો મજબૂત પાયા વિના ઇમારત કેમ ટકી શકશે? માટે આપજ અમને ધર્મમાં પ્રવર્તાવો અને ધર્મનો ઉદય કરો કે જેથી (ધર્મ છુટવાથી) હમારી સત્તા, સંપત્તિ, બળ, યશ ઈત્યાદિ જે જતું રહ્યું છે તે પાછું પૂર્વવત્ પ્રાપ્ત થાય. એજ આપના ચરણમાં પ્રણામ પૂર્વક પ્રાર્થના છે.”

---

આ પ્રકરણની સમાપ્તિ પંડિતશ્રીના ઉપરના બોલોથી કરતાં, આ પંડિતશ્રીને વિષે બંધાતી કલ્પનાઓ આ ઠેકાણે લખીને પાનાં રોકવાને બનતું નથી તેને માટે ક્ષમા ચાહીએ છીએ. માત્ર એટલુંજ કહેવું બસછે કે–

**ओ दोनो कहां पाइए सोनो और सुगंध ?** (વૃં૦શ૦)

---

# પ્રકરણ ૪.

—o—

પાછલા પ્રકરણ ઉપરથી વાંચનારના જોવામાં આવ્યું હશે કે **ગોસ્વામિ•શ્રીદેવકીનંદનાચાર્યજીએ** પોતાના વૈદિક-ધર્મની આવશ્યકતાના પ્રથમ આપેલા ભાષણમાં ૧૬ સંસ્કારો-નું નામોચ્ચારણ માત્ર કરી, તે ષોડશ સંસ્કારની કંઇક ધ્વનિ તેમણે આપણા કાન ઉપર નાંખેલી, તેની અસર લોકોપર કેટલી અને કેવી થઇ અને થશે તેનું અનુમાન કરવા અને તે ઉપર લંબાણથી ભવિષ્ય ભાખવાને સમય નથી. જે શાસ્ત્રને આધારે એ ઉપદેશ એમણે આપણને કર્યો, તે શાસ્ત્રોના જ્ઞાતા તથા અભ્યાસી-ઓનો પણ યથાસત્કાર કરવાને આ મહારાજશ્રી ચુક્યા નથી. દ્વિતીય જ્યેષ્ઠ વદ ૨ વાર સોમે તારીખ ૨૯ મી જુનને દિને મુંબ-ઈના શાસ્ત્રી પંડિતોનો એક મેળાવાડો એમણે પોતાને ઉતારે કર્યો હતો. આ મેળાવડામાં આ સંપ્રદાયના ભૂષણરૂપ પંડિત શ્રી ગટ્ટૂલાલજીને મુખ્ય રાખીને, **એલફીન્સ્ટન કાલેજના ન્યાયશાસ્ત્રી ભીમાચાર્યજી** અને **વ્યાકરણશાસ્ત્રી રાજારામ બોડસ, શાસ્ત્રી કાશીનાથ ગોલવેલકર, મહારાજશ્રી કનૈયાલાલજીના નારાયણ શાસ્ત્રી. પંડિત ગટ્ટૂલાલજીની વિદ્યાલક્ષ્મી પાઠશાળાના અધ્યાપક વાસુદેવાચાર્ય, કૃષ્ણશાસ્ત્રી મહાબળ, ભાળચંદ્રશાસ્ત્રી,શાસ્ત્રી રમે-**શજી વિગેરે મુંબઇના ઘણા સારા સારા શાસ્ત્રીઓ,તેમજ ઘણાએક **પુરાણીકો, વ્યાસજીઓ,** જ્યોતિષીઓ વિગેરે આસરે ૨૦૦ **સંસ્કૃતજ્ઞો** હાજર હતા. તેમાંના પ્રથમ વર્ગના દરેક શાસ્ત્રીને પાંચપાંચ, બીજા વર્ગનાને બબે અને સર્વ સાધારણ શાસ્ત્રી પુ-રાણીઓને એકેક રૂપીઓ દક્ષણા આપી મહારાજશ્રીએ તેમનો

સત્કાર કર્યો હતો. શાસ્ત્રીઓમાંના બે ચાર જણાએ વ્યાકરણ, ન્યાય અને વેદાંત ઉપર સંસ્કૃતમાં વાદ વિવાદ કર્યો હતો. આસરે ૫૦૦ ઉપર સંભાવિત અને સાધારણ વૈષ્ણવ શ્રોતાઓ પણ ત્યાં આવેલા હતા. પરંતુ, વિષય અને ભાષા બંનેથી અજાણ્યા ઉપલા સંસ્કૃત વાદમાં તેમને શેનો રસ પડે? પ્રાચીન કાળમાં જ્યારે સંસ્કૃત ચાલુ ભાષા હતી અને તે હિંદુસ્થાનમાં ઘેરઘેર બોલાતી હતી, ત્યારે આજે તે અપરિચિત શ્રમસાધ્ય થઈ પડી છે!! આ સંસ્કૃત–અરે! દેવવાણી જાણી લેવાને યુરોપખંડના લોકો જ્યારે ઉમંગથી ઉદ્યોગ કરે છે, ત્યારે આપણે આર્ય લોકો, જેઓના મનપરથી સંસ્કૃતનો સંસ્કાર કંઈક કાળ થયાં આટલા આટલા પ્રતિકૂળ સંયોગો વીતિ ગયા છતાં હજુ ખસ્યો નથી–તેના અભ્યાસ માટે ખુદ બ્રાહ્મણો જેઓ પોતે ભગવાનના મુખમાંથી ઉત્પન્ન થયાનો દાવો કરેછે, તેઓ પણ જોઈએ તેવો ઉદ્યોગ ન કરતાં આળસુ તથા લાડુભટોમાં ખપેછે, એ શું થોડા ખેદની વાત છે?!! પરંતુ એ બાપડા એકલાઓનોજ વાંક નથી. કેટલાક બ્રાહ્મણો શાસ્ત્રનું અધ્યયન કરેછે ખરા, પણ તેઓને આશ્રય કે ઉત્તેજન કોણ આપેછે? વૈષ્ણવ ધર્મ ગુરૂઓમાં તપાસીએ તો વૈકુંઠવાસી ગોસ્વામી શ્રીમદ્ જીવણલાલજી મહારાજ દરમાસે એવા શાસ્ત્રી પંડિતોના મેળાવડા કરી ધર્મચર્ચા ચલાવતા હતા. ત્યાર બાદ કોઈ પણ મહારાજે મુંબઈમાં આવા મેળાવડા કરી શાસ્ત્રીઓનો સત્કાર કર્યો હોય તો, આ શ્રીમદ્ દેવકીનંદનાચાર્યજીજ છે. તેમણે પોતે એક મેળાવડો કરેલો એટલુંજ નહિ, પરંતુ જે સંભાવિત વૈષ્ણવો તરફથી એમને પધારામણીની વિનતિ કરવામાં આવતી, તેમને એઓ સ્પષ્ટ કહેતા હતા કે, તમે લોકો

જોઇએ તો મને બીલકુલ ભેટ ના ધરતા, પણ સંપત્તિ પ્રમાણે, બે ચાર શાસ્ત્રીઓને બોલાવી તેમનો યથા શક્તિ સત્કાર કરજો. અને તેજ મુજબ તેઓ મુંબઇમાં હતા તે દરમ્યાન કેટલેક ઠેકાણે બનેલું પણ ખરૂં. તેમાં પહેલ કરનાર ઠક્કર ગોકુળદાસ કુરજીનું નામ આ ઠેકાણે નોંધવાને ભુલવું જોઇતું નથી. આ શેઠે અત્રેની હાલાઇ ભાટિયા મહાજન વાડીમાં પહેલ વહેલો તેવો એક મેળાવડો શ્રીમદ્ દેવકીનંદનાચાર્યજીની સૂચના ઉપરથી પ્રસિદ્ધ પંડિત ગટ્ટુલાલજીના અધ્યક્ષપણા હેઠળ કર્યો હતો. જેની નોંધ લેતાં અમને સાનંદાશ્ચર્ય એટલા માટે થાયછે કે, ત્યાં શાસ્ત્રી પંડિતો સિવાય આ નગરીના ધનવાન્ વૈષ્ણવો અને તેમાં મુખ્યત્વે કરીને ભાટિયાઓને આમંત્રણ હતું. તેમાં શેઠ મુળજી જેઠાવાળા વિગેરે જુના વિચારના એવા ઘણા ચુસ્ત વૈષ્ણવો હાજર હતા તેઓ સમયે સમયે આનંદઉદ્ગાર કહાડતા હતા. આ સદ્ગુરૂ સમાગમનું કાંઇ નહાનું પરિણામ ન કહેવાય.

બ્રાહ્મણો સંસ્કૃતનારહસ્યનો અભાવ રાખે છે તે અતિ ખેદકારક છે ખરૂં, પરંતુ તે ખેદ દૂર કરવાને આર્ય લોકો તન મન ધનથી ઉદ્યોગ કરે એવી આર્ય બંધુઓને પ્રેરણા કરો એટલી ઈશ્વર પ્રતિ પ્રાર્થના કરી મૂળ વાતપર આવીએ.

એ દિવસે શ્રીમદ્ દેવકીનંદનાચાર્યજીના શાસ્ત્રી કનૈયાલાલજીનો રચેલો "પાદુકા પૂજન" સંબંધી ગ્રંથ મહારાજશ્રીના શાસ્ત્રી પન્નાલાલે વાંચી સંભાળાવ્યો અને તેનો સાર શ્રીકનૈયાલાલજી મહારાજના નારાયણ શાસ્ત્રીએ વ્રજ ભાષામાં સર્વને જણાવ્યો હતો. આ બાબતપર ત્યાં આવેલામાંના જે જે ગૃહસ્થે શંકા

ઉઠાવી હતી, તેમાંની કેટલીકનો ખુલાસો તેજ દિને કરવામાં આવ્યો હતો. પરંતુ વખત ભરાઇ જવાથી બાકીની શંકાઓનું સમાધાન કરવા માટે બીજે દિવસ નિમવામાં આવ્યો હતો. તે પ્રમાણે વદ ૭ ને વાર શનેઉ તારીખ ૪ થી જુલાઈને દિવસે ચંદાવાડીમાં મુંબઈ શેહેરના વૈષ્ણવોની એક ખાસ મોટી સભા મજકુર વાડીના વિશાળ દિવાનખાનામાં ભરવામાં આવી હતી. જેમાં **શ્રીદેવકીનંદનાચાર્યજીને** ત્યાં ચાલતા **પાદુકાર્ચનાદિ** પ્રકારોમાં સર્વ કોઈને જે કાંઈ શંકા કે સંદેહ હોય તે પુછવાને છૂટ આપેલી હતી. તે પ્રમાણે વૈષ્ણવોએ પુછેલી એકેએક શંકાના ખુલાસા પણ મહારાજશ્રીના શાસ્ત્રીઓએ તથા તેમણે પોતે કર્યા હતા. જેમાં શાસ્ત્રના વચનો અને પ્રાચીન રીતિના દ્રષ્ટાંતો આપ્યાં હતાં. "જે કોઇને કાંઇ પણ પૂછવું હોય તે બેલાશક પૂછો" એમ બે ત્રણ વાર જણાવી, જ્યારે સર્વનો એ બાબતમાં સંદેહ નિવૃત્ત થયોછે એમ જણાયું, ત્યારે સભા બરખાસ્ત કરતાં, પરમ દિવસે ગોસ્વામિશ્રી દેવકીનંદનાચાર્યજી પોતે વૈષ્ણવોને વીદાયગીરીમાં છેલ્લો સારભૂત ધર્મોપદેશ કરવાના છે તે સાંભળવા સર્વ જણે આવવું એવું આમંત્રણ મહારાજશ્રીના કારભારી તરફથી જાહેર કરવામાં આવ્યું હતું. એ સારભૂત ધર્મોપદેશ દ્વિતીયજ્યેષ્ઠ વદ ૯ ને ચંદ્રવાર તારીખ ૬ ઠી જુલાઈએ કર્યો હતો. તે અત્રે દાખલ કરીએ છીએ.

એ ઉપદેશ પહેલા પ્રકરણમાં આપેલા સૂચના પત્રના ભાષ્ય જેવો છે, પરંતુ, એ ઉપદેશ તો પ્રથમ કરવામાં આવેલો અને સૂચના પત્રતો ત્યાર પછી લખાયલુંછે માટે એ સૂચનાપત્ર, આ ઉપદેશનું દોહન છે, એમ આ ઠેકાણે જણાવવું ઉચિત છે. એ

ઉપદેશ વાંચી સાંભળી તેનું મનન કરી તે મુજબ વર્તન કરવું એમાંજ વૈષ્ણવો તથા મહારાજોની શોભા તથા સદ્ધર્મ સચવાય એમ છે. મહારાજશ્રીનો એ ઉપદેશ સાંભળવા માટે ત્યાં ૧૫૦૦ કરતાં વધારે વૈષ્ણવો મળ્યા હતા. ચંદાવાડીનો આગળ પડતો આખો હૉલ ખીચોખીચ ભરાઇ ગયો હતો.

## શ્રીમદ્ દેવકીનંદનાચાર્યજીનો વૈષ્ણવોપ્રત્યે સારભૂત ધર્મોપદેશ.

"મને મુંબઇ આવ્યાને બે અઢી મહિના થયા. આ ટૂંક સમયમાં અત્રેના અમારા વર્ગના મહારાજોની તથા વૈષ્ણવો-ની જે રીતભાત મારા જોવામાં આવી તે વિષે મારે કેટલીક ભલામણ કરવી જોઈએ. અમારા પૂર્વ આચાર્યો જેવી રીતે આ સંપ્રદાયનું સત્ય સ્વરૂપ સમજીને તથા **શુદ્ધાદ્વૈત** સિદ્ધાંતનું સંપૂર્ણ જ્ઞાન મેળવીને પોતે વૈષ્ણવોને તેવો ઉપદેશ કરતા હતા, તેવીજ રીતે અમ લોકોએ જ્ઞાન મેળવીને વૈષ્ણવોને ઉપદેશદ્વારા તે આ-પવું જોઇએ. હમણા કેટલોક સમય થયાં વૈભવ અને દ્રવ્યની લાલસામાં તથા મોજશોખમાં પડવાથી અમ લોકોએ તે છોડી દીધું છે એ દુર્ભાગ્યની વાત છે.

હાલ કેટલાંક ન્યુસપેપરોમાં આ સંપ્રદાયની નિંદા અમા-રા વાંચવામાં આવે છે તથા લોકોમાં પણ ઘણું બોલાય છે. જો તેમાંનું લેશ પણ ન બનતું હોય તો કોઈથી આટલે દરજ્જે આવો પોકાર કરી શકાયજ નહીં. આમ થવામાં દોષ કેવલ મહારાજોનોજ છે એમ નહીં; અમ લોકો જે કાંઈ કરીએ છીએ તેને ઉત્તેજન આપનારનો પણ પુષ્કળ દોષ છે. વૈષ્ણવોએ અ-

આરામાં કંઈપણ દોષ દેખાય તેને ઉત્તેજન ન આપતાં તે દૂર કરવાને યત્ન કરવો જોઈએ. માણસ માત્ર તેને જેવો સંગ મળે છે તેવા સદગુણ વા દુર્ગુણ શીખે છે. માટે અમ લોકો દુઃસંગથી કંઇ દુર્ગુણ શીખ્યા હોઇએ તો તે તજાવવા વૈષ્ણવો તરફથી પ્રયત્ન થવો જોઇએ. હીકાયત **શ્રીગીરધરજી** મહારાજની બાળવયમાંજ તેઓના પિતૃચરણ પરલોક પધારવાથી તેઓ ત્યાંના ગુર્જર લોકોના કુસંગમાં રહ્યા અને ભાંગ આદિ વ્યસન તેમને લાગ્યું. તે ગુર્જરોનો ઉપદ્રવ એટલે સુધી વધી પડ્યો કે **શ્રીનાથજી**ની તથા મહારાજશ્રીની અડધી ભેટ તેઓએ લખાવી લીધી. જે કાંઈ ભેટ આવે તેમાંથી અડધો અડધ તેઓ વેંહેંચી લેતા હતા. એકવાર એવું બન્યું કે કૃષ્ણગઢના રાજા કલ્યાણસિંહે રૂપાની બે કમાન મોકલી. તે બેમાંની એક કમાન પણ પેલા ગુર્જર લોકો ઉઠાવી ગયા. તે કમાન રાજાની નજરે કોઇ ઠેકાણે પડી. જે જોતાંજ તેમને લાગ્યું કે આ ઠાકોરજીની કમાન આંહીં ક્યાંથી? અને એકદમ તેની તપાસ કરવા **શ્રીનાથદ્વાર** ગયા. તો ત્યાં મહારાજ વગેરેને ભાંગ પી નિશામાં ચકચુર થએલા દીઠા. મારે જણાવવું જોઇએ કે કેફી વસ્તુ ન લેવાનું આપણા શાસ્ત્રમાંજ કહેલું છે એમ નહીં, પણ મુસલમાન, અંગ્રેજો ઇત્યાદિના શાસ્ત્ર ગ્રંથોમાં પણ તેનો નિષેધ કરેલો છે. પછી રાજા કલ્યાણસિંહે તપાસ કરી તો ગુર્જર લોકોનો મોટો ત્રાસ તેમના દીઠામાં આવ્યો. આવું જોઇને રાજાએ મહારાજના ખવાસને બોલાવી હુકમ કર્યો કે. આજ પછી તારે મહારાજને ભાંગ કે બીજી કોઇ પણ કેફી વસ્તુ કદી આપવી નહીં; આપશે તો તને ખાસડે મારી કાઢી

મુકવામાં આવશે. આમ કહી કલ્યાણસિંહ વિદ્યાનગર ગયા અને ત્યાંના રાજા કૃષ્ણદેવને ઉપલી હકીગત કહી સંભળાવી. તથા પોતાની તરફથી ભલામણ કરી કે આ ગુર્જર લોકનો સ્પર્શ પણ મહારાજ ન કરે તેવો બંદોબસ્ત રહેવો જોઇએ. કૃષ્ણદેવે કહ્યું, પૃથ્વીનાથ, એટલું કામ આપજ કરો. એથી રાજા કલ્યાણસિંહ પોતાની રાજધાનીમાં આવ્યા અને ૫૦૦ આદમીનું લશ્કર, તરવાર, બંદુક વગેરે લઇ પાછા શ્રીનાથદ્વાર ગયા અને ત્યાં મુકામ કર્યો. ત્યાં મહારાજશ્રીના કેફી મંડળમાં હળીમળી ગયા. એક દહાડો લાલબાગમાં—બીજે દહાડે મોહનબાગમાં—એમ જુદે જુદે ઠેકાણે ઉજાણીઓ થવા લાગી. તેમાં ભાંગ, અફીણ વિના તો ચાલેજ શેનું? એમ કરતાં મહિનો માસ વિત્યો અને મહારાજ તથા તેમના સાથી ગુર્જર લોકોનો રાજાપર પક્કો વિશ્વાસ બેઠો. એટલે રાજાએ મહારાજને વિનતિ કરી કે મને અહીં રહ્યાને ઘણા દિવસ થયા, માટે મારા જતાં પહેલાં એટલે આવતી કાલે આપણે એક મોટી ગોઠ કરીએ. તેમાં આપશ્રીને તથા સર્વે ભાઇઓને મારે સોનાનાં કડાં સાંકળાં તથા શાલ દુશાલા વહેંચવા છે. માટે જેઓ આપના કૃપાપાત્ર હોય તે સર્વેને નોતરવા. કડાં સાંકળાંની વાત સાંભળી એટલે કૃપાપાત્ર અને અકૃપાપાત્ર સર્વેજણા આવીને અડી ગયા. સર્વ મંડળ એકઠું થયું. રાજા કલ્યાણસિંહ તથા શ્રીગીરધરલાલજી પણ ત્યાં પધાર્યા. સઘળાઓને સારી પેઠે નિશો કરાવ્યો. રાજા કલ્યાણસિંહે આ મોટી મીજબાનીને દિવસે જોધપુરના રાજા વિજયસિંહજીને પણ ત્યાં તેડાવ્યા હતા. વિજયસિંહજી પોતાની સાથે કડાં, સાંકળાં,

શાલ દુશાલાના ગાંસડા લેતા આવ્યા છે એમ જણાવ્યું હતું. પરંતુ, વિજયસિંહજીએ, કલ્યાણસિંહજીના સંકેત પ્રમાણે માત્ર બેજ ગાંસડામાં એકમાં કડાં સાંકળાં તથા બીજામાં શાલ દુશાલા આણેલાં અને બાકીના બધાં ગાંસડામાં દોરડાં આણેલાં હતાં. આ બેઉ રાજાઓએ પોતપોતામાં એવો સંકેત કરી રાખ્યો હતો કે હું ઇસારો કરૂં કે તરત આ અધીણીઆઓને પછવાડેથી પકડી પાડે એવો તમારી ફોજને હુકમ કરવો, અને તમે ઇસારો કરશો એટલે બેસી જઇ મારા તરફની હારના માણસોને પાછળથી પકડી લેવાને હું મારા શિપાઈઓને હુકમ કરીશ. પછી પેલા વિદાયગીરી લેવા આવેલા બધાઓને બે પંકિત કરી બેસાડી દીધા. તે બંને હારની પછવાડે બંને રાજાઓએ પોતપોતાના સૈન્યની પલટન ઉભી રાખી. તેને આગળને નાકે મહારાજ શ્રી બીરાજમાન હતા. અને તેની જોડે બેઉ પાસે બંને રાજા પોતાના સૈન્યની પંકિતને નાંકે ઉભા રહ્યા હતા. આ જમવા બેસનાર આસરે ૨૦૦ માણસ હતું અને રાજાઓનું બબે સો માણસ અકેક હારમાં તથા બાકીના છુટા ફરતા હતા. જેવો રાજાઓએ આંખનો અણસારો કર્યો કે બબે શિપાઇઓએ મળી અકેક અધીણીને પકડી લીધો. બીજા ફરતા શિપાઈઓએ દોરડાંનાં ગાંસડાં છોડી સરવેને ઝટ બાંધી લીધા. આ પ્રમાણે પોતાના કૃપાપાત્રોની વલે થતી જોઈ શ્રીગીરધરજી મહારાજે રાજા-પ્રત્યે કહ્યું, આ તમે શું કરો છો ? તેનો ઉત્તર કલ્યાણસિંહે એવોં દીધો કે, "कृपानाथ अब बोलनेका समय नहि हे." અને સર્વ બંધીવાનને કીસનગઢ મોકલી દીધા. શ્રીગીરધરજી મહા-

રાજને મંદીરમાં લઈ જઈ બેસાડયા. પોતાના રાજ્યમાંથી ૧૨-૧૩ સારા પંડિતોને તેડાવ્યા. ભીતરીયા વગેરેની જગાએ તથા મંદીરમાંના દરેક સેવાગૃહના ઉપરી તરીકે એકેક પંડિતને રાખી દીધો અને મંદિરમાંથી દુષ્ટ લોકોની જડ ઉખેડી નાંખી. આ સરવે પંડિતો સંસ્કૃતમાં વાતચીત કરતા, એટલુંજ નહીં પણ તેમના હાથ નીચેના માણસો તથા મહારાજને પોતાને પણ સંસ્કૃતમાં બોલવાની ફરજ પાડી. એ રીતે પોતાને સદ્‌ વિદ્વાનો સંગ થયો, તેથી પ્રથમના કુસંગમાં રહ્યા હોત તો મારી માઠી વલે થાત એમ સમજાયું, ત્યારે શ્રીગીરધરજી મહારાજે પોતે રાજા કલ્યાણસિંહજીને લખી મોકલ્યું કે "કલ્યાણસિંહજી, તમારૂં કલ્યાણ થજો કે તમે મને સન્માર્ગે લગાડયો."

એ પ્રમાણે સેવકો પણ ગુરૂના દોષો દૂર કરતા હતા. તે વખતના શિષ્યો હમણાના **ભાવકાઓ** જેવા હાજી હા કરનારા કે **ખમા ખમા** બોલી, બગાસું ખાતાં **ચપટીઓ** વગાડનારા ન હતા. જુઓ, શ્રીગુંસાઈજી બાળપણમાં ઢીંગલા ઢીંગલી ખેલતા હતા. તે જોઈને તેમના શિષ્ય દામોદરદાસજીએ શ્રીગુંસાઇજી સરખાને પણ કહ્યું કે, **આ કાંઈ હાંસી ખેલ કરવાનો સંપ્રદાય નથી.** તો તમ લોકોએ અમારી ભુલ અમને શા માટે ન જણાવવી જોઇએ ? અલબત, ખરા શિષ્યોએ ગુરૂને પોતાને તો કેહેવુંજ જોઇયે. માટે અમારામાં જે કંઈ દુર્ગુણ દેખાય તે બેલાશક કહેવા, પછી માનવું ન માનવું એનો અમારા મનપર આધાર છે. તેમજ ગુરૂ પાસથી વિદ્યા, ધર્મ, જ્ઞાન વગેરે શિખી લેવું જોઈયે. કદાચિત્‌ પોતાના ગુરૂને ન આવડતું હોય તો

જેને આવડતું હોય તેમની પાસેથી શિખવું. પણ પોતે અજ્ઞા-
ની તો રેહેવુંજ નહીં.

મારાથી બોલ્યાવિના રેહેવાતું નથી કે જેટલી અમારી (મહારાજોની) રીતિ નીતિ બગડી છે તેટલી તમારી વૈષ્ણ-વોની બુદ્ધિ બગડી છે. કેમકે અમારામાં કેટલાક દુર્ગુણો જે તમે જુઓ છો, તેવા દુરાચારો આપણા પૂર્વાચાર્યોમાં હશે એમ માની તમે ચાલવા દો છો. એટલુંજ નહીં પણ, દુરાચા-રોને ઉલટું તમે ઉત્તેજન આપો છો. પૂર્વાચાર્યોના ચરિત્ર ગ્રંથો તથા સ્વમાર્ગીય પ્રાચીન પુસ્તકોનો અભ્યાસ કરી. તેમ છે કે નહી તે જાણવાનો બિલકુલ પ્રયાસ તમે કરતા નથી! પોતાના સંપ્રદાયના જ્ઞાતા પાસે બેસવું; તેમની પાસે તે સંબંધી ઉપદેશો સાંભળવા; વિદ્યાધ્યયન કરવું; સ્વમાર્ગી ગ્રંથો વાંચી તે સંબંધી જ્ઞાન મેળવવું અને તેમાં જણાવ્યા પ્રમાણે ધર્માચરણ કરવું. વિદ્યા તો નીચની પાસે હોય તો તે પણ લેવી એવું શાસ્ત્રમાં કહેલ છે. તો આપણા પોતાના સંપ્રદાયના મહાન્ વિદ્વાન અર્થાત્ પંડિત ગટ્ટૂલાલજી દ્વારા તે લેવામાં શી-હરકત છે? આ પ્રસંગે મને મારા પિતૃચરણનું સ્મરણ આવે છે. મારા પિતાજી વારંવાર કહેતા કે આપણા સંપ્રદાયનેવિષે ગટ્ટૂલાલજીના હૃદયમાં **શ્રીમહાચાર્યજી**નો અંશ બીરાજે છે. હાલ કેટલાકો એમનાપર દ્વેષ કરે છે તેમ નજ થવું જોઈએ. આપણા સંપ્રદાયનુંજ માત્ર નહીં, પરંતુ આપણા મહાન્ ખુબીવાળા આર્યધર્મનું જેટલું એઓ જાણે છે, તેટલું બીજો કોઈ જાણતો હોય એમ મારા જાણ્યામાં નથી. માટે એમની પાસે સત્ય ધર્મ અવશ્ય સમજવો જોઈએ. અમે પોતે પણ કોઇ વાત ખોટી

કહી તો તે ન માનવી. તે વખતે હંસના* જેવો દુધરૂપી સારગ્રાહી સ્વભાવ રાખવો. પણ કાગડાની પેઠે વિષ્ટાપર જઈ બેસવાનો સ્વભાવ કદી પણ નહીંજ રાખવો.

માંખીનો સ્વભાવ એવો હોય છે કે જ્યાં ચાંદુ હોય ત્યાં જઈને બેસે. જુઓ પરમ દિવસની સભામાં જ્યારે રાઘવાચાર્યજીને પુછવામાં આવ્યું કે, તમારા નિંબાર્ક સંપ્રદાયમાં પાદુકા પૂજનનો રીવાજ છે કે નહીં? ત્યારે તેમણે જણાવ્યું કે "રીવાજ તો છે પણ નાશ થયા પછી"--આટલા શબ્દો તેમના મુખમાંથી નિકળતાંજ પાદુકાપૂજનના પ્રતિપક્ષી જે થોડા લોકો અહીં બેઠેલા હતા તેઓએ જાણ્યું કે અમારો જય થઇ ગયો. ને તરત તાળીઓ પાડી સાબાશી આપવા લાગ્યા. એ તો ઠીકજ થયું કે, તે વખતે તેજ સંપ્રદાયના શાસ્ત્રી ભીમાચાર્યજી અહીં

---

* નીતિશાસ્ત્રમાં પણ કહેલું છે કેઃ-

प्राज्ञःप्रवदतां पुसां श्रुत्वा वाचः शुभाऽशुभाः ।
गुणवद्वाक्यमादत्ते हंसः क्षीरमिवांभसः ॥

**અર્થ**—હંસ જેમ પાણી અને દુધના મિશ્રણમાંથી દુધ માત્ર લે છે, તે પ્રમાણે ડાહ્યો માણસ લોકોના ભાષણમાંથી ગુણયુક્ત વચન હોય તેટલાંજ ગ્રહણ કરે છે. અને—

अज्ञःप्रवदतां पुसां श्रुत्वा वाचःशुभाशुभाः ।
दोषवद्वाक्यमादत्ते पुरीषमिव सूकरः ॥

**અર્થ**—ડુક્કર (ભુંડ) જેમ (સર્વ પદાર્થ છોડીને) વિષ્ટા ગ્રહણ કરે છે, તેમ મૂર્ખ જન બોલનારના ભાષણમાં દોષયુક્ત હોય તેજ લે છે.

પ્ર. ક.

હાજર હતા અને તેમણે દાખલા સહિત જણાવ્યું કે વિદ્યમાન અને અવિદ્યમાન બંને આચાર્યોની પાદુકાનું પૂજન અમારા સંપ્રદાયમાં થાય છે. આ કહેવાનું કારણ એટલુંજ કે. જેનો સ્વભાવ માંખી જેવો હોય છે તે બીજાના ચાંદા જેવા છિદ્રો શોધીને તૃપ્ત થાય છે.

આથી એમ ન સમજવું કે મારા કહેવાનો હેતુ એવો છે કે અમારા અવગુણ તમારે નજ કહેવા. હું ફરીફરીને કહુંછું કે મારામાં જે દુર્ગુણ તમોને જણાય તે બેલાશક મને કહેવા; કેમકે તેમ થએથી તે તમે ને અમે બેજ જાણીશું અને કોઈ ત્રાહિત જોઇ જશે તો તે બહાર જઈને હજારો લોકોને કહેશે. તેથી તમારી અને અમારી બંનેની ફજેતી જાહેરમાં થશે. માટે બહાર હલ્લો કરવો એવો મારો, સત્યશાસ્ત્રકારોનો, સારા વિદ્વાનોનો અને સજ્જન માણસોનો અભિપ્રાય નથી. અમે જેમ કરિએ તેમ ન કરવા દેવું, કેમકે સદ્‌ગુણ દુર્ગુણની વૃદ્ધિ તેને ઉત્તેજન મળવાથીજ થાય છે. દુઃસંગમાં પડવાથી ઉપલા **શ્રીગીરધરજી** મહારાજ શિકાર કરવાને સુદ્ધાં તૈયાર થયા હતા!! અને જો ન્યાતીલાઓએ અટકાવ્યા ન હોત, તો તે પણ કરત.

અમારા લોકોના આચરણ પસંદ ન પડવાથી કેટલાક લોકોએ અમારો સંગ છોડી દીધો છે. જેથી ભગવત્‌સેવાનો પણ સંબંધ તેમને છુટયો છે અને કોરી **વિત્તજા** (પૈસા સંબંધી) સેવા તેઓ કરવા લાગ્યા છે. કેમકે અમારે ત્યાં આવવાથી તેમનું મન દુખાય તેથી તેઓએ **તનુજા** ( શરીરના શ્રમથી જે સેવા બની શકે તે ) સેવા પણ તજી દીધી. ત્યારે **માનસી** ( ઇશ્વર સ્વરૂપનું મનમાં ચિંતવનવાળી ) સેવાની તો વાતજ શી કરવી ?

પરંતુ આવી રીતે ન કરતાં અમ લોકો જે ન જાણતા હોઇએ, તે જે કોઈ જાણતું હોય તેની પાસેથી જાણી લેવું. શાસ્ત્રની પણ એવીજ આજ્ઞા છે. માટે તેમ લોકો કરશે અને સ્વધર્મનું જ્ઞાન મેળવશે, તોજ ધર્મનો ઉદય થશે.

હાલ ધર્મનો એક પગ રહ્યો છે. તે પણ લંગડો છે. જે બળદના ત્રણ પગ ભાગી ગયા હોય તે બાપડો એક લંગડાતે પગે કેવી રીતે ચાલી શકે? તેને તો બેચાર જણા મળીને ગાડામાં ગોઠવીને લઇ જાય ત્યારેજ જઈ શકે, લઇ જઇને પણ તેને દાણા ખવડાવે, ચારો ચરાવે અને તેની બરાબર આગતા સ્વાગતા કરે, તોજ જેટલું આયુષ્ય હોય ત્યાં સુધી જીવે. તેજ **પ્રમાણે ધાર્મિક લોકો આપણા ધર્મનું યોગ્ય સેવન કરશે તો ઠીક છે, નહીં તો આપણો ધર્મ મને ભય છે કે ડુબી જશે.**

બીજા સંપ્રદાયોમાં ઉપદેશ ચાલુ છે. તેમાં ઉપદેશ માટે નિયમો છે. તેમ તે સંપ્રદાયોના શિષ્યો, ગુરૂને જાહેરમાં ગાળો દેવી. તેમના દોષોજ જોવા અને ઠેકઠેકાણે તેમને વગોવવી એવું કરતા નથી. પણ પોતે કેવી રીતે ધર્માચરણ કરવું એજ ખોળે છે. તેઓ આપણા લોકો કરતાં ધર્મ પણ સારો પાળે છે.

વળી **मूलं नास्ति कुत : शाखा**, તેમ પ્રથમતઃ આ વાતમાં અમારીજ કસુર છે. જો ઝાડનું થડીઊં હોય તો તેમાંથી ડાળ ફુટે, તેમ જો અમારામાં ધર્મ હશે તો તમારામાં આવશે. તેમ તમારે પણ હમારી પાસે ધર્મશંકાઓ પુછવી જોઇએ. કેમકે 'માગ્યા વિના મા પણ ન પીરશે, એમ તો નક્કી સમજવું. ગુરૂ કેવા કરવા તે વિષે શ્રીમદાચાર્યજી મહાપ્રભુજીની આ પ્રમાણે આજ્ઞા છેઃ—

कृष्णसेवापरं वीक्ष्य दंभादिरहितं नरम् ।
श्री भागवततत्त्वज्ञं भजेज्जिज्ञासुरादरात् ॥

कृष्णसेवापरं એટલે સારી પેઠે **શ્રીકૃષ્ણની સેવામાં હુશીઆર** હમણાની માફક નહીં કે મુખીયાજી પુકારે કે "સમય થયો" તોકહે "આવીએ છીએ." અને કોઈ વિનતિ કરવા આવે કે "બાપજી નાટકનો વખત થયો છે. ગાડી તૈયાર છે." તો કહે (હાથની ચપટી વગાડીને) "ચાલો." તેમ ન જોઈએ. **શ્રીગુંસાઈજી**ના પૌત્રનું લગ્ન હતું તે વખતે બધી વરણાગી તૈયાર થઈ અને તેઓને પણ આવવાને આજ્ઞા કરી. ત્યારે તે તો રડવા લાગ્યા. તેમને સમજાવીને પુછ્યું કે કેમ રડો છો ? ત્યારે કહે કે "મારી ઉત્થાપનની સેવા રહી જાય છે." જુઓ ભગવત્સેવા આગળ તેને પરણવાની પણ દરકાર ન હોતી. તેવું તો રહ્યું, પણ **મંગળાથી તે શયન** સુધી સેવા તો બરાબર થવી જોઇએ. હમણા મારાજ ઘરની વાત કરૂં, કે ઠાકોરજીને ઠોર એવા તો ધરાવવામાં આવે છે કે કોઈના માથામાં મારીએ તો લોહી નીકળે પણ ઠોર ભાગે નહીં. અને કેટલેક ઠેકાણે તો તે ભાગવા માટે લાકડાનો હથોડો રાખે છે. તે પણ જ્યારે એત્રણ પડે ત્યારે કટકા થાય. મેં એમ કરવાનું કારણ પુછ્યું હતું, તો એમ જણાવવામાં આવ્યું કે નરમ રાખીએ તો ભાગી પડે અને ભાગી જાય તો **ભિતરીઆ** લડે. ત્યારે ભિતરીઆના સુખ માટે ઠાકોરજીને દુઃખ થાય તો હરકત નહીં !! એકવાર **શ્રીમહાપ્રભુજી**ના સમયમાં મહાપ્રસાદમાં સળી આવી ગઇ તેથી **શ્રીમદાચાર્યજી**એ કહ્યું કે "અમે સંન્યાસ લઇએ છીએ, આજે તો સળી આવી અને કાલે તો સેવામાં

મુશળ આવશે. આપણો ગૃહસ્થાશ્રમ છે તે ભગવત્સેવા માટે છે. ને તે બરાબર ન બને તો અમારૂં રહેવું વ્યર્થ છે."

**શ્રીનાથ**જીની આરતી જે દહાડે ભટજીએ ઉતારી તે દહાડાથી તેમની સેવા છોડાવી, તે એટલાજ માટે કે આજે આરતી કરી તો કાલે સણગાર સજશે. અને એમ કરતાં અમારી સેવા છોડાવી દેશે. તે વખતે તેઓ એમ નહોતા જાણતા કે આજની માફક સાચોરા ગીરનારા ઠાકોરસેવામાં ઘુસી જાશે. એઓનો ઉદ્દેશ એજ હતો કે, ભગવત્સેવા તો અમેજ હાથે કરીશું અને રસોઈની સેવા અમારી વહુ બેટીઓ કરશે. હજુ પણ કોટાવાળા **શ્રીકનૈયાલાલ**જીને ત્યાં રસોઈની સેવા વહુ બેટીઓજ કરે છે.

પ્રાચીન કાળમાં વલ્લભકુળના બાળકો ઠાકોરજીના હાંડા માંજવા સુધીની પણ સેવા કરતા હતા. તેમના હાથ અમારા ગટ્ટૂલાલજીના હાથની પેઠે ઘોડાના ખરેડા જેવા થઈ જતા. મારા પોતાના પૂર્વજોમાં એક દેવકીનંદનજી કરીને હતા. તેઓ એકવાર કોટે પધાર્યા હતા. તે એક વખત ત્યાંના મંદિરમાં જઈ જુએ તો ગુંસાઇઓ હાંડા માંજતા હતા. દેવકીનંદનજીએ પુછ્યું કે આ શું થાય છે? ત્યારે મથુરેશજીવાળા મહારાજેએ તેમને કહ્યું, આવો આપ પણ માંજો. ઠાકોરસેવા તો સાવરણીથી લઇને શૃંગાર સુધીની એકજ છે. તેમણે કહ્યું "આપના અહોભાગ્ય છે કે આપ સર્વ સેવા કરો છો. મારા ઠાકોરજી વધારે કોમળ છે, તેથી મારે હાથની વધારે સાવધાની રાખવી પડે છે. નહીં તો મુખીઆજી ઠાકોરજીને અડકવા પણ ન દે." આ દૃષ્ટાંત આપવાનું કારણ એજ કે એટલે સુધીની સેવાનો

પ્રાચીન આચાર્યોને આગ્રહ હતો. હાલ તે આગ્રહ ઘણે દરજ્જે છુટી ગયો છે.

કેટલાકો કહે છે કે દેવકીનંદન તો સિંહાસનપર બેસીને જપ કરે છે. એને કંઈ સેવાની ફીકર નથી. પણ તે વાતની પરીક્ષા ( ખબર ) તો કામવનમાં **શ્રીચંદ્રમાજી** પાસે અમે હોઈએ ત્યારે પડે.

" दंभादिरहितं " એટલે દંભ, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર ઈત્યાદિથી રહિત એવા ગુરૂને ભજવા જોઈએ. દંભ એટલેપાખંડ અર્થાત્ કહેવું એક અને કરવું બીજું તે. એમ કરનારા ગુરૂનું કોઇ કહ્યું માને નહીં. અને " શેઠની શિખામણ ઝાંપા લગી, " એમ થાય. અમે તમને આચાર વિચાર રાખવાને કહીએ અને અમે પોતે આચાર પાળીએ નહીં, તો તમે બહાર જઇ કહેશો કે ગુંસાઈજી તો ગાંડા થઈ ગયા છે. કામ, ક્રોધ, ઇત્યાદિ તો ગુરૂ માત્રમાં નજ હોવાં જોઇએ.

" श्रीभागवततत्त्वज्ञं " એટલે **શ્રી**મદ્‌**ભા**ગવતના તત્વને જાણનાર એવા ગુણવાળા હોય તે ગુરૂને લોકોએ ભજવા. અમારા જેવા નહીં કે જેને **ભા**ગવતનો એક શ્લોક પણ બરાબર લગાડતાં આવડે નહીં! હાલ તો કેટલાક **ભાવકાઓ** કહેશે કે તમારે ભણીને શું કરવું છે? ખરે **શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ** " शिक्षा श्लोक " માં જે આજ્ઞા કરી છે, તેવો સમય આજનો થયો છે—

यदा बहिर्मुखा यूयं भविष्यथ कथंचन ।
तदा कालप्रवाहस्था देहचित्तादयोप्युत ॥ १ ॥
सर्वथा भक्षयिष्यंति युष्मानिति मतिर्मम—इत्यादि.

જો તમે કોઈ રીતે પણ બહિર્મુખ થશો (અર્થાત્ ઇંદ્રિઓને બેહેકાવશો) તો કાળના પ્રવાહમાં પડેલા તમારા દેહ,ચિત્ત, આદિ પદાર્થો પણ તમને સર્વથા ખાઇ જશે, એવું મારૂં માનવું છે ઈત્યાદિ–હાલ આ વાતનો અનુભવ પ્રત્યક્ષ જોવામાં આવે છે.

મેં આપણા સંપ્રદાય વિશે એક અડસટો બાંધ્યો છે, તે એમ કે **શ્રીમહાપ્રભુજી**થી તે સાત સ્વરૂપો સુધી **બ્રહ્મલીલા** રહી. એટલે બ્રહ્માનું કામ જેમ સૃષ્ટિ સરજવી, તેમ તેઓએ સંપ્રદાયને વધારવો, લોકોને ઉપદેશ કરવો, ઇત્યાદિ કામ કર્યું. તે લોકો હમણાની પેઠે કોરટોમાં મુકરદમા ચલાવવાની માથાફોડ કરતા નહોતા. મારી પાસે અમારા દેવકીનંદનજી મહારાજના હાથનો લખેલો પત્ર છે, તેમાં તેમણે પોતાના પિતાને જણાવેલું છે કે મેં ગુજરાતમાં ૨૩ ગામમાં નવા સેવકો કર્યા છે. જેમાંના બાંધણી, મહુધા વગેરે ગામોમાં હાલ પણ અમારા સેવકો છે. એવી રીતે પુષ્ટિમાર્ગની સૃષ્ટિને વધારતા હતા. ત્યારપછી વચલા કાળમાં **શ્રી**હરિરાયજી,**શ્રી**પુરૂષોતમજી આદિ આચાર્યોમાં **વિષ્ણુ લીલા** રહી. વિષ્ણુનું કામ સૃષ્ટિનું પોષણ કરવું, તેમ તેઓએ લોકોને ધર્મોપદેશ કરી કરીને ધર્માચરણ કરાવ્યું અને જણાવ્યું કે આવી પરીપાઠી છે તેમ ચાલશો તો તમારૂં સારૂં થશે. હવે આજકાલ અમારામાંના કેટલાકોએ **શિવલીલા** પકડી છે. શિવનું કામ એ કે સૃષ્ટિનો સંહાર કરવો. તેમ અમ લોકો સંપ્રદાયના સંહારમાં હાલ પ્રવર્ત્યા છીએ. માટે તેમ કરવા જતાં અમને તમ લોકોએ અટકાવવા જોઈએ. અને વારંવાર ધર્મ-સંબંધી પ્રશ્નો પુછવા, સ્વમાર્ગીય ગ્રંથો વાંચવા, સાંભળવા, અમને ન આવડે તે વાત આપણા માર્ગની રીતથી તથા પ્રા-

ચીન ગ્રંથોને આધારે નાનો છોકરો કહે તો તે માનવી, અને તે પ્રમાણે ધર્માચરણ કરવું પરંતુ માર્ગ વિરૂદ્ધ ઉપદેશ કરવા **પરમેશ્વર** પોતે આવે તોપણ તેમનું ન માનવું. તે વખતે તો તેમને દંડવત માત્ર કરવા.

હમણા આપણા સંપ્રદાયની રાખમાંના અગ્નિ જેવી દુર્દશા થઈ છે. માટે એ અજ્ઞાન અને દુરાચરણરૂપી રાખોડીને દુર કરી અગ્નિનો પ્રકાશ પાડવા યત્ન કરવો. કેટલાક કહે છે કે દેવકીનંદને આ સંપ્રદાયને પાતાળમાં પેસાડવાનું કર્યું છે. પરંતુ મને કેહેતા હોય તો મેં એકલાએજ નહીં પણ, અમારામાંના ઘણાઓએ તથા ખોટો પ્રેમ લગાડનારા હજારો **ભાવકાઓએ** તેમ કરવા માંડ્યું છે, કારણ કે મહાસમર્થ **શ્રીમહાપ્રભુજીએ** એકલાએ સંપ્રદાયને ચલાવ્યો ખરો, પણ તેને રસાતાળ કરવો એ એકલાથી બની શકે એમ નથી. એ તો ઘણાઓનુંજ કામ છે!!

જો વૈષ્ણવ લોકો **ઉદ્યોગ** કરવા મંડી પડે, તો સંપ્રદાયનો સંહાર થવો તો એક બાજુએ રહે પણ તેની થોડા વખતમાં ઉન્નતિ થવા માંડે. એ **ઉદ્યોગ** એજ કે, કેટલાક ગુપ્ત ગ્રંથો છે તે સિવાયના બીજા પ્રસિદ્ધ ગ્રંથો છપાવે, તેના ભાષાંતરો કરાવે, સ્વમાર્ગી ગ્રંથોનું અધ્યયન કરે, ધર્મ સભાઓ સ્થાપે, પાઠશાળાઓ ઉઘાડે ઈત્યાદિ. આ મોટા મુંબઇ શેહેરમાં એક ધર્મસભા (આર્ય સુધર્મોદય) માધવબાગમાં અને એકજ સંસ્કૃત (વિદ્યાલક્ષ્મી) પાઠશાળા **ગટ્ટુલાલજીના** મંદિરમાં મેં જોઇ છે. આ શેહેરની વૈષ્ણવોની વસ્તીના પ્રમાણમાં એ તે શી વીસાતમાં? ઓછામાં ઓછી ચાર પાંચ ધર્મસભાઓ તથા પાઠશાળાઓ તો

જોઈએ. આ શેહેરમાં ઘણા શ્રીમંત સારા ગ્રહસ્થો છે. તેઓ જો આ વાત મનપર લે તો એ બનતું કાંઈ અશક્ય નથી. કેટલાક તો એવા શોખીનો છે કે, તેઓ ૧૦૦-૧૨૫ રૂપીઆનો મહિનો આપીને વેશ્યાને રાખે છે, તો તેઓ સારા સારા પંડિતોને તેટલા રૂપિઆનો મહિનો આપે તો કેટલી પાઠશાળાઓ ઉભી થાય? અને એવું બને તો સંપ્રદાયનો ઉદય કેમ ન થાય? જેમને સંસ્કૃત ન આવડતું હોય તેમણે પોતાના ઘરમાં ભાષાના પણ સારા ગ્રંથો રાખવા. અને અવકાશે પોતે વાંચવા તથા ઘરના મનુષ્યોને વાંચી સંભળાવવા. એવી રીતે ધર્મ સમજવો તથા સમજાવવો. જો અમ લોકો એકેક ધર્મસભા સ્થાપન કરીએ, તો તેથી આ માર્ગને કેવું ઉત્તેજન મળે તથા તેની કેટલી વૃદ્ધિ થાય; તેમજ દ્રવ્યપાત્ર ગૃહસ્થો અમારા બંગલા, વાડી, ગાડી, ઘોડા વગેરેના ખરડાઓમાં જેમ દ્રવ્ય ભરે છે તેમ સ્વમાર્ગી વિદ્વાનોને અને ગ્રંથોને તેટલાજ દ્રવ્યથી ઉત્તેજન આપતા હોય તો સંપ્રદાયનો એકદમ ઉદય કેમ ન થાય? કેટલાક એવા દંડોતીઆ ભક્તો આવે છે કે તેઓ લાંબા પડીને દંડવત કરે છે, પણ વિદ્યાના કામમાં મદદ કરવાનું કહીએ છીએ ત્યારે નાસતા ફરે છે. તેનું કારણ એટલુંજ કે લોકોમાં ખરૂં ધર્માભિમાન તથા મૂળ આચાર્યની ભક્તિ છુટી ગએલી છે.

**શ્રીમદ્વલ્લભાચાર્યજી** વગેરેની ખરી ભક્તિ તો એજ કે તેઓના ગ્રંથોનું અને સંપ્રદાયનું ઉત્તેજન. અમારી વાડી ગાડીથી કંઇ તેઓની સેવા થતી નથી. ધર્માભિમાન એકલા વૈષ્ણવોમાં નહીં પણ ઘણું કરીને આખી હિંદુ કોમમાંથી ઘટયું છે. હિંદુઓ કરતાં અન્ય વર્ણને પોતાના ધર્મનું અભિમાન ઘણું

સારૂં છે. કોઈ મુસલમાન દીનનો ઝુંડો રોપે, તો એકેએક મુસલમાન તેમાં સામેલ થાય. થોડા વરસપર મુંબઈમાં પારસી અને મુસલમાન વચ્ચે જે મોટું બંડ થયું હતું તે પણ કેવલ ધર્મને માટેજ. કોઇ પારસીએ મુસલમાનના ધર્મગુરૂનું કંઈ ખરાબ છાપ્યું હતું તેજ બાબત ઉપરથી. અને તમારામાં એવી ગુરૂભક્તિ રહેલી છે કે અમને કોઈ ફાંસી લઈ જાય, તોપણ એકે અક્ષર બોલો નહીં. અને ઉલટું એવું કહો કે જેવાં કર્મ કરે તેવાં ભોગવે, તેમાં અમે શું કરીએ ? એમ થવાનું કારણ એજ કે તમારી અમારા વિષેની ભક્તિ ઉઠી ગઈ છે. અમારે વિષે તમોને ગુરુબુદ્ધિ નથી પણ સાધારણ મનુષ્યબુદ્ધિ રહી છે. અને તેનું પણ મૂળ કારણ એજ છે કે અમ લોકોએ ગુરૂપણાનું કર્તવ્ય છોડી દીધું છે. કેટલાક **પ્રેમલા** બની અમારે વિષે ભક્તિ દેખાડે છે ને અમારે વિષે ઈશ્વરપણું જણાવે છે ! ! તમ લોકો લુગડાં ન પહેરો તો ગાંડામાં ખપો અને અમે ઉભા ઉભા લઘુશંકા ( અર્થાત્ ગમે એવું અઘટિત ) કરીએ તો તે લીલા કરી કહેવાય ! ! !

હાલ ખરા ધર્મને જાણનારા થોડા મળશે. કેમકે જેઓ જાણે છે તેમને કોઇ ઉત્તેજન આપતું નથી. વૈષ્ણવો પણ ધર્મજ્ઞ પુરૂષનો સત્સંગ કરતા નથી. મુસલમાની રાજ્યમાં જ્યારે જુલમથી કંઠી તોડી નાંખતા હતા, તે વખતના વૈષ્ણવો બરાબર ધર્મ સાચવતા હતા. અને માદળીઆં કે ચોટલીમાં કંઠી રાખતા હતા. એટલી બધા ધર્મ સાચવવાની તજવીજ કરતા હતા. હમણા મહારાણીના રાજ્યમાં કોઇને પોતાનો ધર્મ પાળ-

વાને અટકાવ થતો નથી, તોપણ લોકો બરાબર સ્વધર્મ પાળતા નથી. પણ તેથી ઉલટા કોઇ કોઈને ક્રિશ્ચિયન થવા કેહેતું નથી તોપણ કેટલાક હિંદુઓ વટલીને ક્રિશ્ચિયન થાય છે. તેનું કારણ એકે આપણા લોકોને ધર્મ સબંધી બોધ મળતો નથી.

રામાનુજ સંપ્રદાયમાં જોઈશું તો ૩૦૦-૪૦૦ વિદ્વાનો નિકળશે અને આપણા સંપ્રદાયમાં શોધીએ તો ત્રણ ચાર માંડ માંડ જડે ! બાકી બધાએ અમારા સરખા નીકળશે. જો અમ લોકો એકએક શાસ્ત્રી રાખીએ તો, બાગમાં ૨૦ માળીને બદલે ૧૦ માળી રખાય, એથી વધારે તો ખોટ જાય એમ નથી !! અને સંપ્રદાયમાં વિદ્વાનો વધે. વળી ઘેર શાસ્ત્રી હોય તો અમને પણ કેટલુંક શાસ્ત્રજ્ઞાન મળે અને અમારા બાળકો પણ વિદ્યા શીખે. તેમ ન થાય તો જ્યારે મોટા થાય ત્યારે કહેશે કે અમને અમારા માબાપે મૂર્ખા રાખ્યા. અમે શું કરીએ? માટે વિદ્વાનોને ઉત્તેજન તથા મદદ આપવી જોઈએ. તેને બદલે હમણા તો જે કોઈ કાંઇ ધર્મોપદેશ કરતો હોય તેનો એકદમ દ્વેષ કરે છે. જુઓની ગટ્ટૂલાલજી કોઇને બ્રહ્મસંબંધ આપતા નથી કે કંઠી બાંધતા નથી, પણ લોકોને સમો ઉપદેશ કરે છે અને કાંઈ પણ માર્ગવિરૂદ્ધ કરતા નથી. કેટલાક ગ્રંથોથી તથા લખાણોથી તેમણે માર્ગનું સારૂં કર્યું છે અને પ્રાચીન ગ્રંથોમાં ઘણો શ્રમ કર્યો છે. તેમ છતાં તેમના ઉપર એટલો બધો કોપ તેઓ કરે છે કે માત્ર દેહાંતદંડ કરવાનું બાકી રાખ્યું છે. જેમ કરવું તેમના હાથમાં નથી નહીં તો તે પણ કરવાને ચુકે નહીં. કેવો અનર્થ!!!.

હું કહું છું કે આપણા કરતાં તો અંગ્રેજ લોકો સારા છે. કે તેઓનો એક નાનો છોકરો હશે તે પણ એમ બોલશે કે અમારામાં કોઇ પણ મનુષ્ય મૂર્ખ નથી. તેનું કારણ શું? તેમનામાં પણ મૂર્ખો પેદા તો થાય છે. પણ તે લોકોની વિદ્યાભ્યાસ વગેરે કરાવવાની રીતિ એવી છે કે તેથી ઘણે ભાગે મૂર્ખ રહેતા નથી. પ્રથમ તો તેમનાં છોકરાંનાં રમકડાં હોય તે પર તે રમકડાના નામનો પહેલો અક્ષર એવો તો મોટો લખે કે બાલક છોકરાંને પણ રમતમાં મૂળાક્ષરો ઓળખવાનું જ્ઞાન થાય. પછી તેનો વિદ્યાભ્યાસ જારી રાખવામાં આવે છે. તેમ છતાં પણ કોઈ ભણ્યો નહીં અને ઠોઠ રહ્યો તો તેને લશ્કરી ખાતામાં રાખવામાં આવે છે. જ્યાં આવું બને છે ત્યાં મૂર્ખો મળવા મુશ્કેલ થાય એમાં શી નવાઇ? હાલ કેટલાક અંગ્રેજોના જાણ્યામાં આવ્યું છે કે રેશમી અબોટીયું હિંદુ લોકો પેહેરે છે તે ઘણું ઉત્તમ છે. તોપણ કોઇ અંગ્રેજને અબોટીયું કે સુતરાઉ ધોતીયું પહેરતાં મેં જોયો નથી. તેનું કારણ એજ કે તેઓનું સ્વદેશાભિમાન—અને આપણા લોકો કેવા સ્વદેશાભિમાની છે કે, કોટ, પાટલુન વગેરે અનેક અંગ્રેજલોક જેવો પહેરવેશ તથા તેમનાં જેવાં આચરણો કરીને અંગ્રેજમય થઈ પડ્યા છે! તેમ ન કરતાં કંઈ પણ સ્વદેશાભિમાન રાખવાની ઘણીજ જરૂર છે.

આ કળિયુગમાં મનુષ્યની આવરદા ૧૦૦ વર્ષની ગણાય છે. તેમાંથી સુમારે ૫૦વર્ષ તો ખાનપાન નિદ્રામાં ગયાં; ૯–૧૦વર્ષ તો બચપણમાં રમત ગમતમાં વિત્યાં. બાકી રહ્યાં ૪૦–તેમાંથી પણ ગુરુનિંદા, વેદનિંદા, ભગવદ્જનનિંદા, અસત્ય ભાષણ,

વ્યભિચાર વગેરે અનેક પાપથી આયુષ્ય ક્ષીણ થાય છે. જેથી બહુ થોડી ઉમર આપણને આપણું કર્તવ્ય કરવાને મળે છે. તેનો જેટલો લાભ લેવાય તેટલો લઇ ધર્મપુરૂષાર્થ સિદ્ધ કરી લેવો જોઈએ. કારણકે માબાપ, ભાઇભાંડુ, બૈરીછોકરાં સૌ મતલબનાં સગાં છે. તેમ ન હોય તો કમાઉ પુત્ર વહાલો અને હીણકમાઉ અળખામણો કેમ લાગે? માબાપને મન તો બેઉ સમાન જોઈએ. પણ તેમ કંઈ બનતું નથી. ગમે તેટલી પ્રીતિ હોય છે તોપણ મનુષ્ય મરણ પામે છે કે તેને ઝટ નિકાલો–નિકાલો–કરીને ઘરમાંથી કહાડવા તૈયાર થાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે, માતા જે નાનપણથી ઉછેરીને મોટો કરે છે તથા પુત્રપર ઘણું હેત રાખે છે તે તથા સ્ત્રી જે પતિ ઉપર ઘણો પ્રેમ રાખે છે અને નિરંતર સાથે રહે છે તે, સ્મશાન સુધી પણ વળાવવા આવતી નથી, પણ ઓટલેથીજ પાછી ફરે છે. ભાઇ બાપ, મિત્ર જેઓ ઘણો સ્નેહ રાખનારા તેઓ પણ મસાણ સુધી આવીને પાછા ફરે છે. અને આ દેહ જે જન્મતાંજ આપણી સાથે આવેલો છે, જેણે કરેલાં સારાં માઠાં બધાં કર્મો "મેં કર્યા" એમ આપણે અભિમાન રાખીએ છીએ, તે દેહ પણ ચિતામાં રહી જાય છે. ત્યારે આપણી સાથે શું આવે છે? કેવલ પાપ અને પુન્ય બેજ.

પ્રાચીન કાળમાં એક કરે તો બીજાને પણ તેનું ફળ મળતું હતું, પણ આ કળિકાળમાં તો જે કંઈ કરે તેનું ફળ તેને પોતાનેજ ભોગવવું પડે છે. કેટલાક લોકો કળિયુગને નિંદે છે, પણ હું કહું છું કે ઇશ્વરપ્રાપ્તિ માટે તો આ યુગ સૌથી વધારે સારો છે, કેમકે હમણા કીર્તન માત્રથી પણ હરિ પ્રસન્ન થાય છે.

મૂળમાં જીંદગી થોડી. તેમાં કેટલોક વખત રોજગારમાં જાય. રોજગાર તો સર્વ કોઈએ અવસ્ય કરવો જોઈએ. તે પછી કેટલાક ચોપાટી વગેરે સ્થાનોમાં ફરવા નીસરી પડે છે તેમાં, ખાવાપીવામાં, સ્નેહીઓને મળવા મુકવામાં, વળી કેટલાક રાત્રે વેસ્યાને ઘેર જઈ પુન્ય ( મહાપાપ ) કરે છે ! તેમાં, એમ વખત વેંહેંચાઈ જાય છે. લોકોએ બીલકુલ નકામો વખત ન ગાળતાં સદાચરણ રાખીને થોડો ઘણો વખત બચાવાય તેટલો બચાવી ઈશ્વરભક્તિમાં લગાડવો. નિરંતર ભગતનું નામ અને ભગવાનને વિષે શરણભાવના ભુલવી નહીં. સ્ત્રી, ઘર, ધન વગેરે એકજ જન્મ માત્રના સાથી સાંસારિક પદાર્થોમાંથી ચિત્ત કહાડી નિરંતરસંબંધી પરમદયાળુ **શ્રી**કૃષ્ણના ચરણમાં ચિત્ત ચોંટાડવું. સારા વિદ્વાનો અને ભગવત્‌ભક્તોપર દ્વેષ ન રાખતાં સર્વમાંથી સાર લેવો. કોઇ પણ પ્રાણીનું બુરૂં ન કરવું. બને તેટલું સર્વનું સારૂં કરવું. **શ્રી**ભગવાન, **શ્રી**મહાચાર્યજી, ભગવદભક્તો, વેદ. ગીતાજી અને સ્વધર્મ ઉપર શુદ્ધ અંતઃકરણથી સદા ખરી ભક્તિ રાખવી. એજ મારી સર્વ વૈષ્ણવો પ્રત્યે ભલામણ છે અને લોકોને સદ્ધર્મમાં લગાડો એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે."

આ ઉપદેશની અસર સભામાં આવેલા વૈષ્ણવો ઉપરજ માત્ર નહીં, પણ સભામાં નહિ આવેલા એવા બીજા વૈષ્ણવો ઉપર પણ, તેનો હેવાલ વાંચી સાંભળીને ઘણીજ સરસ થઇ હતી. તેની સાબિતીમાં એટલુંજ જણાવવું બસ થશે કે તે ઉપદેશને ત્રીજે દિને અર્થાત્ જયેષ્ઠ વદ ૧૧ ને બુધવાર તારીખ ૮ મી જુલાઈએ એ મહારાજ પાસે ૨૦૦ કરતાં વધારે વૈષ્ણવોએ બ્રહ્મસમર્પણ લીધું હતું.

ત્યાર બાદ એકબે દિવસમાં મુંબઇથી કુચ કરી જવાના ઇરાદાથી ગોસ્વામિશ્રી દેવકીનંદનાચાર્યજીએ પોતાનો મુકામ ગ્રાંટરોડ

પાસે આવેલા શેઠ ચતુર્ભુજ મોરારજીને બંગલે રાખ્યો હતો. પરંતુ તેમને રહેવાને માટે અત્રેના ઘણા સંભાવિત વૈષ્ણવોએ વિનતિ કરવાથી એક અઠવાડિયું વધારે અત્રે થોભી ગયા હતા. એ અઠવાડિયામાંના છેલ્લા બે ત્રણ દિવસ તો શેઠ ચતુર્ભુજ મોરારજીએ અત્યાગ્રહથી મહારાજને રોકી રાખી, મુંબઈના સારા શેઠીઆ વૈષ્ણવોનો તથા શાસ્ત્રી વિદ્વાનોનો મેલાવડો પોતાને બંગલે કરાવ્યો હતો. અને મહારાજશ્રીને હાથે શાસ્ત્રીઓનો સત્કાર કરાવ્યો તથા તેમના મુખથી વૈષ્ણવોને સદુપદેશ અપાવ્યો હતો. વળી એ વખતે મહારાજશ્રીએ વૈષ્ણવ સંપ્રદાયને જે વડે મદદ મળે છે એવી, પંડિતશ્રી ગટ્ટૂલાલજીએ સ્થાપેલી વિદ્યા લક્ષ્મી પાઠશાળાને મદદ કરવા, તથા એક મોટું ફંડ ઉભું કરી નવી પાઠશાળા સ્થાપવા, તથા ધર્મ સંબંધી પુસ્તકો પ્રગટ કરવાને ત્યાં બેઠેલા સર્વે શેઠીઆઓને જે સૂચના કરેલી છે તે પર અમે તેમનું અવશ્ય લક્ષ ખેંચીએ છીએ.

આ મહારાજશ્રી સંવત ૧૯૪૧ ના અશાડ શુદિ ૫ વાર ગરેઉ તા૦ ૧૬-૭-૮૫ ને દિવસે વલસાડ તરફ પધાર્યા. એમને વીદાય કરવાને આસરે ૨૦૦ ગૃહસ્થો ગ્રાંટરોડના સ્ટેશન ઉપર હાજર થયા હતા. શેઠ ચતુર્ભુજ મોરારજીના બંગલામાંથી નીકળી અને રેલવેની ગાડીમાં ચઢતાં સુધી તેમનાપર વૈષ્ણવો પુષ્પવૃષ્ટિ કરી વારંવાર જય ઉચ્ચારણ કરતા હતા. ઇશ્વર પાસે પણ અમે એજ માંગીએ છીએ કે ગોસ્વામિશ્રીને જેવાં માન અને યશ મુંબઈમાં મળ્યાં છે તેવાં સર્વસ્થળે મળો; અને તેમના જ્ઞાનમાં દિનપરદિન વૃદ્ધિ કરી. તે જ્ઞાનનો લાભ વૈષ્ણવોને નિરંતર આપી એઓ ધર્મ વૃદ્ધિ કરતા રહે એવું એમના હૃદય કમળમાં વસાવો. તથાસ્તુઃ

સમાપ્તિમાં માત્ર એટલુંજ કહેવું બસ છે કે આર્યધર્મ અગાધ છે. તેનું સંપૂર્ણ જ્ઞાન મેળવી તે પ્રમાણે પોતાનું વર્તન રાખવાને ઘણા પ્રાચીન કાળમાં ઋષિ આદિઓને કદાચ બનતું હશે પણ તેવું દરેકજણથી બનવાનેમાટે પ્રવૃત્તિકાળનો આ સમય નથી.' અંગ્રેજી રાજનીતિ જોતાં પણ દેશ કાળ-સ્થિતિ-જોઇ,સામ-દામ-ભેદ-દંડ-થી જ્યાં જેમ અનુકુળ આવે તેમ, મેળવેલા મુલકોનો બંદોબસ્ત રાખવામાં આવે છે, તેજ પ્રમાણે આ સંપ્રદાયના પ્રવર્તક **શ્રીમદ્દવલ્લભાચાર્યજી** તથા તે પછીના તેમના કુળના કુશળ ધર્માધ્યક્ષોએ, આપણા આર્યશાસ્ત્રના દોહન માત્રને અવલંબીને, ઘણા પ્રાચીન **શ્રીવિષ્ણુસ્વામી**ના વૈષ્ણવ સંપ્રદાયનો, વખતને અનુસરી ફેલાવો કર્યો. જે સિદ્ધાંત ઉપર આ સંપ્રદાય અવલંબે છે તે, આ પુસ્તકના મુખપૃષ્ટ ઉપર ટાંકેલા નીચેના શ્લોકથી જણાઇ આવશે.

**एकं शास्त्रं देवकीपुत्रगीतम्**
**एको देवो देवकीपुत्र एव ।**
**मंत्रोप्येकस्तस्य नामानि यानि**
**कर्माप्येकं तस्य देवस्यसेवा ॥**

વેદ, ઉપનિષદાદિ આર્યધર્મશાસ્ત્રના અનેક ઉત્તમ ગ્રંથો છે, તે સર્વનું દોહન—તત્વ દર્શકશાસ્ત્ર-**શ્રી**મદ્ ભગવદ્ગીતા-એજ આ સંપ્રદાયનો પ્રથમતઃ માન્ય ગ્રંથ છે; આર્ય જનોએ તેત્રીસ કોટી દેવતા માનેલા છે, પરંતુ તે સર્વ દેવતાઓમાં શ્રેષ્ઠ આ સંપ્રદાયના અધિષ્ઠાતા તો દેવકીપુત્ર—**શ્રી**કૃષ્ણ ભગવાન એજ છે; આર્યશાસ્ત્રના અસંખ્ય જપમંત્રો છે. પરંતુ ભગવાનના નામરૂપી જે મંત્ર તેજ આ સંપ્રદાયને વિષે સર્વોત્તમ મંત્ર છે; અને અનેક પ્રકારના—સકામ વા નિષ્કામ—કર્મો છે તે સર્વમાં **શ્રી**કૃષ્ણ સ્વરૂપની સેવા એજ સર્વોત્કૃષ્ટ કર્મ છે. અર્થાત્ એજ આ સંપ્રદાયનું સિદ્ધાંત સ્વરૂપ છે.

# જાહેરખબરો.

## શ્રીમદ્વલ્લભાચાર્યજી વિરચિત-

શ્રીપુરુષોત્તમ સહસ્ત્ર નામ, યમુનાષ્ટકાદિ ષોડશ ગ્રંથ, સેવા-ફળ વિવરણ, પરિવૃઢાષ્ટક, મધુરાષ્ટક અને શિક્ષા શ્લોક; શ્રીગુંસાઈજી કૃત વલ્લભાષ્ટક પ્રભૃતિ અષ્ટકો; અને શ્રીહરિરાયજી કૃત કામાખ્ય દોષ વિવરણ વગેરે વૈષ્ણવોને નિત્ય પાઠ કરવાના

**પંડિતશ્રી ગટ્ટૂલાલજીએ**

તપાસી શુધ્ધ કરેલા નાના નાના ૩૨ ગ્રંથોનો સંગ્રહ.

કિંમત ૨૦ા ॥ આવૃત્તિ બીજી ટપાલખરચ આનો ૦ા

---

**વ્રજભાષામાં-**

શ્રીમદ્ વલ્લભાચાર્યજીના વૈષ્ણવસંપ્રદાય પ્રમાણે ઉત્સવો તથા વ્રતોની વાર્ષિક ટીપણી.

કર્તા-**પંડિતશ્રીગટ્ટૂલાલજી ઘનશ્યામભટ્ટજી.**

કિંમત ૧ આનો. ટપાલખરચ નં૦૧૦ સુધી ૦ા આનો.

---

કાશીવાળા વૈષ્ણવ **વ્રજ**ભૂષણદાસ **વ્રજ**ભવનદાસકૃત

**શ્રીવલ્લભવિલાસ ભાગ ૧ સંપ્રદાયપ્રકાશ.**

કિંમત ૧૦ આના ટપાલખરચ ૧ આનો.

---

ઘણીથોડી નકલો] **પ્રશ્નોત્તર.** [બાકી રહીછે.)

(ગોસ્વામી **શ્રીદેવકીનંદનાચાર્યજી**ની પધરામણી સમયે "એક વૈષ્ણવ" ની સહીથી બહાર પડેલા પ્રશ્નો તથા તેના ઉત્તરો

કિંમત ૧ આનો. પોસ્ટેજ નં૦૮ સુધી ૦ા આનો

---

☞ ઉપલા પુસ્તકો કાળકાદેવીને રસ્તે-"**પુસ્તક પ્રસારક મંડળીની ઓફીસ**"માંથી રોકડી કિંમતે મળશે.

## શિવપુરાણ—

વ્યાસજીનાં રચાયલાં અને તત્વજ્ઞાનથી ભરેલાં અઢાર પુરાણોમાંનું એક છે. તેનું ગુજરાતી ભાષાંતર સંવત્ ૧૯૪૧ ના કાર્તિક માસથી માસિક પુસ્તકરૂપે બહાર પડે છે–કિંમત વર્ષ ૧ ના રૂ ૩. તેમાં **જ્ઞાન સંહિતા. વિદ્યેશ્વરસંહિતા. સનત્કુમાર સંહિતા, વાયુસંહિતા, ધર્મસંહિતા, અને કૈલાસસંહિતા** એવી ૭ **સંહિતા** અથવા પ્રકરણો છે. નવ અંકમાં **જ્ઞાન સંહિતા**, અને ૧૦–૧૧–૧૨ અંકમાં **વિદ્યેશ્વરસંહિતા** આવી ગઇ છે; સંવત્ ૧૯૪૨ના કાર્તિકના અંકથી **સનત્કુમાર સંહિતા** શરૂ થઇ છે. ભક્તિજ્ઞાનયુક્ત ધર્મતત્વને ઉદ્દેશીને તેમાંના ઘણા પ્રસંગો જાણવા જેવા છે. આજકાલ અનેક વિષયોવાળાં અનેક માસિકો બહાર પડેછે. પરતુ સ્વધર્મવિષયક ગ્રંથો વાંચવાની રૂચિ લોકોમાં પેદા થઈ છે તે આ આર્યાવર્ત્તના ઉદયનાં સુચિન્હ છે. પુરૂષાર્થને પ્રાપ્ત કરાવનારી **શ્રીવેદ વ્યાસ ભગવાનની** વાણીનું રટન કરવું એ આ ક્ષણભંગુર સંસારમાં અક્ષય આનંદદાતા છે. પુરાણ ભાગમાં આવેલા વિષયો, પામર અને વિષયીજનોને ભાવો વા ન ભાવો, પરંતુ મુમુક્ષુઓને તો તે અમૂલ્ય જવાહિર છે

મુંબઇ જુની હનુમાનગલી } **ભટ નરોતમ અમરજી**
દલાલ પ્રેમજી પ્રાગજીનોમાળો. } **શિ૦પુ૦ભા૦ના૦વ્યવસ્થાપક.**

---


## ચુનીલાલ બાપુજી મોદીના રચેલા–

સરકારી કેળવણીખાતાએ ઈનામ તથા લાઇબ્રેરી માટે
પસંદ કીધેલાં પુસ્તકો–

**સિકંદર બાદશાહનું ચરિત્ર** કિંમત રૂ. ૧–૪–૦
**પીટર ધી ગ્રેટનું ( સચિત્ર ) ચરિત્ર** ,, રૂ. ૦–૧૪–૦

**નીચલે ઠેકાણેથી રોકડી કિંમતે મળશે.**

**મુંબઈ**—દામોદર ઇશ્વરદાસ મી૦ જહાંગીરજી બેજનજી, કરાણી બુકસેલર તથા "પુસ્તકપ્રસારક મંડળીની" આફીસમાં.
**સુરત**--ત્રિભોવનદાસ ગોપાલદાસ બુકસેલર ભાગાતલાવ.
**અમદાવાદ**—ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી.
**રાજકોટ**—ટ્રેનીંગ કાલેજમાં કર્ત્તા પાસે.
**ભૂજ**--કુમારશ્રી કાલુભાના ટયુટર કવિ શીવલાલ ધનેશ્વર પાસે.

| આગળથી રૂ૦૧ | # સુખસાધક. | ટપાલખર્ચ ૦ાા આનો. |
|---|---|---|

( સુધારા વધારા સાથે બીજી આવૃત્તિ. )

આગળથી થનારા ઘરાકોએ આવતા ફેબ્રુઆરી માસની આખર સુધીમાં તેની કિંમતનો રૂ૦૧ તથા ટપાલનો આનો અરધો, નીચેને સરનામે પોતાનું નામ ઠામ ઠેકાણું લખી મોકલવા મેહેરબાની કરવી. પાછળથી થનાર ઘરાકો પાસે, ઘરાકોના પ્રમાણમાં સવાઇ વા દોઢી કિંમત લેવામાં આવશે.

---

અન્નફળ-કંદમૂળ-શાકપત્ર-નો ખોરાક તેજ ઉત્તમ ખોરાક અને સ્વચ્છ જળનું પાન એજ ઉત્તમ પાન, ઈશ્વરી નિયમ જોતાં, મનુષ્યને માટે પ્રભુએ નિર્માણ કર્યા જણાયછે. અર્થાત્ માંસ-મદિરાનું અધમ ખાન પાન સૃષ્ટિ નિયમથી વિરૂદ્ધ છે. આવી નીતિ આપણા આર્યોની તો પરાપૂર્વથી ચાલી આવેલી છે; પરંતુ, આપણા રાજ્યકર્તા અંગ્રેજો, હુન્નર-કળા-કૌશલ્યમાં, સાંપ્રત કાળમાં ઘણા આગળ વધી ગએલા હોવાના કારણથી તથા ભૂતળ ઉપરના ઘણા પ્રદેશોમાં તેમની રાજ્ય સત્તા સ્થપાયાથી અને વિશેષે કરીને ધનને વિષે તેઓ આજ ને કાલ સર્વોપરી જેવા થઇ જવાથી "सर्वे गुणाः कांचनमाश्रयंति" જેવું તેમને માટે થઇ રહ્યું

છે. તેમાં આપણા દેશમાં તો તેમની અતિપ્રબળ રાજ્ય સત્તાના કારણથી, તેઓને પગલે ચાલવામાંજ જાણે સર્વે સુધારો આવી ગયો હોય તેમ થઈ રહ્યુછે. જ્યારે સર્વ સાધારણ આવીજ સમજ છે ત્યારે 'આભ ફાટે ત્યાં થીગડું કયાં દેવું ?' આ વાતમાં કેટલું સત્યછે તે વિચારવંતો જાણે છેઃ દારૂનું વ્યસન હાલ હાલ-આપણા દેશમાં ઘણું વધ્યુંછે અને તે પણ વળી Educated એટલે કેળવાયલા—સુધરેલા જેઓ પોતાને કહેવડાવે છે તેઓમાં બહુધા અંગ્રેજી કેળવણીના સંસર્ગથી બન્યુંછે. એમ કહેવાને હરકત નથી. આમ છે માટે, ખુદ અંગ્રેજોમાં ડાહ્યા પુરૂષો **માંસ મદિરાથી** કેવા મુક્ત રહે છે અને બીજાઓને પોતાના અનુયાયી બનાવવાને તન મન અને ધનથી કેવો પ્રયત્ન કરે છે તથા તેમ કરીને કેવા મોટા સુખને પામેછે- મીસકીનપણામાંથી એવો એક સિદ્ધાંતી કેવી ધનવંત સ્થિતિએ પહોંચ્યો-તે ખરેખર બનેલા બનાવની નોંધ આ પુસ્તકમા છે.

આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ સને ૧૮૮૩ ની સાલમાં કહાડેલી તેની ૧૦૦૦ નકલ માત્ર થોડાજ મહિનામાં ખપી ગઇ. વિદ્યાનુરાગી સદ્ગૃહસ્થોને તે ભાવ્યાથી તેમણે ૨૦-૨૫-૫૦-અને તેથીએ વધારે નકલો સામટી ખરીદવાથી પરચુરણ વેચા-ણ માટે તે રહી નહીં. તથાપિ વિવેચન કર્ત્તા તરીકે જેમનું ઘણું મહત્વ એવાં **ગુજરાત શાળાપત્ર**, **બુદ્ધિપ્રકાશ**, **વિજ્ઞાનવિલાસ** આદિ ચોપાનિયાં તથા **ગુજરાતી**, **મુંબઈ સમાચાર**, આદિ વર્ત્તમાનપત્રોએ પોતપોતાના વિવેચનમાં એ પુસ્તકને વિષે બતાવે-લી પ્રસન્નતાના કારણથી તેને વિષેની બીજા વાંચનારાઓની રૂચિને સંતોખવાનું અદ્યાપિસુધી મુલતવી રહ્યું. હવે તેમની તેવી રૂચિ

હજુસુધી ટકી રહીછે કે નહીં તે આ પુસ્તકના આગળથી થનારા ઘરાકોની સંખ્યા નાની મોટી થએ ખબર પડશે.

---

## પહેલી આવૃત્તિના અભિપ્રાયોનો ટૂંક સાર.

"ગુજરાતશાળાપત્ર"—મહા અગત્યનું આ પુસ્તક અમે અમારા સર્વે વાચનારાઓને ધ્યાન પૂર્વક વાંચવાની ભલામણ કરીએ છીએ. * * * **ભાષા શુદ્ધ અને રસિક થઈ છે.** એ એક વાર્તા રૂપે છે, પણ તે વાત બનેલીછે અને તે ઉપરથી મદ્યમાંસ નિષેધ સિવાય બીજી પણ ઘણી વાતનો બોધ મળેછે—દુનિયામાં એક કુટુંબ શી રીતે આબાદ થઇ શકે તેની ટૂંકી કુંચી આ વાતમાં સમાયલી છે. માટે એ ચોપડી વાંચ-વાની અમે ફરીથી સર્વેને ભલામણ કરીએ છીએ.

---

"બુદ્ધિપ્રકાશ"—ભાષા રસજી અને સમજનય તેવી છે. જે અંગ્રેજનું વૃત્તાંત છે તે પ્રથમ નિર્ધન અવસ્થામાં હતો, પણ માંસ મદિરા ત્યાગ કરીને સુઉદ્યોગે વળગવાથી લક્ષાધિપતિ થયો હતો. તેના બાઈડી છોકરાં, ચાકર નફરો તથા તેના ઘણા સો-બતીઓ તેના પ્રસંગ અને બોધથી એ નઠારા લતથી છૂટા થયા હતા. * * * કર્ત્તાની મતલબ એટલીજ છે કે તે ઉપરથી મ-ળતો બોધ લક્ષમાં લેઈ એ દુર્વ્યસનના કુછંદમાં પડેલા દેશીઓ તેનો ત્યાગ કરે. ખરેખર એ ઉદ્દેશ સ્તુતિપાત્ર છે. પરમાટી અને દારૂનો પ્રચાર દિવસે દિવસે વધવાની બૂમો ચાલેછે એ આપણા **પવિત્ર દેશના લોકોને શરમભરેલું છે.** જે લોકોને એ વસ્તુઓ વગર ચાલતુંજ નથી એમ કહીએ તો ચાલે તે લોકોમાંથી

આવા દ્રઢાત્મા નીકળી આવી તન, મન અને ધનથી સુખી થાય છે, ત્યારે આપણે તેનો કેવલ અનાદર કરનાર તેમાંથી એનો અ-હાર કરનાર નીકળે છે એ કેટલું ખેદકારક છે? **દરેક દેશીને એ ચોપડી વાંચવાની અમે ભલામણ કરીએ છીએ.**

---

**"વિજ્ઞાન વિલાસ"**-આજના સમયમાં દેશીઓમાં માંસમદિ-રાએ બહોળો છુપો ફેલાવો કર્યોછે. * * * દેખાદેખીથી દેશી-ઓમાં વધતો જતો આ રોગ અટકાવવાને મજબૂત ઉપાય લેવા જરૂરના છે. એ રોગથી થતાં નુકસાન અને ખુવારી જોતાં છતાં દેખીતી આંખે આંધળા થઇ માંસ મદિરાના દુ:ખ દરીઆ-માં દેશીઓ પડેછે (!) **સુખસાધક** ના પ્રસિદ્ધ કરનારે દેશી-ઓને ઉપર કહેલા દુ:ખના દરિઆમાં ડુબતા અટકાવવાનો હેતુ રાખ્યો છે * * * ભાષા સહેલી અને અસરકારક છે.

---

"ગુજરાતમિત્ર"—સુખસાધક * * * ખચીત દરેક માણસને વાંચવા લાયક છે. * * * સાર ઘણો કિંમતી છે. ધ્યાન બહુજ અછી રીતે મનપર અસર થાય એવું કરેલું છે. * * * ભાષા ઘણીજ સારી અને અછી ઢપથી લખેલી છે. એ નાનકડું પુસ્તક દરેક માણુસના શિક્ષક તરીકે ઘણુંજ કિંમતી છે. વિશેષે કરીને દારૂમાંસના ભક્ષણ કરનારાઓને તો એ બહુ-જ શિક્ષા આપનારૂં છે, માટે દરેક જણુને એ વાંચવાની અમે ભલામણુ કરીએ છીએ. * * *

---

"ગુજરાતી"—"સુખસાધક" નામના પુસ્તકની ભેટ સ્વીકારતાં અમે તેના કર્તાની અતિશય પ્રશંસા કરીએ છીએ.

અને જ્યારે ઠામ ઠામ દારૂ ને સુપ મીટ લેવાનો રીવાજ ચાલ્યો છે ત્યારે એ આર્ય રીતિને અનુસરતું પુસ્તક શિક્ષણીય થશે. * * * એમાં મદિરાપાનથી થતી પૈસાની ખુવારી અને બીજા માઠાં પરિણામનો ઘણી અસરકારક રીતે ચિતાર આપ્યો છે. ભાષા સારી શુદ્ધ, સરલ અને હાલના 'સંસ્કૃતમય ગુજરાતી' લખનારાઓને ધડો લેવા જોગ છે. તેમાં વચ્ચે વચ્ચે સુરસ કહેવતો અને યોગ્ય વચનો લખી આ નહાના પુસ્તકને ઘણું રસિક કીધું છે. હાલ દારૂનું વ્યસન ગુજરાત તેમજ કાઠીઆવાડમાં મુખ્યત્વે કરીને ઊંચી બ્રાહ્મણ વાણીઆની ન્યાતોમાં મજબૂત પગપેસારો કરતું ગયું છે. ઊંચી કેળવણીવાળા જુવાન વિદ્વાનોને મદિરાના ભોગી થતા અમે આંખે જોઈએ છીએ અને ગુજરાતના આખાં કુટંબો આ બુરા વ્યસનથી પાયમાલ થતાં જાય છે. ખચીત આવા વખતમાં આ લઘુ પુસ્તક ઘણુંજ વેળાસર બહાર પડ્યું છે અને દરેક કુટુંબમાં એનો બોહોળો ફેલાવો થવાની જરૂર છે. આશા રાખીએ છીએ કે રાવ સાહેબ મહીપતરામ સરકારને ભલામણ કરી આ નાનું પુસ્તક ઇનામ ખાતે રખાવશે, કે બચ્ચાંઓના મનપર એની અસર મૂળથી થતી આવે.

---

"મુંબઈસમાચાર"—"સુખસાધક" યાને આર્યોને ધડો લેવા લાયક માંસમદિરા ત્યાગી એવા એક અંગ્રેજ ગૃહસ્થનું ટૂંક વૃત્તાંત. એ ચોપડી અત્રેની "ગુજરાતી સોશીયલ યુનીયન" નામની મંડળીના એક સભાસદ તરફથી પ્રગટ થએલી છે. * * * હાલના જમાનાના સુધરેલાનાં નામથી જણાયલા કેટ-

લોક હિંદુ જવાનોમાં માંસ તથા દારૂનો ઉપયોગ કરવાનો શોખ ફેલાતો જવાની ફરિયાદ ચાલે છે, તેવા વખતમાં તેમને નસીહત આપવાની નેમથી આ ''સુખસાધક''ને જન્મ આપવામાં આવ્યો છે. જે અંગ્રેજોને પગલે ચાલી કેટલાક સુધરેલા કહેવાતા હિંદુઓ માંસમદિરાનો છુટથી ઉપયોગ કરે છે, તેજ ઇંગ્રેજોમાંનો એક એ વસ્તુઓનો સદંતર ત્યાગ કરી તેના ફાયદાઓ સમજાવે, તો તેથી તેઓના મનઉપર વધારે સારી અસર થવાની વકી બેશક રાખી શકાય.

આ ચોપડીમાં એક ઇંગ્રેજની જીંદગીનો જે હેવાલ છે તે ધ્યાનમાં રાખવા જોગ છે. તે અંગ્રેજ ગૃહસ્થ પહેલવહેલાં કેવલ નિર્ધન હાલતમાં હતો. જવાન વયમાં દારૂ તથા માંસના ઉપયોગની વિરૂદ્ધમાં લખાયલાં કેટલાંક નાનાં પુસ્તકો તેના વાંચવામાં આવ્યાંથી તેના મનઉપર તેની સારી અસર થઈ; અને મજબૂત વિચાર રાખી તેણે એ બંને વસ્તુઓનો ત્યાગ કર્યો; અને સાદો ખોરાક, કરકસર, ઉદ્યોગ, પ્રમાણિકપણું, મિતાહારપણું વગેરે બીજા ગુણો પણ તેણે અખત્યાર કરવાથી તેની સ્થિતિમાં દિનપરદિન સુધારો થતો ગયો. સારે ભાગ્યે તેની પરણેતર પણ તેનાજ જેવા ગુણોની મળી અને બંને જણ પોતાના ભેગા દાખલાથી પોતાના બાલકો, નોકરો, કેટલાક મિત્રો વગેરે ઉપર પણ સારી અસર કરી ગયા. અને પોતાના સદ્ગુણોની મદદથી, ગરીબ સ્થિતિમાંથી વધીને દોલત તથા દરજ્જાવાળાં થયાં. * * *

પોતાનો અસલી સીધો માર્ગ છોડી આડે રસ્તે જતા આર્યબંધુઓને તેમની ભુલ બતાવવાની આ પુસ્તક પ્રગટ કરનારની

કોશેશ સ્તુતિપાત્ર છે. * * * પુસ્તકમાં કરેલી ભલામણ બંધ બેસ્તી અને માન્ય કરવા જોગ છે. * * * માંસ તથા દારૂના ઉપયોગ સામે આથી વધારે કઠણ વિચારો મળવા અમો મુશ્કેલ ધારીએ છીએ. * * * દારૂ તથા બીજી કેફી વસ્તુઓનો ઉપયોગ ગેરરીતે અને બેપરેહેજીથી કરનારાઓ માટે પણ એ ચોપડી ઉપયોગી અને ચાનક આપનારી છે. ઉછરતા જવાનોને તે વાંચવાની અમો મજબૂત ભલામણ કરીએ છીએ.

---

'બાળમિત્ર'—"સુખસાધક"ની એક પ્રત અમોને તેના કર્તા **રા. રામદાસ કાશીદાસ** મોદી તરફથી ભેટ દાખલ મળી છે. * * * ચાકરી ધંધા વગરના રખડતા ફરતા નિરૂદ્યમી અને અપ્રમાણિક માણસ જો લક્ષ દઈને વાંચે તો તે પોતાના હિતનું તેમાંથી ઘણુંજ મેળવી શકે તેમ છે. ચાકર પ્રત્યે શેઠનો ધર્મ અને શેઠ પ્રત્યે ચાકરનો ધર્મ પણ (એમાં) યથાર્થ બજાવ્યો છે. * * * ધનની સારી પ્રાપ્તિ થયા પછી પોતાના વૈભવમાં કાઢેલો વધારો હાલના લક્ષાધિપતિ શેઠીઆ-ઓને લલચાવે તેવો છે. * * * આવાં બોધકારક પુસ્તકો એક કરતાં વધારે નીકળવાં જોઈએ. અને તેનો ફેલાવો ૧૦૦૦૦૦ નકલો જેટલો થવો જોઇએ. આટલી નકલો પણ હિં-દુસ્થાનમાં, તંબાકુ, ગાંજો અફીણ અને દારૂ વિગેરે વ્યસન જે વિસ્તારમાં ફેલાયાં છે તે બંધ પાડવાને પુરતી ગણાશે નહીં.!!! * * * હાલમાં કેટલાકો પૈસા મેળવવાની લાલચે નિર્માલ્ય પુ-સ્તકો બહાર પાડી લોકોને કંટાળો આપેછે, તે કરતાં અમારી, તપાસનું આ નાનું પણ સોનાના મૂલ્યની નસીઅત આપનારૂ

પુસ્તક લોકોને ઘણુંજ ઉપયોગી, સ્ત્રી પુરૂષોને બોધકારક અને હિંદુ ઘરસંસાર સુધરાવટમાં નવું અજવાળું પાડે તેવું છે. માટે તે પુસ્તકની સેંકડો નકલો ખરીદવા એક તરફથી જેમ **ગુજરાત વર્નાક્યુલર લીટરેચર કમીટીને** અમે મજબૂત ભલામણ કરીએ છીએ, તેમ બીજી તરફથી દરેક કુટુંબીને ઓછામાં ઓછી તેની એક નકલ પણ ખરીદી રાખવાને અમારી સૂચનાછે. આ એક નકલ તેમને કેટલો મૂલ્યવાન ફાયદો કરશે તે અમારા કહેવા કરતાં તેઓએ પોતાના કુટુંબમાં તેને વંચાવી તેનો અનુભવ લેવાથી માલમ પડશે. * * * આ પુસ્તક વાંચનારાઓને વધારે ઉપયોગી થઇ પડે તેવી ઢબછપથી લખવામાં આવ્યું છે. તેમાં વાપરેલી ભાષા તે **ખરી ગુજરાતી ભાષા છે.** કોઈ પણ પુસ્તક તેમજ વિષયને રસિક અને બોધદાયક કરવાને ઠામ ઠામ યોગ્ય વચન અને કહેવતની વધારે જરૂર છે. એ જરૂરીઆત પાને પાને પૂરી પાડેલી અમે જોઈએ છીએ. વળી હાલમાં કેટલાક વિદ્વાનો, પોતાની વિદ્વત્તા બતાવવા સારૂ, સંસ્કૃત મિશ્રિત ગુજરાતી શબ્દો શોધી શોધીને મૂકવાની મોટાઈને લીધે, સ્વાભાવિક વિચારોમાં આવતા ગુજરાતી શબ્દોનો અનાદર કરેછે તેમ **ભાઈ રામદાસે** કર્યું નથી. પણ સ્વાભાવિક રીતે વિચારોમાં આવતા ગુજરાતી શબ્દોથીજ લખાવટ કરવાની જે ઉત્તમ રીત તે તેમણે પસંદ કરેલી અમે જોઇએ છીએ. આથી આ પુસ્તક થોડું પણ ગુજરાતી લખી વાંચી જાણનાર સ્ત્રી પુરૂષો સુદ્ધાં સમજી તેનો યથાર્થ ઉપયોગ કરી શકે તેવું છે. * * * આ પુસ્તક લખવાને ગાળેલો કાળ કિંમતી છે, લીધેલો શ્રમ સ્તુતિપાત્ર છે અને છપાવવા પાછળ ખરચેલાં નાણાં સાર્થક છે.

"જ્ઞાનવર્ધક"—"સુખસાધક" એક અચ્છું વાચવા લાયક ચોપાનિયું છે. * * * આજને કાલ સુધારો એ શબ્દ હિંદુસ્થાનની દરેક કોમમાં એક ખાસ બાબત થઈ પડી છે અને ખરો "સુધારો" શું છે તથા શા મધ્યે છે તેની ખબર રાખ્યા વગર અંગ્રેજી સુધારાની વાંદર નકલ કરી પારસીઓ પોતાની અસલી રાહ રીતિ તજી અંગ્રેજી ઢપનાં કપડાં પહેરવામાં ખરો સુધારો સમજેછે. તેમજ હિંદુઓ, માંસ–મદિરા અને "કોટ"–'પાટલુન' માં સુધારો સમાયલો સમજે છે! તેવા વખતમાં 'સુખસાધક' જેવાં પુષ્કળ ચોપડી–ચોપાનિયાં નીકલવાં જોઈએ છે. એવા ખરા દ્રષ્ટાંતોપુર પુસ્તકોથી આપણા નકલી સુધારકોની સુદ્ધ કાંઇ બી ખુલશે ખરી (!!!) * * * વિલાયતમાં એવી ચોપડીની જ્યારે લાખો નકલો થોડા વખતમાં ખપી જાય ત્યારે અત્રે શું તેની એક હજાર પ્રત પણ નહીં ખપશે? અમો દરેક ભલા દેશીને ભલામણ કરીએ છીએ કે આ "સુખ સાધક" ની નકલો ખરીદ કરી તેનો ફેલાવો કરવો–આ એક ખરૂંજ ધર્મી કામ છે. અને હિંદુઓ જીવ જંતુઓને ખાંડ કે આટો નાંખવા માટે તેનાં દરોની શોધમાં ફરેછે, ત્યારે આતો ભક્ષ થતાં મોટાં જનાવરો તથા દારૂની ખરાબીને આધીન થઈ મરણ પામતા માણસોનો બચાવ કરનારૂં એક ખરૂં સાધન છે. અને તે સાધનનો ખરો ઉપયોગ કરવા-કરાવવાને જેટલો બી શ્રમ લેવામાં આવશે તે સઘળાનો હિસ્સો ધર્મ અને ધર્મ શિવાય બીજા કશામાં જવાનો નથી.

---

"*The Student's Friend.*"—*Sukha Sádhak* or The means of becoming happy. * * * This book ought to be read by all persons, males as well as females, young and old for it inculcates the healthy principles of thrift and self-help, even if we lay aside the question of abstinence from the use of spirits. The Publication is very opportune at this time, when complaints are heard from almost all parts of India, of the drunkenness and foppery that are gaining ground among the so called reformed youths of the land. We shall be glad to see adaptations from it into all the Vernacular dialects of India. (!!!) * * * We hope to see it pass through several editions. * * *

---

"*The Times of India*" in its leader on Native Publications, under date the 18th May 1885. observes of "*Sukha Sádhak*" as follows :—

'A curious translation in Gujarati entitled "Attainment of happiness or a short autobiography of an English gentleman, who abstained from eating flesh and drinking spirituous liquors" from which the Indian Aryans can take a lesson.'

---

આ પ્રમાણે અભિપ્રાયોનો સારાંશ માત્ર લેતાં આટલાં પાનાં ભરાઈ ગયાં, એટલે બીજાં ઘણાં છાપાં, ચોપાનિયાં તથા [દીવાન બહાદૂર મણિભાઈ જસભાઈ, રાવબહાદૂર ભોળાનાથ સારાભાઇ, રાવસાહેબ દલપતરામ પ્રાણજીવન ખખ્ખરઈ૦ઈ૦]સુજ્ઞગૃહસ્થો ના અભિપ્રાયો અત્રે દાખલ કરવાનું માંડી વાળવાની ફરજ પડે છે, કેમકે તે સર્વે દાખલ કરવા જતાં તો 'બાવા કરતાં જટા મોટી' જેવું થઇ જાય—આટલા લંબાણને માટે પણ વિવેકી વાંચનારાઓની ક્ષમા માગવી પડે છે. પરંતુ તેમ કરવાનું કારણ ઉઘાડું છે. નાનાં મોટાં કંઇક પુસ્તકો કંઈક લખનારાઓ તરફથી આજ ને કાલ બહાર પડે છે અને સારા સારા ગ્રંથ કર્ત્તાઓ વાજબીની રાહે ફરિયાદ કરે છે કે ગ્રંથો લખવાનો શ્રમ લઇને વળી 'ગાંઠના ગોપીચંદન' પણ કરીએ કે ? આવા વખતમાં અગર જોકે હિંદુ વિવેચન કર્ત્તાઓ તરફથીજ માત્ર નહીં પણ "સુખસાધકની ઘણી આવૃત્તિઓ થઈ હજારો બલકે લાખો નકલો ખપવી જોઇએ" ! એવી પારસી સભ્યજનોએ અભિનંદનપૂર્વક બતાવેલી ઇચ્છા પ્રમાણે અમલ થવાને, જ્યાં સુધી આપણા ગુજરાતી ભાઈઓમાં વિલાયતના જેવો વાંચવાનો શોખ પેદા થયો નથી ત્યાંસુધી, બીજો શો રસ્તો? હાથમાં ટીપણું લઇ માનના ભૂખ્યા બડેજાઓ શેઠિઆઓ આદિની ખુશામત કરવાનું તો જેમનાથી બને તેમનાથીજ બને. ગમે તેવો સારો ગ્રંથ હોય તોપણ સરકારી શાળાઓમાં ઈનામ આપવા લાયકનો તે ઠેરવવા માટે તો પુસ્તકની પાત્રતા સિવાય સરકારી કેળવણીખાતાસાથે પહોંચતા ચંદ્રમા હોવા જોઈએ. નવા અને નિસ્પૃહી લખનારાઓને ગુજરાતી પુસ્તક પ્રેક્ષક કમીટી કેવો ઇન્સાફ આપે છે તે વિષે કડવી ફરીઆદ વારંવાર

જાહેરમાં આવી છે તેથી કોણ અજાણ્યું છે? જ્યારે આમજ છે ત્યારે (૧) ગર્ભશ્રીમંતો એટલે પાંચ પૈસાની ગાંઠ જોડવી પડે તો તે પણ જેઓ જોડી શકે તેવા (૨) લાગવગવાળા અને (૩) મોટા લોકોને ઘેર ઘેર રખડીને ખુશામત કરનારા સિવાયના વચલે વાંધેના નવા ગુજરાતી લખનારાઓને બહાર પડવાની ઉમેદ તે ક્યાંથી થાય? તેમાં પણ આવા એકાદ છુટા છવાયા નાના પુસ્તકની વેઠમાં પડવાને પરવારતા તે કેટલા!

મુંબઇ કાળકાદેવી ઘર નં૦ ૬૪<br>ઠા૦ ખીમજી ઓદાણીનો માળો.<br>તા૦ ૩૧ મી નવેમ્બર ૧૮૮૫. } રામદાસ કાશીદાસ મોદી.

---


કિંમત ૩૦। | **કચ્છમહોદય.** | ટપાલનો આનો૦॥

**પંડિતશ્રી ગટ્ટૂલાલજીના રચેલા**

**સંસ્કૃત કાવ્યનું-ગુજરાતી ભાષાંતર.**

કચ્છના રાજકુળની ઇતિહાસિક હકિકત-

રાજા પ્રજાના ધર્મ આદિ વિષયો.

વેચનાર—મુંબઇ-જેઠારામ મુકુંદજી બુકસેલર-મામાદેવી.

દામોદર ઈશ્વરદાસ ,, રામવાડી.

સુરત-ત્રિભોવનદાસ ગોપાળદાસ ,, ભાગાતળાવ.

અમદાવાદ-ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી ઓફીસ.

## પ્રસિદ્ધ પંડિત ગટ્ટુ

### આર્ય સમુદ્ર

પુસ્તક ૧ અંક ૧, ૨, ૩, ૪, ૫ અને ૬
૨ ,, ૧, ૨, ૩ અને ૪.

બાબતો—અપૂર્વ ચમત્કારવાળી કવિતા. કામંદકીય નીતિસારનું ટીકાનુસાર ભાષાન્તર, સ્મૃતિ વાની આવશ્યકતા. ધર્મનું એક પણ પગથિયું ચુકવું ન વસંતઋતુનું વર્ણન, કળિમહિમા. ભક્તિમાર્ગોપયોગી સંસ્કૃત વિદ્યાનો હેવાલ. વિદ્યાથી થતા લાભ વિષે મુકુંદનો ઇતિહાસ, શ્રીકૃષ્ણ, બલભદ્ર ને ઉદ્ધવજીની સ.

કિંમત છુટક અંક ૧ ના આના બે.

સામટાં ૧૧ અંકો છુટા લેનારને રૂ૦-૧૨-૦ બહાર ગામના ગ્રાહકને
,, ,, નાં બાંધેલા પુસ્તકના રૂ૦-૧૪-૦ પોસ્ટેજ આના ૨.

☞ મુંબઈ કાળકાદેવીને રસ્તે "પુસ્તક પ્રસારક મંડળી"ની ઓફીસમાંથી મળશે.

સ્ત્રીપુરૂષ ઉભયને અત્યુપયોગી ૩ ફારમનું માસિક.

# પ્રિયંવદા.

### રાવસાહેબ મણિલાલ નભુભાઈ દ્વિવેદી

શામળદાસ કોલેજના સંસ્કૃતના પ્રોફેસર—

તરફથી સને ૧૮૮૫ ના આગષ્ટ માસથી બહાર પાડવામાં આવે છે. ડીસેંબર સુધીના પાંચ અંકોમાં વર, શારીર વિદ્યા (ચાલુ), સાહિત્ય, સ્ત્રીઓના આચાર વિષે વિચાર, સ્ત્રીઓને ભણવાથી હાનિ થાય છે? જુના રિવાજ ખોટા છે? વિકાર ચોવીશી, ગુલાબસિંહ (એક વાર્તા). પતિવ્રત, ભાષા કેવી જોઈએ? ૬૦ ૭૦ બાબતો આવી છે તથા નવેંબરના અંકથી એડીસનના સ્પેક્ટેટરની ઢબ ઉપર આર્યનીતિના આગ્રહી વિદ્વાનની કલમથી સંસાર સુધારા સંબંધી એકેક અમુલ્ય વિષય લખાય છે

ગ્રાહક થવા ઈચ્છનારે લવાજમ સાથે પોતાનું નામ, ઠામ "પ્રિયંવદાના તંત્રીને" ભાવનગર લખી મોકલવું.

(વૈષ્ણવ-ગુરૂ-ધર્મ-કર્મ)પ્રગટ કર્તા.

# સૂચના.

"વૈષ્ણવ-શુદ્ધ-ધર્મ કર્મ." નીચે લખેલા બુક-ે ત્યાંથી રોકડી કિંમતે મળશે.

મુંબઈ—રામવાડીપાસે દામોદર ઈશ્વરદાસ.

,,—મામાદેવી આગળ જેઠારામ મુકુંદજી.

,,—કાળકાદેવીપાસે આર્યન ટ્રેકટ એંડ બુકડીપો.

,,—કોટ–હોળીચકલામાં શેઠ ગોકળદાસ તેજપાળ ધર્મખાતાના સેક્રેટરીની ઓફીસમાં રા.રા. મહાસુખરામ હરગોવિંદ પાસે.

સુરત—ભાગાતલાવ ત્રિભોવનદાસ ગોપાળદાસ.

,,—નાણાવટ કરસનદાસ નારણદાસ.

અમદાવાદ—ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી.

વલસાડ—દ્વારકાદાસ પરભુદાસ.

કાશી—રંગીલદાસના ફાટકમાં વૈષ્ણવ વ્રજભુખણદાસ વ્રજભવનદાસ.

નડિયાદ—રૂગનાથજીપોળ,નારણદાસ હીરાચંદ.

ભરૂચ—હાજીખાનાના બજારમાં ચીકાંટા પાસે ગોળવાળા આશારામ નરોતમ.

એ સિવાય ગુજરાત, કચ્છ, કાઠીઆવાડ સિંધના મુખ્ય મુખ્ય શેહેરોના જાણીતા બુકસેલરો પાસેથી.

જથાબંધ નકલ ખરીદવા ઇચ્છનારે મુંબઇ કાળકાદેવીને રસ્તે ઘરન ૭૬૪ અથવા કોટમાં મેસર્સ પેન ગીલબર્ટ અને સયાણી સોલીસીટરોની ઓફીસમાં નીચે સહી કરનારને પત્ર લખવો અગર જાતે મળવું.

રામદાસ કાશીદાસ મોદી.